# કહેવત સંગ્રહ

(૧૩ માળાઓ)

સં. લેખન

**વિષ્ણુ મહંત**

(M.Com., M.Ed.)

-: પ્રકાશક :-

**એમ. એમ. સાહિત્ય પ્રકાશન**

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

મહાવીર માર્ગ, આણંદ-૩૮૮૦૦૧

**KAHEVAT SANGRAH**

by ***Vishnu Mahant***

Shihol Ta. Petlad Dist. Anand M. 9998385365

પ્રથમ આવૃત્તિ : ૨૦૧૪

નકલ : ૧૦૦૦

મૂલ્ય રૂા. :

**કહેવત સંગ્રહ**

વિષ્ણુ મહંત

-: ટાઈપ સેટીંગ :-

Mayur's

-: વિક્રેતા :-

**એમ. એમ. સાહિત્યપ્રકાશન**

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

મહાવીર માર્ગ, આણંદ

-: મુદ્રક :-

**અર્પણ પ્રિન્ટરી, આણંદ**

# અર્પણ

સદા સાહિત્ય પીરસતા

મારા સ્નેહી મિત્ર.....

**યાકુબભાઈને**

## પ્રસ્તાવના....

જો કોઈ માણસનું સારું જીવન જીવવા ઈચ્છતો હોય તો તેના જીવનનાં બધાં જ પાસાં યથાયોગ્ય હોવાં જોઈએ. જો એમ નથી તો તેણે તે યોગ્ય બનાવવા પ્રયત્ન કરવો પડે. પણ મુશ્કેલીની વાત એ છે કે આપણી પાસે આ માટેના સ્ત્રોત શોધવાનો સમય નથી.

હવે જો આપણે સમય હોય અને જીવન સુધારવા ઈચ્છતા હોઈએ તો સારાં પુસ્તકો વાંચીએ. કોઈ સારા જ્ઞાની માણસ સાથે મળીએ તેની સાથે સત્સંગ કરીએ. આપણે કોઈ સભા, સેમિનાર કે કથા પ્રસંગે જઈએ લાભ લઈએ પણ દુઃખ એ વાતનું છે કે આપણે એ ઈચ્છતા હોવા છતાં આપણી પાસે સમય નથી. તો એવું કોઈ સાધન ખરું કે બહુ જ ક્ષણિક સમય આપી ઘણું બધું છે કે જેમાં ક્ષણિક વાંચન, માત્ર એક વાક્યના જ વાંચનમાં આપણે કોઈ જીવનબોધનો ઝબકારો મેળવી શકીએ. કોઈ મહાન પુરુષના અનુભવ જ્ઞાનને એક વાક્યમાં મેળવી શકીએ. તો તે સ્ત્રોત છે ‘‘કહેવત’’. એટલે કે મહાન પુરુષની અનુભવ સિદ્ધ ‘‘ઉક્તિ.’’

કહેવતો વર્ષોથી પોતાનું આગવું સ્થાન ધરાવે છે જે માત્ર એક ક્ષણમાં આપણું જીવન બદલી શકે છે.

મેં અહીંયાં એવી કહેવતોની તેર માળાઓ આપી છે. આપ આપના ઈષ્ટદેવને યાદ કરી તે દરેકમાં આપેલા ૧૦૮ મણકા ધ્યાનથી, મનનથી, હૃદયથી વાંચી જજો. જે કોઈ મંત્ર તંત્ર નથી પણ કોઈ મહાન

માણસે અનુભવીને તેના જીવનનો કહેલો અર્ક છે.

આ એક કહેવત સંપૂટ છે જેમાં અનેક મહાન માણસોની ઉક્તિઓ આપેલી છે. આપના પરિવાર, બાળકો, શાળામાં નિત્ય સાહિત્ય ફેનલ બોર્ડ પર લખવા માટે આમ અનેક રીતે ઉપયોગી બને તે હેતુથી આ કહેવત સંપૂટનું પુસ્તક. 'કહેવત સંગ્રહ' આપના હાથમાં મૂકું છું.

**વિષ્ણુ મહંત**
સિંહોલ, તા. પેટલાદ જિ. આણંદ-ગુજરાત
૯૯૯૮૩ ૮૫૩૬૫, ૯૯૯૮૧ ૯૯૯૨૮

# ::: અનુક્રમણિકા :::

૧. વિશ્વાસની માળા ---------- ૧
૨. ખુશમિજાજની માળા ---------- ૧૬
૩. વિજયની માળા ---------- ૩૦
૪. દીર્ઘાયુષ્યની માળા ---------- ૪૪
૫. મહત્વાકાંક્ષાની માળા ---------- ૫૮
૬. અનામતબળની માળા ---------- ૬૮
૭. રજૂઆતની માળા ---------- ૮૩
૮. નિર્ભયતાની માળા ---------- ૯૫
૯. ઉત્સાહની માળા ---------- ૧૦૯
૧૦. આવડતની માળા ---------- ૧૨૪
૧૧. ચારિત્ર્યની માળા ---------- ૧૩૭
૧૨. રીતભાતની માળા ---------- ૧૫૦
૧૩. કાર્યક્ષમતાની માળા ---------- ૧૬૫

# આ પહેલી વિશ્વાસની માળા માટે નીચેના ૧૦૮ મણકા ફેરવવા

૧. આત્મવિશ્વાસ વગર સફળતા મળતી નથી.
- રામકૃષ્ણ પરમહંસ

૨. અડગ વિશ્વાસ જ જીવનને આગળ ધપાવે છે અને આ છે તે જ સત્ય - શ્રી અરવિંદ

૩. વિશ્વાસ વિશ્વનો શ્વાસ છે, પ્રેમ અને વિશ્વાસથી જીવન ચાલે છે. - શ્રી અરવિંદ

૪. શ્રદ્ધા એટલે આચરણમાં મૂલવવા લાયક પ્રેમ. - સહજાનંદ સ્વામી

૫. ડરો નહિ, શ્રદ્ધા રાખો, મારા નામને કારણે બધા તમને



ધિક્કારશે, પરંતુ જે અંત સુધી ધીરજ ધરશે તેનો ઉદ્ધાર થશે. - ઈસુ ખ્રિસ્ત

૬. શ્રદ્ધા વિના વિદ્યા સંભવિત નથી, જ્ઞાનનો આરંભ શ્રદ્ધાથી થાય છે. - વિનોબા ભાવે

૭. ઉત્કટ ઝંખના અને પૂરી શ્રદ્ધાથી ઈશ્વર માતા-પિતા, સખા બને છે અને સેવક તરીકે ધ્યાન પણ રાખે છે. - વિષ્ણુમહંત

૮. પ્રભુની દિવ્ય કરુણામાં આપણી શ્રદ્ધા પૂરે પૂરી મૂકી હોવાથી આપણે સુષુપ્ત મનમાં રહેલી હારની બંધ લાગણીને જીતી શકીશું. - શ્રી માતાજી

૯. જ્યાં સુધી પંડમાં જ ભરોસો રહ્યો ન હોય ત્યાં સુધી તેત્રીસ કરોડ દેવ-દેવીઓમાં શ્રદ્ધા રાખવાથી કંઈ વળતું નથી - સ્વામી વિવેકાનંદ

૧૦. પહેલાં તમે પોતાની જાતમાં વિશ્વાસ રાખો, પછી ઈશ્વરમાં અને પછી અન્ય માણસોમાં. - સ્વામી વિવેકાનંદ

૧૧. આત્મશ્રદ્ધા કેળવી, એ શ્રદ્ધાના પાયા ઉપર ઊભા રહો અને બળવાન બનો. - ગાંધીજી

૧૨. મહાપુરુષોના જીવનમાં સૌથી વધુ પ્રવર્તક જો કોઈ શક્તિ હોય તો તે આત્મશ્રદ્ધા છે. પોતે મહાન થવા માટે નિર્માયા

છે એવી જન્મથી છે એવી જન્મથી સભાનતાને કારણે તેઓ મહાન થયા. - સ્વામી વિવેકાનંદ

૧૩. જગતનો ઈતિહાસ એટલે જે થોડા મનુષ્યોને પોતાની જાતમાં શ્રદ્ધા હતી એવા મનુષ્યોનો ઈતિહાસ. - સ્વામી વિવેકાનંદ

૧૪. મનુષ્યો વચ્ચેનો ભેદ એ તેમની શ્રદ્ધાનો તફાવત છે. આ શ્રદ્ધા જ એક માણસને મહાન અને બીજાને નીચો બનાવે છે. - સ્વામી વિવેકાનંદ

૧૫. માનવજાતિના સમગ્ર ઈતિહાસમાં સઘળા મહાન લોકોમાં આત્મશ્રદ્ધા જ મહત્ત્વનું પ્રેરકબળ રહ્યું છે.

૧૬. એકવાર માણસ પોતાની જાતને તિરસ્કારવા લાગે એટલે તેની પડતીના તમામ દરવાજા ખુલ્લી જાય છે. - સ્વામી વિવેકાનંદ

૧૭. શ્રદ્ધા, શ્રદ્ધા, શ્રદ્ધા, પોતામાં શ્રદ્ધા, ઈશ્વરમાં શ્રદ્ધા ! મહત્તાનું આ જ રહસ્ય છે. - સ્વામી વિવેકાનંદ

૧૮. જીવન પ્રત્યે જેટલી શ્રદ્ધા વધારે એટલું અમરત્વ વધુ હોય છે. - રવીન્દ્રનાથ ટાગોર

૧૯. ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રાખવી તેથી કોઈ કઠણ



સાધના પણ નથી અને તેથી કોઈ મારી પ્રાપ્તિ પણ નથી. - વચના મૃત

૨૦. જ્યારે તમે ભયનો પ્રત્યક્ષ સામનો કરો છો ત્યારે તમે જે ન કરી શકતા હો એ જ તમારે કરવું જોઈએ એવો આત્મવિશ્વાસ તમને દરેક અનુભવમાંથી પ્રાપ્ત થાય છે. - એલિનોર રૂઝવેલ્ટ

૨૧. જૂઠું બોલનાર માણસને મોટું નુકશાન એ જાય છે કે તે સાચું બોલે છે, ત્યારે પણ તેનો કોઈ વિશ્વાસ કરતું નથી. - અણજાણ

૨૨. શ્રદ્ધા તર્કશક્તિ કરતાં વધુ બળવાન છે, કારણ કે જ્યાં તર્કશક્તિ બંધ પડે છે ત્યાંથી આગળ લઈ જનાર શ્રદ્ધા છે.

૨૩. વિશ્વાસ પ્રેમની પહેલી સીડી છે. - વિષ્ણુ મહંત

૨૪. શ્રદ્ધા અને સાત્ત્વિકતા વગરનું કામ કદીયે મહેંકી શકશે નહીં. - વિષ્ણુ મહંત

૨૫. બુદ્ધિશાળીઓને શ્રદ્ધાનું તળિયું ના જડે. તરતા રહેવું અને દરિયાની ઊંડાઈ માપવી એ બે ના બને. - દાદા ભગવાન

૨૬. જીવનમાં ઉતાવળ અને મરવામાં નિરાંત એ બે બાબતો ગણિતશાસ્ત્રમાં હોય તેવાં જોડિયાં સમીકરણો ઊભાં કરે

છે. - વિષ્ણુ મહંત

૨૭. ભગવાનમાં વિશ્વાસ રાખીએ, આશરો રાખીએ, તો તેઓ આપણને સંભાળે, આપણું પોષણ કરે. - પ્રમુખસ્વામી મહારાજ

૨૮. પ્રેમની શ્રેષ્ઠ સાબિતી વિશ્વાસ છે.

૨૯. આત્મશ્રદ્ધા ખોવી એટલે ઈશ્વરમાં શ્રદ્ધા ખોવી.

૩૦. ક્રિયામાં ધ્યેય ભળે તો કર્મ બને, કર્મમાં સાતત્ય ભળે તો સંકલ્પ બને, કર્મ અને સંકલ્પ વચ્ચેનો સેતુ એટલે શ્રદ્ધા. - કમલેશ શુકલ

૩૧. આત્મશ્રદ્ધા વધારે મોટા પ્રમાણમાં ઉપદેશવામાં અને આચરવામાં આવી હોત તો આપણા દુઃખનો મોટો ભાગ દૂર થયો હોત. - સ્વામી વિવેકાનંદ

૩૨. આ વિશ્વમાં અકસ્માત જેવું કાંઈ છે જ નહીં, ભ્રમણાનો ખ્યાલ પોતે જ એક ભ્રમણા છે. માનવ મનમાં એવી કોઈ ભ્રમણા ન હતી કે જેની ભીતરમાં કોઈ સત્ય છૂપાયેલું કે વિકૃત બનેલું ન હોય. - શ્રી અરવિંદ

૩૩. ઈશ્વરની અદશ્ય સત્તા વિશે જ્યારે માણસની પૂરેપૂરી જીવંત શ્રદ્ધા બેસે, ત્યારે તેના શરીરનું અંદરથી રૂપાંતર



થાય છે. - ગાંધીજી

૩૪. આપણી બુદ્ધિ, ઈન્દ્રિયો જ્યાં ન પહોંચે છતાં તેમાં આસક્તિભાવ લાવી તે મુજબનું વર્તવું તેને શ્રદ્ધા કહેવાય. - શ્રી મુક્તજીવનસ્વામી

૩૫. જેમ માતા પોતાના બાળકને સ્વસ્થ કરે છે તેમ શ્રદ્ધા અંતરના કલેષોથી ખરડાયેલા આત્માને સ્વચ્છ કરે છે. - વિષ્ણુ મહંત

૩૪. જે વ્યક્તિ શંકાશીલ છે તેનું કોઈ ઠેકાણું નથી. - અણજાણ

૩૫. વિશ્વાસ જીવનની શક્તિ છે. - અણજાણ

૩૬. જ્યાં સુધી કોઈ સારા હેતુને સિદ્ધ કરવા માટે, તેના પક્ષમાં એકપણ અદશ્ય શ્રદ્ધાવાળો આત્મા છે ત્યાં સુધી એ હેતુ નિષ્ફળ જતો નથી. - શ્રી અરવિંદ

૩૭. આત્મવિશ્વાસ કદી ડગતો નથી અને બુદ્ધિમાનોને પોતાની શંકાઓમાંથી ફુરસદ મળતી નથી. - રસેલ

૩૮. ઝંખના શ્રદ્ધા બને ત્યારે તે ફળે છે.

૩૯. પૃથ્વીમાં ગમે ત્યાં ખોદો ને ! બધે જ ઝવેરાત ભર્યું છે શરત માત્ર એટલી કે ખોદતી વખતે તમારામાં શ્રદ્ધા ખેડૂતની હોવી જોઈએ. - ખલિલ જિબ્રાન

૪૦. જ્યાં સ્નેહ, સહકાર અને સહનશીલતા હોય ત્યાં સ્વર્ગ હોય જ. - માતાજી

૪૧. આપણે આપણી શ્રદ્ધા પથ્થરમાં મૂકી, કંડારી અને પૂજીય ગણી જ્યારે માણસની સરેઆમ બાદબાકી કરી. - સહજાનંદ સ્વામી

૪૩. શ્રદ્ધાવાન, અંતઃકરણપૂર્વક ભજનારો યોગી શ્રેષ્ઠ યોગી છે. - ભગવદ્ગીતા

૪૪. સંસારનાં બંધનોમાંથી છૂટવાનો અને ભગવાન સુધી પહોંચવાનો માર્ગ શ્રદ્ધા છે. - અણજાણ

૪૫. હૃદયમાંની શ્રદ્ધા અસ્પષ્ટ હોય છે, ઘણીવાર તે ગૂઢ જ્ઞાનનું વિકૃત પ્રતિબિંબ હોય છે. - શ્રી અરવિંદ

૪૬. આત્મશ્રદ્ધા તો સફળતાની કરોડરજ્જૂ છે.

૪૭. વિશ્વાસ અને નિષ્ઠા મૂળ છે, એ હોય તો બસ છે. - શ્રી માં શારદાદેવી

૪૮. નિરાકાર પણ સાચું તેમ જ સાકાર પણ સાચું, તમને જેમાં શ્રદ્ધા હોય તેને પકડી રાખજો. - શ્રીરામકૃષ્ણ પરમહંસ

૪૯. નાસ્તિકને શ્રદ્ધાનો અણસાર પણ આવતો નથી.

૫૦. માનવજગત માને છે કે તે તર્કબુદ્ધિના પ્રકાશ વડે ગતિ



કરી રહ્યું છે, પણ સાચી રીતે તો તેની શ્રદ્ધા અને સાહજિક વૃત્તિઓ જ તેને પ્રેરી રહી હોય છે. - શ્રી અરવિંદ

૫૧. માનવજગત માને છે કે તે તર્કબુદ્ધિના પ્રકાશ વડે ગતિ કરી રહ્યું છે, પણ સાચી રીતે તો તેની શ્રદ્ધા અને સાહજિક વૃત્તિઓ જ તેને પ્રેરી રહી હોય છે. - શ્રી અરવિંદ

૫૧. શ્રદ્ધા અને દૃઢતા પાયાની બાબતો છે : એ બે હોય તો બધું જ છે. - ગોપીનાથ

૫૨. રોજ સવારે ઉઠતી વખતે સૌથી પહેલાં એ સંકલ્પ કરો કે, આજે હું કોઈનું અહિત ઈચ્છીશ નહીં, કે કોઈનાય દિલને હું દુભાવીશ નહીં. - એસ. વી. જાની

૫૩. લોકોમાં બળની ન્યૂનતા હોતી નથી, પણ તેમનામાં સંકલ્પશક્તિની ન્યૂનતા હોય છે. - અણજાણ

૫૪. મહાન સંકલ્પ જ મહાન કાર્યોના જનક હોય છે. - શેક્સપિયર

૫૫. મનુષ્યમાં શક્તિની ખામી નથી હોતી, સંકલ્પની ખામી હોય છે. - વિક્ટરહ્યુગો

૫૬. સંકલ્પવાન માણસ નિષ્ફળ જાય તો પણ હતાશ થતા નથી. - ફ્રાન્સિસ બેકન

૫૭. તમારા હૃદયમાં એક વૃક્ષ સાચવી રાખો, કોઈ ગાતુ પંખી આવી ચડે. - રામનાથ

૫૮. નિશ્ચય વગરનો માણસ અને પાણી ન ચઢાવેલ તલવાર બન્ને સરખાં. - અજ્ઞાત

૫૯. દૃઢતા જ સફળતાની ચાવી છે.

૬૦. નકામી બાબતોથી બચવું હોય તો મુખ પર કાયમ દૃઢ સંકલ્પનું વ્રત રાખો.

૬૧. શુદ્ધ સંકલ્પ જીવનનો અમૂલ્ય ખજાનો છે.

૬૨. સાચો સંકલ્પ એ છે જેનાથી પોતાનું તથા બીજાનું કલ્યાણ થાય.

૬૩. એ નક્કી કરવું વધારે મહત્ત્વપૂર્ણ છે કે રહેવાની રીત સારી અને સાદી હોવી જોઈએ.

૬૪. સંકલ્પ સિદ્ધિ જ સાચી તંદુરસ્તી છે.

૬૫. શુભ સંકલ્પોની રચના કરનારા બમણો પ્રકાશ પ્રાપ્ત કરે છે.

૬૬. જેને પોતાના સંકલ્પમાંથી કોઈ આકર્ષિત ન કરી શકે તે સાચો વફાદાર છે.



૬૭. એકાગ્રતા એ સર્વ જ્ઞાનનો સાર છે, તેના વિના કંઈ થઈ શકે નહીં.

૬૮. જેને સંકલ્પમાં દુઃખનો અહેસાસ ન થાય તે ખુશનસીબ આત્મા છે.

૬૯. સંકલ્પશક્તિને પામતા આત્મશક્તિને પ્રબળ બનાવવી પડે. - એસ. વી. જાની

૭૦. ઈશ્વરને પ્રત્યક્ષ બનાવવાના નિમિત્ત એ બની શકે જેના સંકલ્પમાંથી દૃઢતાની વિશેષતા હોય. - વિષ્ણુ મહંત

૭૧. સંકલ્પોની એકાગ્રતા દ્વારા જ શ્રેષ્ઠ પરિવર્તનમાં તેજ ગતિ આવી શકે છે. - અજ્ઞાત

૭૨. જે વ્યક્તિઓ પ્રેમાળ અને અનોખા થઈને કર્મ કરે છે તેઓ સંકલ્પો પર તરત જ પૂર્ણવિરામ લગાવી શકે છે. - અજ્ઞાત

૭૩. દરેક સંકલ્પમાં ઉમંગ અને ઉત્સાહ હોય તો સફળતા જરૂર મળે છે. - અજ્ઞાત

૭૪. સંકલ્પશક્તિ ખરાબ સંસ્કારોને પણ મીણની જેમ પીગળાવી દે છે. - દેવશ્રી

૭૫. કોઈ તમારા વગર જાગી ન શકે, જોઈ ન શકે, જીવી ન શકે, એ તમારે પોતે જ કરવું પડે. બહારના માર્ગો તૈયાર

હોય છે, અંદરના કંડારવા પડે છે. - બાર્બર હેન્સન

૭૬. જેનામાં દૃઢતા અને સહિષ્ણુતાના ગુણ કેળવાય તો તૂટવાથી બચી જવાય. - રામન

૭૭. સાચો અંતર્મૂખી તે છે જે નકામા સંકલ્પોથી મનને પ્રવૃત્ત કરતો નથી અને મૌન ધારણ કરે છે. - રઘુ

૭૮. આપના ઉત્તમ સંકલ્પનું એક કદમ હોય તો પરઆત્માના કદમ ઉમેરાય. - સાન

૭૯. સ્વપ્નો તેમજ સંકલ્પોની પવિત્રતા જ સૌથી મોટું વ્યક્તિત્ત્વ છે. - વિદ્યાચંદ્ર

૮૦. દૃઢતાથી પગલાં ભરનારાંઓ જ નવા રસ્તાઓ સર્જી શકે છે. દૃઢતાથી શક્તિ સાથે હોય તો સફળતા ગળાનો હાર બની જાય. - અજ્ઞાત

૮૧. પહેલાં લોકો તારી ઉપેક્ષા કરશે, પછી હસશે, પછી લડશે, પણ છેવટે તમે જીતશો. - ગાંધીજી

૮૨. દૃઢ મનોબળ વગર કોઈપણ સંકલ્પ સાકાર થઈ શકતો નથી. દૃઢ સંકલ્પ હોય તો નિષ્ફળતા પણ પ્રેરણારૂપ બની શકે. - અજ્ઞાત

૮૩. દૃઢ સંકલ્પથી જ દિવ્ય શક્તિ નિર્માણ પામે છે. - અજ્ઞાત



૮૪. સારી આદતો નિભાવવા કૃતનિશ્ચયીપણું ખૂબ જરૂરી છે.- દેવશ્રી

૮૫. ઢીલા મનવાળી વ્યક્તિઓ મુશ્કેલીઓ કે અડચણો સામે ઝડપથી હારી જાય છે. ટીકાકારોથી હાર સ્વીકારી લે છે અને હિંમત હારતાં નિષ્ફળ જાય છે, જયારે દૃઢ મનોબળવાળા મુશ્કેલીઓ સામે ઊભા રહેવાની આંતરિક તાકાત કેળવે છે અને સામનો કરે છે. સફળતા તેને વરે છે. - વિલિયમ્સ જેમ્સ

૮૬. માણસે કશું ઉદાત્ત પ્રાપ્ત કરવું હોય તો તેણે નિષ્ઠાપૂર્વક મહેનત કરવી પડે અને દૃઢ નિશ્ચયી બનવું પડે. - શ્રી મા શારદાદેવી

૮૭. ગિરદીમાં આગળ વધતા અને તે સંકલ્પવાળા માણસ માટે જેમ લોકો સ્વાભાવિક રીતે જગા કરી આપે છે, તે જ પ્રમાણે જેનો હેતુ પોતાના કરતાં આગળ હોય છે તેને આગળ વધવા માટે માનવજાતિ જગા કરી આપે છે. - વ્હીમલ

૮૮. સંકલ્પ એક લોખંડી દરવાજો છે, તેમાં કોઈક જ દાખલ થઈ શકે છે.

૮૯. આત્માનો સારોયે સંકલ્પ જ્યારે પરમાત્માને પામવા માટે

કટિબદ્ધ બને છે, ત્યાર પછી તેની સામે કશુંયે ટકી શકતું નથી. - શ્રી અરવિંદ

૯૦. બીજી કોઈપણ વસ્તુ કરતાં સંકલ્પબળ વધુ બળવાન છે, સંકલ્પ આગળ કોઈપણ વસ્તુને ઝૂકવું પડે કારણ કે તે ઈશ્વરમાંથી અને સ્વયં ઈશ્વરમાંથી જ ઉદ્ભવે છે. શુદ્ધ અને દઢ સંકલ્પ એ સર્વ શક્તિમાન છે, શું તમને તેમાં શ્રદ્ધા છે! - સ્વામી વિવેકાનંદ

૯૧. કેવળ વિકલ્પોના વનમાં અટવાયા કરવું એના કરતાં સંકલ્પ વૃત્તિના છાંયડાને ઓઢીને કાર્યરત રહેવું. - ગાંધીજી

૯૨. નવા વર્ષે સંકલ્પ તો બહુ કોઈ કરે, પણ તે ખરેખર પૂરો કરનાર જ સંકલ્પસિદ્ધ કહેવાય. - આત્માનંદજી

૯૩. સતત તેમજ સાચી અભિપ્સા અને ઈશ્વરપ્રતિ અભિમુખ થવાનો સંકલ્પ જ ચૈત્ય પુરુષને આગળ લાવવા માટેનાં ઉત્તમ સાધનો છે. - શ્રી માતાજી

૯૪. સાચામાં સાચું અને ખરામાં ખરું ડહાપણ તે દઢ સંકલ્પ છે. - નિપોલીયન

૯૫. જે બાળક તર્ક નથી કરતું અને જેને કોઈ ચિંતા નથી, એના બાળકની જેમ તું તારી જાત પ્રભુને સોંપી દે જેથી એનો



સંકલ્પ સિદ્ધ થાય. - શ્રી માતાજી

૯૬. જે કોઈ ઝડપી પ્રગતિ કરવા ઈચ્છે છે તેણે મુશ્કેલીઓથી ડરવું ન જોઈએ, ઉલટાનું ખાસ કરીને મુશ્કેલ કાર્યો કરવાનું પસદં કરવાથી દરેક પ્રસંગ વ્યક્તિને એવી તક પૂરી પાડે છે. તેમાં તેનો સંકલ્પ વધે છે અને ચેતાતંત્ર મજબૂત બને છે. - ટાગોર

૯૭. જો શરીરે સાજા થવાનો સંકલ્પ કર્યો હશે તો તે સાજું થશે, જ્યારે આપણે કોષોમાં શાંતિ લાવી શકીએ ત્યારે આપણે સારા થઈ જઈએ છીએ. - શ્રી માતાજી

૯૮. પ્રભુ સંકલ્પનો અવિર્ભાવ કરવા માટે આપણે પૃથ્વી ઉપર છીએ. - શ્રી માતાજી

૯૯. સંકલ્પ કરો કે આ કામ થઈ શકે. થવું જ જોઈએ તો થશે જ. - સરદાર પટેલ

૧૦૦.સંકલ્પવિના માનવીના જીવનમાં ક્યારેય ટેક આવતી નથી અને ટેક પેદા થયા વિના જીવનની ઉન્નતિ થતી નથી. - મિલ્ટન

૧૦૧.સારું કામ કરવા માટે ધન કરતાં પણ વધુ સરળ હૃદય અને સંકલ્પની જ જરૂર છે. - મૂરે

૧૦૨. જે મનુષ્ય પોતાના નિશ્ચયમાં દ્રઢ અને અટલ હોય તે મનુષ્ય દુનિયાને પોતાની રીતે બદલી શકે છે.

૧૦૩. નિશ્ચય જ સારામાં સારી અને સાચામાં સાચી ચતુરાઈ છે. - નેપોલિયન

૧૦૪. મહાપુરુષોમાં સંકલ્પ હોય છે, સાધારણ લોકોમાં ઈચ્છાઓ. - ચીની કહેવત

૧૦૫. મોટા મોટા મહાન સંકલ્પો આવેગમાં જ જન્મ લે છે. - પ્રેમચંદ

૧૦૬. આપણે સતત બુરખો ઓઢીને જીવ્યા છીએ, હવે ચાલો સંકલ્પ કરીએ કે એક જ ચહેરાથી જીવીશું ને જે છીએ તે જ દેખાવાનો અભિગમ દાખવીશું. - એરિક ફ્રોમ

૧૦૭. સંકલ્પ એટલે કાર્યશીલ ચારિત્ર્ય. - વિલિયમ મેકડુગલ

૧૦૮. માણસ પ્રથમ સંકલ્પ કરે છે પછી સંકલ્પ માણસનું જીવન ઘડે છે. - વિલિયમ બ્લેક



# આ બીજી ખુશમિજાજની માળા માટે નીચેના ૧૦૮ મણકા ફેરવવા

૧. માનવ જાતને કુદરતે પોતાના ખજાનામાંથી અમોઘ બ્રહ્મસ્ત્ર આપ્યું છે, જે છે હાસ્ય. - અનુવાદ જીબ્રા.

૨. મુક્ત અને નિર્દોષ હાસ્ય વિરોધીઓને પણ આકર્ષે છે. - રામચંદ્રન

૩. હસવાના અનેક લાભ છે, પરંતુ સાચો લાભ ત્યારે જ મળી શકે છે જ્યારે આપણે પોતે ખૂબ હસીએ અને બીજાઓને હસાવીએ. - રામચંદ્રન

૪. દુનિયામાં જેટલા પણ શ્રેષ્ઠ અને સક્રિય મહાપુરુષો થઈ ગયા એમનામાં વિનોદવૃત્તિ અચૂક જોવા મળી છે.- અજ્ઞાત

૫. આંસુ સ્મિત કરતાં વધુ કિંમતી છે. સ્મિત ગમે તેની સામે થઈ શકે. આંસુ ફક્ત પ્રિયજન સમક્ષ જ હોઈ શકે. - અજ્ઞાત

૬. હસો તો એવી રીતે હસો કે પ્રસન્નતાની મહેફિલમાં આંસુઓને પણ આવવાનું મન થાય, રડો તો એવું રડો કે આંસુઓને પણ જાણ ન થાય. - રામન

૭. ઉજા, એ અમુત દિવસને માટે બુકિંગ કરાવીને માણવાની ચીજ નથી પણ રોજ રોજ ક્ષણે ક્ષણે અનુભવની બાબત છે. - રામન

૮. સરકારે હજી હાસ્ય પર કર નથી નાખ્યો એ મોટી કૃપા છે. - દેવશ્રી

૯. નિર્દંભ સ્મિત સામાના આગ્રહોને ઢીલા કરી નાખે છે.- ગાંધીજી

૧૦. સ્મિત અને હાસ્ય વચ્ચે થોડોક તફાવત છે. સ્મિત અંતરંગના સ્થાયી સ્વભાવનું ચહેરા પર થતું રેખાંકન છે. હાસ્ય રંગોલી છે. સ્મિત એક પ્રવાહ છે, જ્યારે હાસ્ય મોજું છે. - ગાંધીજી

૧૧. જે દિવસે બાળકોને હસીને આવકારવાનું શક્ય ન હોય તે



દિવસે શિક્ષકે રજા લેવી પડશે. - સરદાર

૧૨. અંતરંગમાં રહેલી પ્રસન્નતા મંદિર પરની ધજાની જેમ આપણા ચહેરા પર સ્મિત બનીને ફરકતી રહે છે, સ્મિત એટલે શાંતિની વાચાળતા. - હુસતારા

૧૩. યુવાનોમાં માણસ શીખે છે, જ્યારે વૃદ્ધાવસ્થામાં સમજે છે. - હુસતારા

૧૪. જિંદગી અને ધન-દૌલતની જેમ જવાનીને પણ જતાં વાર લાગતી નથી. - જયશંકર પ્રસાદ

૧૫. મોટા ભાગે માનવી પોતાનાં અંદરનાં આંસુઓને છૂપાવવા માટે જ હસતો હોય છે. - જય

૧૬. યુવા વર્ગ દુઃખી હોય છે, કારણ કે તેની સામે આ ભયંકર વિકલ્પ હોય છે : શાંતિ વિહિન પ્રેમ અથવા પ્રેમ વિહિન શાંતિ. - રાહી

૧૭. હાસ્ય એ જીવનનું ટોનિક છે. - વિદ્યાશંકર

૧૮. દરેક સંજોગોમાં હંમેશાં કઈ રીતે હસતા રહેવું એ શીખી લો, તમારો શોક અને આનંદ, તમારી આશાઓ અને નિરાશાઓ, સર્વ પરત્વે હસતા રહો, કારણ કે હાસ્યમાં જ આત્મસંયમ પ્રાપ્ત કરવાની સર્વોપરી શક્તિ છૂપાયેલી

છે. - શ્રી માતાજી

૧૯. ખરો વીર પુરુષ તે છે કે જે માણસ પોતાની જ ટીકા નિખાલસપણે કરે, કે પોતાના પર થતી ટીકા સહજ રીતે આરોગી શકે. - શ્રીજી

૨૦. હંમેશાં હસતા અને ખુશનુમાં રહેવાથી, પ્રાર્થના કરતાં પણ વધારે જલ્દી ઈશ્વરની નજીક પહોંચાય છે. - શ્રીજી

૨૧. હાસ્ય એ માત્ર જીવન જીવવાની જડીબુટ્ટી જ નથી પરંતુ જીવન જીતવાનું અને જીવવાનું ઉત્તમ શસ્ત્ર છે. - શ્રીજી

૨૨. હાસ્ય એ જીવનના કાંટાળા પથને સરળ માર્ગ કરી આપતું સાધન છે.

૨૩. કોમેડી કરતાં કરૂણા હંમેશા વધુ હૃદયસ્પર્શી હોય છે.

૨૪. જે હાસ્ય વિના જીવી શકે છે, તે શ્રીમંત નથી અને જે હંમેશાં હસી શકે છે તે ગરીબ નથી. - શ્રીજી

૨૫. હાસ્ય જેવું બીજું ઉત્તમ ઔષધ નથી.

૨૬. હાસ્ય વિનાનું ગાંભીર્ય અને ગાંભીર્ય વિનાનું હાસ્ય અર્થશૂન્ય છે. - ગાંધીજી

૨૭. બે મનુષ્ય વચ્ચેનું ઓછામાં ઓછું અંતર એટલે હાસ્ય.



૨૮. જે સ્મિત ન કરી શકે તેણે દુકાન ખોલવી જોઈએ નહીં. - જિબ્રા.

૨૯. હાસ્ય વગરનું જગત વિનાશને પાત્ર છે. - જિબ્રા.

૩૦. હાસ્યથી ખુશ કરવાની કળા ખુશ રહેવામાં સમાયેલી છે. - અજ્ઞાત

૩૧. તમે જ્યાં સુધી મોઢા પર સ્મિત ધારણ ન કરો ત્યાં સુધી તમે સંપૂર્ણ રીતે કપડાં પહેર્યાં નથી. - અજ્ઞાત

૩૧. જે ચહેરા પર મુસ્કાન નથી આવતી તે એવી કળી સમાન છે જે ખીલતાં પહેલા જ સડીને પડી જાય છે. મુસ્કાન ભરેલો ચહેરો એવા ખીલેલા ફૂલ સમાન છે જે પોતાની પાસે આવનારાઓને તાજગી અને સુગંધ આપે છે. - એચ. ડબલ્યુ. બીયર

૩૩. હંમેશાં હસતું રહેવું એ સંતોષની નિશાની છે.

૩૪. નિર્મળ હાસ્ય એ ઈશ્વરનું વરદાન છે. - વિષ્ણુ મહંત

૩૫. હાસ્ય જ ચહેરા પરની સાચી સુંદરતા છે.

૩૬. જે માણસ પોતાની જાત પર હસી પડે કે હસી શકે તેનું સન્માન થવું જોઈએ. - વિષ્ણુ મહંત

૩૭. જે માણસ પોતાની જ ટીકા નિરપક્ષપણે કરે તે જ ખરો વીરપુરુષ - વિષ્ણુ મહંત

૩૮. જે માણસ કદી હસે નહીં તેને મેન્ટલ હોસ્પિટલમાં દાખલ કરવો જોઈએ. - વિષ્ણુ મહંત

૩૯. ભગવાનથી ચડિયાતો હાસ્ય કલાકાર બીજો કોઈ નથી. - ગુણવંત શાહ

૪૦. હાસ્ય એ તંદુરસ્તીનું સરનામું છે - વિષ્ણુ મહંત

૪૧. બે પ્રકારના માણસથી કાયમ ચેતવું : જે કોઈ પણ પ્રસંગે હસે નહીં અને જે પ્રત્યેક પ્રસંગે હસ્યા ન કરે. - વિષ્ણુ મહંત

૪૨. તમે જ્યાં સુધી મોઢા પર સ્મિત ધારણ ન કરો ત્યાં સુધી તમે સંપૂર્ણ રીતે કપડાં પહેર્યાં નથી. - અજ્ઞાત

૪૩. હાસ્ય એ અદ્‌ભૂત ઔષધ છે. એ પૌષ્ટિક છે અને એથી બધા પ્રકારનું બળ મળે છે. - વિષ્ણુ મહંત

૪૪. હંમેશાં હસતા રહો, દુઃખનાં વાદળ વિખરાઈ જશે. - વિષ્ણુ મહંત

૪૫. એક સારા દાકતરના સ્મિત માત્રથી દર્દીનું દર્દ ઓછું થઈ



જાય છે તેમ સારા શિક્ષકના સ્મિત માત્રથી વિદ્યાર્થીની ઉદાસી દૂર થઈ જાય છે.

૪૬. શિક્ષણની સગુણ પ્રક્રિયામાં નિર્દોષ હાસ્યને અવશ્ય સ્થાન હોવું જોઈએ. - જોસેફ

૪૭. કાર્યની પ્રક્રિયામાં હાસ્યનો પ્રવેશ થતાં કાર્ય હળવું બને છે અને તણાવ દૂર થાય છે કે હળવો બને છે. - વિષ્ણુ મહંત

૪૮. વિનોદવૃત્તિ એટલે નૃત્યમય સામાન્ય બુદ્ધિ, જે સમાજમાં વિનોદવૃત્તિ નથી તે સમાજમાં કબ્રસ્તાનવૃત્તિ વ્યાપક હોવાની. - સ્વામી વિવેકાનંદ

૪૯. હસશો તો સમગ્ર વિશ્વ તમારી સાથે હસશે, પરંતુ રડશો તો તમારે એકલાંએ જ રડવું પડશે. - વિષ્ણુ મહંત

૫૦. હસમુખી વ્યક્તિ પોતાની કોશિશમાં ક્યારેય નાકામયાબ જતી નથી. - શૈખ સાદી

૫૧. હાસ્ય પ્રભુનો માનવી પરનો ઉપકાર ગણાય છે.

૫૨. સુખ અને હાસ્ય એ વિકાસના સાથીદારો છે. - વિષ્ણુ મહંત

૫૩. હૃદયનું કામ હસતા રહેવાનું છે અને હસતા રાખવાનું છે,

જ્યારે બુદ્ધિનું કામ સામાને ચૂપ કરી દઈને પોતાનું વર્ચસ્વ સ્થાપિત કરવાનું છે. - વિષ્ણુ મહંત

૫૪. જે દિવસે તમે હસ્યા નથી તે દિવસ તમે ગુમાવ્યો જ સમજો. - ફિલ બોસ્મન્સ

૫૫. હાસ્ય તમને હળવા બનાવે છે, હાશકારો આપે છે, નકામી ઉપાધિમાંથી મુક્ત રાખે છે. - ફિલ બોસ્મન્સ

૫૬. પોલાદી સમસ્યાઓના કારણે મરણતોલ થયેલી ચેતનાને હાસ્ય અને રમૂજ સજીવન કરે છે. - ફિલ બોસ્મન્સ

૫૭. હાસ્ય જેવી તંદુરસ્તી એકેય નથી, ચિંતાઓ પ્રથમ હૃદય પર કરચલીઓ પાડે છે. પછી ચહેરા પર. - જોસેફ મેકવાન

૫૮. રમૂજ તકને ઔચિત્ય અને સમદૃષ્ટિ આપે છે. તમને જ નહીં, તમારી આસપાસની વાયુમંડળને પણ જીવંત રાખે છે. - ફિલ બોસ્મન્સ

૫૯. પ્રસન્નતા વસંતની જેમ દિલની તમામ કળીઓને ખીલેલી રાખે છે - જોન પોલ

૬૦. જો આપણે પ્રસન્ન હોઈએ તો આખી પ્રકૃતિ આપણી સાથે હસતી હોય તેવું લાગે છે - સ્વેટ માર્ટન



૬૧. મનુષ્યમાંના સર્વોત્તમની અભિવ્યક્તિ એટલે તંદુરસ્તી અને આનંદ તંદુરસ્તીનું પરિણામ. - ડૉ. પિનાકિન શાહ

૬૨. સમાધાનપ્રિયને જેમ સમાધિ શોધતી આવે છે તેમ પ્રેમપ્રિયને પ્રસન્નતા શોધતી આવે છે. - વિજયરત્ન સુંદરસૂરિજી

૬૩. ઉત્સાહ વગર જીવનનો વિકાસ શક્ય નથી.

૬૪. જે વ્યક્તિ બીજાના ચારિત્ર્ય, ધર્મ, ગુણ, તપસ્યા અને વિદ્યાની પ્રશંસા કરે છે તે હંમેશાં પ્રફુલ્લિત હોય છે અને તેના ગુણોમાં ઉત્તરોત્તર વધારો થતો હોય છે. - શાસ્ત્રોક્ત

૬૫. પોતાની જાતને કામમાં જોડી રાખવી જોઈએ, તેનાથી મન પ્રસન્ન રહે છે. - ગીતાધર્મ

૬૬. પ્રસન્નતા એ ઈશ્વરે આપેલી અમૂલ્ય અને અસરકારક ઔષધિ છે. - સ્વેટ માર્ડન

૬૭. પ્રસન્નતા વસંતની જેમ દીલની તમામ કળીઓને ખીલેલી રાખે છે. - જોન પોલ

૬૮. પ્રત્યેક દ્રશ્યના સાક્ષી બનીને જોવાથી હંમેશાં પ્રસન્ન રહી શકાય. - અજ્ઞાત

૬૯. જે બધા પ્રકારની સમસ્યાઓથી દૂર રહે છે તે જ પ્રસન્નચિત્ત

રહી શકે છે. - અજ્ઞાત

૭૦. હંમેશાં પ્રસન્ન રહેવું હોય તો પ્રશંસા સાંભળવાની ઈચ્છાનો ત્યાગ કરો. - રામચંદ્રન

૭૧. હંમેશાં પ્રસન્નચિત્ત રહેવું હોય તો મૌનની શક્તિ દ્વારા બુરાઈઓને સારાપણામાં પરિવર્તન કરો. - રામચંદ્રન

૭૨. હંમેશાં પ્રસન્નચિત્ત રહેવું હોય તો બુદ્ધિરૂપી કોમ્પ્યુટરમાં પૂર્ણવિરામ લાવો. - અજ્ઞાત

૭૩. ભૂતકાળનાં મીઠાં, મધુરાં સ્મરણો હળવે હળવે વાગોળવાં, અલૌકિક કુદરતી દૃશ્યનું ચિંતન કરતાં રહેવું, પ્રસન્નતા નિખરે જ.

૭૪. પ્રસન્નતા એ બધા સદ્‌ગુણોની માતા છે. - ગેટ

૭૫. પ્રસન્નતા મનુષ્યનો સર્વશ્રેષ્ઠ શણગાર છે.

૭૬. જ્યારે આંતરિક આત્માસામ્રાજ્યની સમૃદ્ધિ મળે ત્યારે પ્રસન્નતા આપોઆપ આવી જાય છે.

૭૭. દુનિયામાં જો પ્રસન્નતાથી જીવવું હોય તો ઈચ્છા ઓછી રાખો.

૭૮. ખરેખરું સ્વર્ગ તો એ જ છે કે જેના જીવનમાં પ્રસન્નતા આઠે પહોર રહ્યા કરે. - શ્રી મોટા



૭૯. આત્મનિયંત્રણ આંતરિક શક્તિ અને આંતરિક પ્રસન્નતા બન્નેને ભરપૂર કરી શકે છે.

૮૦. પ્રસન્નતા જ જિંદગીનો મોટો ખજાનો છે.

૮૧. હંમેશા કોઈ પણ પરિસ્થિતિમાં પ્રસન્નચિત્ત રહેનારના બધા પ્રશ્નો સમાપ્ત થઈ જાય છે.

૮૨. પોતે પ્રસન્નચિત્ત રહેવું અને બીજાને પ્રસન્નચિત્ત રાખવા એ જ સાચું જીવન છે.

૮૩. શેરડીનો સાંઠો વાંકો પણ રસ મીઠો, ધનુષ્યની પણછ છે વાંકી પણ તીર તો સીધું. નદીનું વહેણ વાંકું પણ પાણી મીઠું હોય છે એ ન્યાયે સામી વ્યક્તિનો સ્વભાવ બરછટ હોય તો પણ લાગણીસભર ચિત્ત એવા સ્વભાવ સાથેય સમાધાન કરીને સ્વસ્થતા ટકાવી શકે અને પ્રસન્નતા અનુભવી શકે છે.

૮૪. સદાય પ્રસન્ન રહેવું એ ઈશ્વરની સર્વોપરી ભક્તિ છે.

૮૫. જ્યારે મન પ્રસન્ન થઈ જાય છે ત્યારે બુદ્ધિ પણ સ્થિર થઈ જાય છે. - અજ્ઞાત

૮૬. તમે પ્રસન્નતા, ઉષ્મા અને લાગણીસભર રીતે મહાલો, આ ભાતું તમારી પાસે હશે તો તમને સાત્વિક સુખની

પ્રતીતિ થશે જ. - અજ્ઞાત

૮૭. પ્રસન્નતા પરમ સ્વાસ્થ્યવર્ધક છે, શરીર અને મન બન્ને માટે તે મિત્ર તુલ્ય છે. - અજ્ઞાત

૮૮. પ્રસન્નચિત્ત વાણીથી બુદ્ધિ જલ્દી સ્થિર થાય છે. - શ્રી ભગવદ્ ગીતા

૮૯. જે મનુષ્યકાર્ય કરવામાં પ્રસન્નતાનો અનુભવ કરે છે અને ઉત્સાહ અને ઉલ્લાસથી કાર્ય કરે છે તે ક્યારેય બેકારીમાં ફસાતો નથી. - જેમ્સ એલન

૯૦. વૃક્ષ બીજાથી અંજાઈ જતું નથી કે ફૂલાઈ જતું નથી. તે તો બસ પોતાની મસ્તીમાં પ્રસન્નચિત્તે જ જીવ્યે જાય છે. તૂટેલી ડાળી ફરીથી ફૂટવા લાગે છે, જીવન ધબકતું રહે છે. - અજ્ઞાત

૯૧. વૃક્ષનું વિકસવું અને પ્રસન્ન રહેવું એ સ્વભાવ માણસને ક્યારે મળશે! - ડૉ. એસ. ડી. કરંગિયા

૯૨. યશ પ્રભુનું કામ કરે છે, તેને પ્રાપ્ત કરીને બધા જ પ્રસન્ન થાય છે. - ઋગ્વેદ

૯૩. પ્રસન્નતા પરમ સ્વાસ્થ્યવર્ધક છે, શરીર અને મન બંને માટે તે મિત્ર તુલ્ય છે. - એડિસન



૯૪. પ્રસન્ન ચિત્તવાળાની બુદ્ધિ જલ્દી સ્થિર થાય છે. - ભગવદ્ ગીતા

૯૫. પ્રભુ આપણા છે પણ આપણા માટે નથી. આપણે પ્રભુ માટે છીએ. તાત્પર્ય એ કે આપણે પ્રભુ પાસેથી કાંઈ લેવાનું નથી પરંતુ આપણી જાતને તેમને આપી દેવાની છે. વિપરીત પરિસ્થિતિ આવે તો તે પ્રભુનો પ્રસાદ ગણીને પ્રસન્ન રહેવું જોઈએ. - અજ્ઞાત

૯૬. પ્રસન્નતા વિદ્યાર્થી જીવનની ગંગોત્રી છે. - દીનબંધુ

૯૭. સ્તુતિથી ભરમાઈ જનારા અને કરમાઈ જનારા લોકો કોઈ મહાન કાર્ય કરી શકતા નથી.

૯૮. જીવનમાં આકાશની સ્વચ્છતા, નદીની પ્રસન્નતા અને સાગરની ગંભીરતા હોય તો જ મન પ્રસન્ન રહે. - અજ્ઞાત

૯૯. આપત્તિમાં આવી પડવા છતાંય પુરુષ પોતાનો સ્વભાવ છોડતો નથી, અગ્નિથી સ્પર્શાયેલું કપૂર વધારે ને વધારે સુગંધ ધારણ કરે છે. - સુભાષિત

૧૦૦. સારું વચન બોલવા જીભની નહીં, પ્રસન્ન ચિત્તની જરૂર છે. - જી.વી. દાસ

૧૦૧. સદા પ્રસન્ન રહેવા માટે પ્રશંસાની ઈચ્છાનો ત્યાગ કરવો

જરૂરી છે. - બ્રહ્મા કુમારીઝ

૧૦૨. શક્તિથી વધારે ભોગવિલાસ ભોગવનાર જલ્દી વૃદ્ધ થાય છે. - રાહુલદેવ

૧૦૩. જે માણસ પોતાની બહાર નીકળતો નથી તે નાના ટપકાં જેવો છે. - દીનાનાથ

૧૦૪. યુવાનીમાં માણસ શીખે છે અને વૃદ્ધાવસ્થામાં સમજે છે.

૧૦૫. સાચી રીતે જીવી જાણે તે જ સાચો કલાકાર. - ગાંધીજી

૧૦૬. જિંદગી પણ કેવી કમાલ છે ! પહેલાં આંસુ આવતાં ત્યારે મા યાદ આવતી, ને આજે મા યાદ આવે ત્યારે આંસુ આવી જાય છે.

૧૦૭. લોકો નાશ કરનારી વૃદ્ધાવસ્થાને જાણે છે, છતાં લાંબુ આયુષ્ય ઈચ્છે છે. - બુદ્ધ ચારિત્ર્ય

૧૦૮. બાલ્યાવસ્થામાં જ મહાન કાર્ય વિશે વિચાર અને નિશ્ચય થઈ શકે છે, અને તરુણાવસ્થામાં કાર્યનો પ્રારંભ થાય છે, પરંતુ ખરો વખત વહી ગયા પછી, સામર્થ્ય નષ્ટ થયા પછી વૃદ્ધાવસ્થામાં જીવનક્રમ ફેરવી શકવો મુશ્કેલ છે. - બ્રાઉનિંગ



# આ ત્રીજી વિજયની માળા માટે નીચેના ૧૦૮ મણકા ફેરવવા

૧. સફળતા એ મહેનત, મથામણ, તાણ, મૂંઝવણો વગેરેનો સરવાળો છે. - અજ્ઞાક

૨. પ્રભુ ઘણીવાર તેમનાં કાર્યોમાં નિષ્ફળ નીવડે છે, તે તેમની અમર્યાદ પ્રભુત્વની નિશાની છે. - અજ્ઞાત

૩. જે માણસ કદી નિષ્ફળ ગયો નથી અને જેણે કષ્ટ સહન કર્યા નથી, તેના પર વિશ્વાસ ન કરતો, તેનાં સદ્ભાગ્યોનું અનુસરણ ન કરતો, તેના ધ્વજ નીચે યુદ્ધ ન કરતો. - શ્રી અરવિંદ

૪. ઈન્દ્રિયોથી જ ઉન્નતિ થાય છે, અને પતન પણ થાય છે.

૫. સફળતાની પાયાની શરત છે - વાણીની મધુરતા અને કડવાશની ગેરહાજરી.

૬. જેઓ મદદ મળી જ રહેશે તેમ દૃઢતાપૂર્વક માને છે અને ઝંપલાવે છે તેઓને સફળતા મળ્યા વગર રહેતી નથી. - સ્વામી વિવેકાનંદ

૭. સફળતા મેળવવા નહીં પણ કાબેલિયત પ્રાપ્ત કરવા માટે નિર્ણય લો.

૮. દરેક માનવીની સફળતા પાછળ ક્યાંક પણ જબરદસ્ત સચ્ચાઈ, જબરદસ્ત પ્રામાણિકતા રહેલાં હોવાં જ જોઈએ, જીવનમાં તેની અસાધારણ સફળતાનું કારણ એ જ છે. - સ્વામી વિવેકાનંદ

૯. ધૈર્યશીલ અને ઉદ્યમીને સફળતાના હાથવેંતમાં હોય છે.

૧૦. નિષ્ફળતા એ સ્વાભાવિક અને માનવજીવનનું સૌંદર્ય છે. જેણે મિત્રને દાનથી, શત્રુને યુદ્ધમાં અને ખાનપાનથી પત્નીને જીતી છે તેનું જીવન સફળ છે. - મહાભારત

૧૧. સર્વોચ્ચ સ્થાને બિરાજમાન માણસની પવિત્રતા અકબંધ હશે તો એના સહવાસમાં આવનાર દરેક માણસને દિવ્ય



શાંતિનો અનુભવ થાય છે. - પૂ. મોરારિબાપુ

૧૨. નિષ્ફળતાથી ડરવાને બદલે તેનો સામનો કરનારની નાવ સફળતાના કિનારે પહોંચે છે.

૧૩. પ્રયાસો જાળવી રાખનારને સફળતા મોડી-વહેલી પણ મળે જ.

૧૪. સફળતા મહેનત કરવાથી મળે છે માત્ર વિચાર કરવાથી નહીં, અલબત્ત તે માટે વિચાર કરવો જરૂરી છે.

૧૫. સફળતાનો સૌથી મોટો મંત્ર છે આત્મવિશ્વાસ.

૧૬. સફળતાની ચાવી તમે પોતે એ કાર્ય આરંભો નહીં ત્યાં સુધી હાથ લાગતી નથી. - લોકમાન્ય ટિળક

૧૭. પ્રારબ્ધ અને પુરુષાર્થ બંનેના માર્ગ ભિન્ન છે, છતાં જ્યારે તેઓ જ્યાં મળે છે ત્યાં અદ્‌ભુત સફળતા પ્રગટે છે. - દયાનંદ સરસ્વતી

૧૮. નિર્ભય વ્યક્તિને ઝડપથી સફળતા પ્રાપ્ત થાય છે. - શેક્સપિયર

૧૯. નિષ્ફળતા તેને મળે છે જે ક્યારેય પ્રયત્ન નથી કરતો. નેપોલિયન

૨૦. અનંત શ્રદ્ધા અને બળ એ જ માત્ર સફળતાનું રહસ્ય છે.- અજ્ઞાત

૨૧. ભલે હું અંગુઠા છાપ છું, પણ જીવનની પાઠશાળાનો હું સ્નાતક છું, વેપારમાં જો તમે બધાં ઉપર અંકુશ ન રાખો, તો તમે અવશ્ય માર ખાઈ જાઓ. - રામકૃષ્ણ દાલમિયાં

૨૨. સફળતા એ કોઈ અકસ્માત નથી, પરંતુ વ્યક્તિએ પોતાના માટે પાડેલી રોજિંદી આદતોનું ફળ છે.

૨૩. તમે જો આશાને તમારો મિત્ર, અનુભવને સલાહકાર, સાવધતાને વડીલબંધુ, ખંતને ગુરુ અને હિંમતને રક્ષક બનાવી કોઈ પણ કામમાં શુભારંભ કરે તો સરવાળે સફળતા તમારા પગ ચૂમતી આવશે.

૨૪. ઉત્સાહ અને આત્માભોગ સિવાય કોઈનેય સાચી સિદ્ધિ સાંપડી નથી. - શ્વાઈરઝર

૨૫. નબળામાં નબળું પ્રાણી પણ જો એકાગ્ર થાય તો તે સફળ થઈ શકે અને તેને અભાવે સબળમાં સબળ પ્રાણી પણ નિષ્ફળ જાય. - ચંદ્રકાંત શેઠ

૨૬. વાતચીતનો પ્રથમ અંશ સત્ય હોય છે, બીજો સુંદર સજાવટ, ત્રીજો સુંદર વિનોદ અને છેલ્લો વાકચાતુર્ય હોય



છે. - સર આર્થર કાનન ડાયલ

૨૭. આકસ્મિક રીતે મળેલી સફળતા લાંબુ ટકતી નથી, પરંતુ તેના સિદ્ધાંતોને રોજિંદા જીવનમાં અનુસરીને આદત બનતાં તે હકિકતમાં સફળ બને છે.

૨૮. સફળતાનો થાક ક્યારેય લાગતો નથી.

૨૯. સાધારણ બુદ્ધિ અને અસાધારણ ઉત્સાહ સફળતાનાં દ્યોતક છે.

૩૦. લક્ષ્યમાં નિષ્ઠા અને સંલગ્નતા જ સફળતાનું રહસ્ય છે.

૩૧. પોતાના પર વિજય મેળવવો કઠિન છે. આત્મવિજેતા જ આલોક પરલોકમાં સુખી થાય છે. - શ્રી મહાવીર સ્વામી

૩૨. સફળતાને વિસરી શકાય પણ નિષ્ફળતા લાંબાગાળા સુધી સતત યાદ રહે છે.

૩૩. એ કોઈ અકસ્માત નથી પરંતુ કુદરતનો નિયમ જ છે કે છેવટે તો પુણ્યનો, ધર્મનો અને સત્યનો જ વિજય થાય છે.

૩૪. આપણે સાધનને સંપૂર્ણ બનાવીએ, એટલે પરિણામ એની મેળે આવશે, કારણ કે આપણાં જીવન સારાં અને પવિત્ર

હોય તો જ દુનિયા સારી અને પવિત્ર થઈ શકે. દુનિયા તો એક કાર્ય છે, કારણ આપણે છીએ. -સ્વામી વિવેકાનંદ

૩૫. નિષ્ફળતાઓની ચિંતા કરશો નહીં, તેઓ તદ્દન સ્વાભાવિક છે. જો સંઘર્ષો ન હોય તો જીવનની પ્રાપ્તિનું પણ કશું જ મૂલ્ય નથી. - સ્વામી વિવેકાનંદ

૩૬. કોઈપણ જીવન કદાપિ નિષ્ફળ હોઈ શકે નહિ, સંસારમાં નિષ્ફળતા જેવી કોઈ વસ્તુ જ નથી. - સ્વામી વિવેકાનંદ

૩૭. પોતપોતાના સ્વાભાવિક કર્મોમાં સદા રત મનુષ્ય ઉત્તમ સિદ્ધિ મેળવે જ છે. - દયાનંદ સરસ્વતી

૩૮. નિષ્ફળતા સુષુપ્ત રહેલી શક્તિને જાગૃત કરે છે.-દેવેશ્રી

૩૯. શ્રેષ્ઠ વિચારોની મૂડી જીવનને સફળ બનાવે છે.-હરદાસ

૪૦. સફળતાની હેઠળ અનેક ભૂલો ઢંકાયેલી હોય છે.-અજ્ઞાત

૪૧. કોઈપણ પ્રજાનો ઉદ્ધાર તેના લશ્કરી સેનાપતિઓ કે ઉદ્યોગપતિઓ કે પુરોહિતો કે રાજકારણીઓથી નહી પરંતુ તેના ચારિત્ર્ય બળવાળા સંતોથી થાય છે. - ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન

૪૨. ઉત્સાહી કાર્યકરોથી કાર્યસિધ્ધિ સંભવે છે, નહીં કે નિરુત્સાહી ટોળાથી. - અજ્ઞાત



૪૩. નિષ્ફળતા એ સફળતાનો વિરોધ નહીં પણ વિલંબ સૂચવે છે. - અજ્ઞાત

૪૪. લક્ષ્ય અર્જુન જેવું અને ધ્યાન એકલવ્ય જેવું હોય તો નિષ્ફળતાનો પડછાયો પણ જોવા ન મળે.

૪૫. સફળતાનું રહસ્ય તેઓ જ જાણે છે જેઓ હજુ સુધી સફળ થયા નથી. - અજ્ઞાત

૪૬. સફળતાની ચાવી પરિશ્રમ છે, પણ કેટલાક લોકો તે ચાવીને વાપરવાને બદલે તાળું તોડી નાખે છે. - અજ્ઞાત

૪૭. સફળતા માટે તાલીમથી પણ વધુ જરૂર છે તેજસ્વી આત્માની. - અજ્ઞાત

૪૮. નિષ્ફળતાની કદી પરવા ન કરો. નિષ્ફળતાઓ સાવ સ્વાભાવિક છે અને જીવનનું તે સૌંદર્ય છે.

૪૯. અનુકરણ એ કેટલીક વાર તાલીમનૌકા છે, પણ તે કપ્તાનના ધ્વજને કદાપિ ફરકાવી શકે નહીં - અરવિંદ

૫૦. પ્રસિદ્ધિ એ વીરતાનાં કાર્યોની સૌરભ છે, જ્યારે સિધ્ધિ એ પરિશ્રમની ફલશ્રુતિ છે.

૫૧. બે પ્રકારના લોકો જીવનમાં નિષ્ફળ જાય છે એક તો જેઓ વિચારે પણ એને કાર્યમાં ઉતારતા નથી અને બીજા કે

જેઓ કાર્ય જરૂર કરે છે પણ વિચાર્યા વગર - થોમસ ઈલિયર

૫૨. દરેક નાનો મોટો પરાજય એ વિજય તરફ લઈ જનારું પગથિયું હોય છે. એવું માનનારો આખરે વિજય મેળવે જ. - અજ્ઞાત

૫૩. નિષ્ફળતાને વહોરી લેવી તે માનસિક ગુનો છે.

૫૪. પોતાની જાત ઉપર પ્રભુત્વ એ મોટામાં મોટો વિજય છે, બધાં સ્થાયી સુખનો એ પાયો છે.

૫૫. આપણે જે ગમે તે કરવા કરતાં જે કરીએ તે ગમાડવું તે વધુ મોટી સિદ્ધિ છે. - બ્લેક

૫૬. ધનના અભાવ કરતાં પણ શક્તિના અભાવથી જ મોટે ભાગે અસફળતા મળે છે. - હેનરી ફોર્ડ

૫૭. ક્ષણભરની સફળતા વર્ષોની અસફળતાની કમીને પૂરી કરી દે છે. - રોબર્ટ બ્રાઉનિંગ

૫૮. તમારા ઉદ્દેશ્યમાં નિષ્ઠા એ જ સફળતાનું રહસ્ય છે. - ડિઝરાયેલી

૫૯. યાદ રાખો કે આપ ખાસ વિશિષ્ટ વ્યક્તિત્વ ધરાવો છો, આપને મળેલું કાર્ય આપવનાથી વિશેષ કોઈ કરી જ ન



શકે.

૬૦. ઉમદા અને મહાન કાર્ય માટે શહીદ થયેલા ક્યારેય મરતા નથી. - બારેન

૬૧. અમૃત પીએ તે દેવ, ઝેર પીએ તે મહાદેવ, શહેનશાહ એ છે કે જેને કશાની જરૂર નથી. - રહીમ

૬૨. કેટલાક મહાન જન્મે છે, કેટલાક મહાનતા હાંસલ કરે છે, પણ કેટલાક ઉપર મહાનતા ઠોકી બેસાડવામાં આવે છે. - શેક્સપિયર

૬૩. નિષ્ફળ મનુષ્યો માટે જે અવરોધો હોય છે તે મહાન મનુષ્યો માટે સફળતાં પગથિયાંઓ હોય છે. - દયાનંદ

૬૪. મહાપુરુષોના ગુણ જૂઓ કામ નહીં.

૬૫. સંપૂર્ણતા માટે નહીં શ્રેષ્ઠતા માટે મથજે. - સેક્સન બ્રાઉન

૬૬. પરાજય કે નિષ્ફળતા ક્યારેય અંતિમ હોતાં નથી.

૬૭. સમગ્ર દુનિયા દંડ વડે જીતી શકાય છે કારણ કે સ્વભાવથી ગુનો ન કરનાર હોય તેવો માણસ મળવો મુશ્કેલ છે. - મનુસ્મૃતિ

૬૮. મનુષ્યે પ્રેમથી ક્રોધને જીતવો, પુણ્યથી પાપને જીતવું, ઉદારતાથી લોભીને જીતવો અને સચ્ચાઈ દ્વારા જૂઠાને

જીતવો.

૬૯. કહો નહીં કે નબળાં પત્તાં મળ્યાં અમારે ભાગ્યે છે. કળા શીખી લો રમવાની તો જીત તમારી સાથે છે. - પૂ. મુનિ ચંદ્રવિજયજી

૭૦. માણસ વાસ્તવમાં ભૌતિક દૃષ્ટિએ હારતો નથી તે માનસિક રીતે હતાશ થતા હાર અનુભવે છે. - અજ્ઞાત

૭૧. જય તો સત્યનો જ થાય છે, પણ જરા મોડો થાય છે. - દાદા ભગવાન

૭૨. દેશના ઉદ્ધારકો, સુધારકો, કાર્યશીલ પુરુષો, મહાત્માઓ અને વીરપુરુષો કાંઈ મશરૂની ગાદી ઉપર જન્મતા નથી. ગરીબાઈરૂપી કાળી જમીનમાં જ સુંદર પાક થાય છે ને સુંદર પુષ્પો ખીલે છે. - ડિઝરાયેલી

૭૩. જેમ માણસ મહાન તેમ તે વધારે નમ્ર ને વધારે ક્ષમાશીલ. તે જેમ હીણો તેમ ઉદ્ધત ને અધમ, ઝેરીલો ને વેરીલો.

૭૪. હોદ્દો મેળવ્યા પછી તેને ન્યાય આપનાર જ મહાન છે.

૭૫. સર્વ પ્રાણીઓની રાત્રિ છે તેમાં સંયમી જાગે છે જ્યારે પ્રાણીઓ જાગે છે તેમાં સંયમી (મુનિઓ) ની રાત્રિ છે. - ભગવદ્‌ગીતા



૭૬. જે સુખ અથવા દુઃખને સમાન જૂએ છે તે યોગી શ્રેષ્ઠ છે. - ભગવદ્‌ગીતા

૭૭. પોતાની જાત પરનો વિજય જ સાચો વિજય. - ગાંધીજી

૭૮. આમ જુઓ તો હાર-જીત એ જાણે શીત ને તાપ છે, ખરું પૂછો તો બેય જરૂરી, આ તો દિવસ-રાત છે. - મુનિ શ્રીચંદ્રવિજયજી

૭૯. વિષમની યાચના કરતાં જ જેને મરી જવાનું લાગે, તે આ જગતને જીતી શકે. - દાદા ભગવાન

૮૦. પરાજય જૂઠાને પોસાતો નથી, સાચાને પોસાય છે. - ટાગોર

૮૧. મનુષ્યને કેટલીક વાર પોતાના પરાજય કરતાં પારકાનો વિજય વધુ ખૂંચે છે.

૮૨. જે માણસ એક પણ પ્રહાર કર્યા વિના શત્રુને મહાત કરી દે છે, તે સૌથી મોટો વિજેતા છે.

૮૩. હથિયારવાળા કરતાં હથિયાર વગરના ઓછો માર ખાય છે. - દાદા ભગવાન

૮૪. માણસ સાધનાના અભાવે નહીં, સાધનાના અભાવે નિષ્ફળ જાય છે.

૮૫. સફળતા કદી કાયમી હોતી નથી, તે જ રીતે નિષ્ફળતા પણ કાયમ માટે રહેતી નથી - કોલિન્સ.

૮૬. જીવનની સફળ કેમ થવું તેનું રહસ્ય તો જેઓ હજી સફળ નથી થયા તેઓ જ જાણએ છે. - કોલિન્સ

૮૭. જીવનની મારી બધી સફળતાઓ નિશ્ચિત સમય કરતાં પા કલાક અગાઉ તૈયાર રહેવાને આભારી છે. - નેલ્સન

૮૮. નિષ્ફળતાની ઈમારત બહાનાના પાયા પર રચાતી હોય છે. - ફ્રાન્સિસ બેકન

૮૯. સફળતાનું રહસ્ય ઉદ્દેશની સ્થિરતા અને મક્કમ નિશ્ચયમાં છે. - બેંજામિન ઈરાંયલી

૯૦. જીવનની કોઈ અણધારી સફળતા વ્યક્તિને જે તે ક્ષેત્રમાં પ્રગતિ કરવાનું પાથેય પૂરું પાડે છે.

૯૧. નિષ્ફળ તે થાય છે જે ક્યારેય પ્રયત્ન કરતો નથી. - નેપોલિયન

૯૨. નિષ્ફળતાનું કારણ આપણે આપણી અંદર શોધવું જોઈએ. - ગાંધીજી

૯૩. નિષ્ફળ માણસ પોતાના કારણે જ નિષ્ફળ હોય છે.



૯૪. ઉત્સાહ, સામર્થ્ય અને હિંમત આ સફળતા મેળવવાના આવશ્યક ગુણો કહેવાય છે. - વાલ્મીકિ રામાયણ

૯૫. ક્ષણભરની સફળતા વર્ષોની અસફળતાની અસફળતાની કમીને પૂરી કરી દે છે. - રોબર્ટ બ્રાઉનિંગ

૯૬. પ્રત્યેક કામ હિંમત અને શાંતિથી કરો, એ જ સફળતાનું સાધન છે. - સ્વામી રામતીર્થ

૯૭. તમારા ઉદ્દેશમાં નિષ્ઠા એ જ સફળતાનું રહસ્ય છે. - ડિઝરાયલી

૯૮. સફળતાનું રહસ્ય એ છે કે તમારા લક્ષ્યને હંમેશા તમારી નજર સમક્ષ રાખો. - ડિઝરાયલી

૯૯. સફળતા જિંદગીની હસ્તરેખામાં નથી હોતી, ચણાયેલી ઈમારત એના નકશામાં નથી હોતી. - શૂન્ય પાલનપુરી

૧૦૦. સફળતાથી હું ડરું છું. સફળ થવું એટલે આ દુનિયામાંનું આપણું કામ પૂરું કરવું. મને તો એ ગમે કે મારું લક્ષ્ય હંમેશા મારી સન્મુખ હોય, પીઠ પાછળ નહીં. - બર્નાડ શો

૧૦૧. જો તમે જીવનના સફળતા મેળવવા માગતા હો તો ધીરજને પોતાનો પરમ મિત્ર, અનુભવને પોતાનો બુદ્ધિમાન

સલાહકાર, સાવધાનીને પોતાની ટેવ અને આશાને પોતાનો સંરક્ષક બનાવી લો. - બર્નાર્ડ શૉ

૧૦૨. સફળ થનારનાં દુઃખ કોઈ જાણતું નથી. - શેક્સપીયર

૧૦૩. નિષ્ફળતા એ સાબિત કરે છે કે સફળતાના પ્રયત્નો પૂરી લગનથી કરેલા નથી. - શ્રીરામશર્મા આચાર્ય

૧૦૪. જ્યાં અલ્પ સિદ્ધિ. - હેલન કેલર

૧૦૫. પોતાને માનવ બનાવવાનો પ્રયત્ન કરો, જો તેમાં સફળતા મળશે તો દરેક કાર્યમાં સફળતા મળશે. - શ્રીરામશર્મા

૧૦૬. પરાજય ક્ષણિક છે, એને સનાતન બનાવે છે હતાશા. - લોંગ ફેલો

૧૦૭. દુનિયા માને છે કે તમારી સફળતા માટે તમારા સિવાય બાકીનાં બધાં જ પરિબળો કારણભૂત છે પણ નિષ્ફળતા આવે છે ત્યારે આ જ દુનિયા માને છે કે તેનું કારણ એક માત્ર તમે જ છો. - દેવેશ મહેતા

૧૦૮. જે પોતાનો માર્ગ પોતે શોધે છે તે સફળતાનાં ઊંચા શિખરો પર પહોંચી જાય છે. જે બીજા પર અધાર રાખે છે તે સદાય ભટકતો રહે છે. - અજ્ઞાત



# આ ચોથી દીર્ઘાયુષ્યની માળા નીચેના ૧૦૮ મણકા ફેરવો

૧. ઓછું જીવવું હોય તો વધુ ખાજો, વધુ જીવવું હોય તો ઓછું ખાજો, અતિ આહાર રોગોનો ઉત્પાદક, સુખનો વિનાશક છે. - ગાંધીજી

૨. બહું ખાનારા, ન ખાનારા ઊંઘણશી કે જાગરણ કરનારને યોગમાં સિદ્ધિ મળી શકતી નથી. - ભગવદ્ ગીતા

૩. ચાટીને, ચાવીને, ચૂસીને, ગળી જઈને - ખવાતા ચાર પ્રકારના અન્નને જઠરાગ્નિ બની હું જ સારી રીતે પચાવું છું. - ભગવદ્ ગીતા

૪. જે પોતાના પેટનો ગુલામ છે એની બે રાત બગડે છે :

ખૂબ ખાધું તે રાત અને જરા ઓછું ખવાય તે રાત.

૫. ન બહું કઠોર બનીએ, ન બહું લાગણી ઘેલાં પ્રમાણ જળવાઈ રહે. તો મીઠાં લાગે કારલાં.

૬. એકવાર ખાય યોગી, બે વાર ખાય ભોગી, ત્રણવાર ખાય રોગી અને અનેક વખત ખાય તે અઘોરી.

૭. કેવો ખોરાક લેવો તેટલું જ મહત્ત્વનું છે. કેવો ખોરાક લેવો તે.

૮. ઉત્તમ સ્વાસ્થ્ય માટે જો મનુષ્ય પ્રકૃતિના નિયમોનું પાલન કરી શકે તો આખા વિશ્વનું કલ્યાણ થઈ શકે છે.

૯. રાંધી-રાંધીને જે ખાય, શરીર ખતમ તેના થાય, ન ખાવાનું જે ખાય, રોગ અનેરા થાય.

૧૦. ત્યજે ખાવાના શોખ, ભગાડો કોઈ પણ રોગ, યુવાનો અપનાવે જો કાચું, વારસામાં મળે સુખ સાચું.

૧૧. રોગ થવા ન દેવા એ ઉત્તમ દવા છે.

૧૨. રોગ કરતાં રોગની ચિંતા વધુ ખરાબ હોય છે.

૧૩. લીમડાનાં પાન, કરમિયાનો કાઢે જાન.

૧૪. લીલીભાજીનું શાક જલ્દી ઉતારે થાક.



૧૫. લીલી-લીલીભાજી, આંખો રાખે તાજી. - આતમજી

૧૬. જે પીવે બીડી, તે ચઢે રોગની સીડી.- ડોંગરેજી મહારાજ

૧૭. ભૂખ કરતાં વધારે ન જ ખાવું. - ધીરૂભાઈ

૧૮. ન બહુ કઠોર બનીએ, ન બહુ લાગણી ઘેલાં, પ્રમાણ જળવાઈ રહે, તો મીઠા લાગે કારેલાં.

૧૯. કેવો ખોરાક લેવો તેટલું જ મહત્ત્વનું છે. કેવો ખોરાક લેવો તે પણ. - આતમજી

૨૦. પ્રકૃતિ, ધીરજ અને સમયપાલન - એ ત્રણેય મહાન ચિકિત્સકો છે. - ચિકિત્સકો

૨૧. માનવ થઈને જન્મ્યા, તો માનવ થઈને જીવીએ ને જીવનમાં માનવતા મહેકાવીએ તો જન્મારો સફળ થાય.- આતમજી

૨૨. જે નિયમિત અને અલ્પ આહાર લે છે એને ક્યારેય વૈદ્યની જરૂર પડતી નથી, અને તે કાયમ પોતાનો ચિકિત્સક બની રહે છે. - શ્રી મહાવીર સ્વામી

૨૩. મનુષ્ય અમર્યાદિત ભોગ ભોગવવા જાય તો રોગી બને છે. - પૂ. ડોંગરેજી મહારાજ

૨૪. બિમારી માત્ર માણસને માટે શરમની વાત હોવી જોઈએ.

કારણ કે, તે કોઈ પણ દોષની સૂચક છે. - ગાંધીજી

૨૫. રોગનો પ્રસાર સ્વયં થાય છે, જ્યારે તેને અટકાવવા પ્રયત્ન કરવો પડે છે.

૨૬. સ્વાદનો ગુલામ બનનાર માણસ ઈન્દ્રિય પરનો કાબુ એક પછી એક ગુમાવતો જાય છે અને અંતે અધઃપતનને જ વરેછે. - અણજાણ

૨૭. જેણે સ્વાદને જીત્યો નથી તે વિષયને જીતી શકતો નથી. - મહાત્મા ગાંધીજી

૨૮. તારે કેટલું ખાવાનું છે તે તારા નામ પર લખાયેલું છે, થોડું ખાઈશ તો વધારે દિવસ ચાલશે વધારે ખાઈશ તો મામલો જલદી પૂરો થઈ જશે. - વિનોબા ભાવે

૨૯. મોંમાં કોળિયો નાખીએ છીએ તો તે ખૂબ ભાવે છે, તો પછી એને જલદી જલદી પેટમાં શું કામ ધકેલી દો છો? સ્વાદનું સ્થાન તે મોંમાં છે. - વિનોબા ભાવે

૩૦. અનિયમિત ખાનાર અને ગમે તેવી ગંદી વસ્તુ ખાનાર વ્યક્તિ પોતાના શરીરને કચરાપેટી જ સમજે છે.- આતમજી

૩૧. કેટલાક માણસો પોતાના દાંતથી પોતાની કબર તૈયાર



કરે છે. - આતમજી

૩૨. માનસિક સ્વસ્થતા એ જ સ્વાસ્થ્યની જડીબુટ્ટી!-અણજાણ

૩૩. મિતાહાર, આનંદ અને આરામ ડોક્ટરને મકાનમાં દાખલ થતાં અટકાવે છે. - અણજાણ

૩૪. સ્વાદેન્દ્રિયને છૂટી મૂકો એટલે બીજી ઈન્દ્રિયો પણ નિરંકુશ પણે દોડશે. - દેવાત

૩૫. જેની જાત સારી એની વાત ન્યારી - દીનેશ પંચાલ

૩૬. કરકસર એ પ્રામાણિકતા, સ્વતંત્રતા અને સુખની માતા છે તેમજ મિતાહાર એ આનંદ અને આરોગ્યની એક રૂપાળી બહેન છે. - ડૉ. જેન્સન

૩૭. આરોગ્ય ઘડતર એ રચનાત્મક કાર્ય છે.

૩૮. જેવું ભોજન તેવું વર્તન - અન્ન તેવો ઓડકાર. - દેવાત

૩૯. જેઓ પ્રેમમય જીવનગાળી રહેલા હોય છે, તેઓને પોતાની જાત પ્રત્યે દવા ખાવાની નવરાશ નથી હોતી, તેમ તેમને દુઃખી થવાની પણ ફૂરસદ નથી હોતી. - જોબર્ટ

૪૦. ખોરાક માનસિક રીતે ઈશ્વરાર્પણ હોવો જોઈએ. - શ્રી મા શારદાદેવી

૪૧. અત્યંત અભાગિયો છે તે દેશ જેનાં યુવક-યુવતીઓનાં ચહેરા પર સ્વાસ્થ્યની આનંદદાયક ઝલક જોવામાં ન આવે. - ગણેશ માલવંકર

૪૨. ભોજન, શાંતિ અને વિનોદ એ વિશ્વના શ્રેષ્ઠ ડોક્ટર છે.- અણજાણ

૪૩. જ્યાં ગંદવાડ ત્યાં મંદવાડ. - અણજાણ

૪૪. વધારે પૈસાથી દવા ખરીદાય, સ્વાસ્થ્ય નહીં. - શીલા વ્યાસ

૪૫. આપણામાં રહેલો આત્મા જ સર્વ રોગોને દૂર કરી શકવા સમર્થ એવો ડોક્ટર છે અને આપણે આપણું શરીર તેને સોંપી દઈએ તે જ માત્ર એક બધા રોગોનો રામબાણ ઈલાજ છે. - શ્રી અરવિંદ

૪૬. સારું અને દીર્ઘાયુ જીવવા માટે સૌથી મોટી સંપત્તિ છે : સ્વસ્થતા - શીલા વ્યાસ

૪૭. ભૂખ લાગ્યા પછી માનવ જમે તો જ અન્ન અમૃત જેવું લાગે છે. - સરકારી કાર્યક્રમ

૪૮. જ્યાં પરમેશ્વરનું નામ ત્યાં નિર્વિકારિતા, જ્યાં નિર્વિકારિતા ત્યાં પૂર્ણ આરોગ્ય - આ એક એવી શ્રદ્ધા છે જેનો આપણે અવશ્ય સ્વીકાર કરવો જોઈએ. - ગાંધીજી



૪૯. કુદરતી ઉપચારની પદ્ધતિ આપણને ઈશ્વરની વધારે નજીક લઈ જનારી છે. - ગાંધીજી

૫૦. હંમેશાં વૃદ્ધ, સ્વચ્છયુક્ત અને મિત આહાર અને ખાસ પ્રસંગોએ અલ્પઆહાર અને નિરાહાર.- સરકારી કાર્યક્રમ

૫૧. અપ્રસાદી અને અન્ન ન લેવું જોઈએ, જે જાતનો ખોરાક લેશો તેવું લોહીનું બંધારણ થશે. ઈશ્વરાર્પણ કરેલ ભોજન લેશો તો લોહી અને મન પવિત્ર બનશે અને શક્તિનો અનુભવ થશે. - શ્રી મા શારદાદેવી

૫૨. જેનું જે ખાદ્ય હોય તેને તે આપવું જોઈએ, માણસ તરીકે જે ખાઈએ તે ગાયને ન આપવું જોઈએ. - દેવાત

૫૩. જે ગાય ખાય તે કુતરા ન ખાય, જે ગાય કે કુતરાં ન ખાય તે તળાવમાં ફેંકી દેવું જેથી માછલીઓ ખાઈ શકે. પણ કોઈ વસ્તુનો બગાડ ન થવો જોઈએ.

૫૪. ઘૃણાથી પીરસતા જમણથી જમાનારને માટે સ્વાસ્થ્યવર્ધક ન રહે. - આતમજી

૫૫. આસનો કરતાં પૂરા સચેત રહેવું સારું, લાંબો સમય એ કરતાં રહો અને શરીર ઉપર ધ્યાન જાય ને એ છોડી દો તો તબિયત બગડે. એ માટે સ્વાસ્થ્ય ન બગડે તેનો વિવેક રાખવો. - શ્રી મા શારદાદેવી

૫૬. ખાવાનું ગરમ અને સુવાની પથારી નરમ. - શ્રી રામકૃષ્ણ પરમહંસ

૫૭. જમણમાં આવે ત્યારે મનમાં કહો કે ઈશ્વરે જે આપ્યું છે તે જમું છું. તેમાં નુકશાન નથી. - વૈદ્ય આતમજી

૫૮. ખાઈ કરીને શરીરને ઠંડુ રાખી પછી ભગવાનને પ્રાર્થના કરવી જોઈએ. - શ્રી મા શરદાદેવી

૫૯. આપણાં મોટા ભાગનાં દુઃખોનું કારણ આપણો ખોરાક છે. - ગાંધીજી

૬૦. યોગ્ય ખોરાક એટલે સાદો ખોરાક, ખૂબ મસાલાયુક્ત ખોરાક નહીં એવો જ ખોરાક લેવો જોઈએ જેમાં પોષકતત્ત્વો વધારે હોય. - અજ્ઞાત

૬૧. ભોજન માત્રામાં ઓછું પણ પોષણક્ષમ હોવું જોઈએ.- સનસતજી

૬૨. વધારે પડતા તેલ-ચરબીવાળા ખોરાક કરતાં સાદો ખોરાક સારો. - વૈદ્ય આતમજી

૬૩. જેમ જેમ આત્મા નીરોગી-નિર્વિકારી થતો જાય, તેમ તેમ શરીર પણ નીરોગી થતું જાય. - અજ્ઞાત



૬૪. ખોરાક તેને કહેવાય જે ખાધા પછી પેટમાં તકલીફ ઊભી ન કરે અને પચવા લાગે. પચી ન શકે તેવો ખોરાક ખાઈ પેટનો ખાડો પૂરવા કરતાં ભૂખ્યાં રહેવું વધારે સારું.- અજ્ઞાત

૬૫. શબ્દકોષમાં તમામ શબ્દોનો અર્થ મળશે પરંતુ જીવનનો અર્થ જીવનમાંથી જ શોધવો પડશે. - અજ્ઞાત

૬૬. જીવન એ ઘાસ દોરી જતો અને સૂર્યાસ્તમાં મળી જતો નાનો પડછાયો છે. - રાજેન્દ્ર વ્યાસ

૬૭. જીવનમાં કશું જ કરવા જેવું નથી, માત્ર તેને સમજી લેવાનું છે. - પ્રો. ચંદુલાલ ઠકરાલ

૬૮. લડવા માટે જિંદગી ટૂંકી છે જ્યારે જીવવા માટે લાંબી છે. - રઘુનાથ

૬૯. જો ‘શા માટે જીવવું’ ની માનવને ખબર હોય તો એનો ‘કેવી રીતે જીવવું’નો પ્રશ્ન હલ થઈ શકે. - શ્રીરામન

૭૦. જીવન એવું જીવી જાઓ કે તમારા મૃત્યુ પછી સ્મશાનની રાખ પણ રડી ઊઠે. - માતાજી

૭૧. જીવન એવી ઉદારતાથી જીવો જાણે મોત તરત જ આવવાનું હોય, જીવનમાં ધ્યેયો એવી રીતે પસંદ કરો

જાણે મોત કદી આવવાનું જ ન હોય. -દેવેશ્રી

૭૨. જીવનમાં વર્ષા ઉમેરાય એ સ્વાભાવિક છે, પરંતુ વર્ષોમાં જીવન ભરવું એમાં જ માનવનું કર્તવ્ય છે. - શ્રીજી

૭૩. જિંદગીભર અર્ધ ધુમાડે સળગવા કરતાં એક વાર રાખ થઈ ફના થવું તે વધુ સારું છે. - સમરણ

૭૪. લાંબી જિંદગી કેમ જીવાય તેની ચિંતા અને આયોજન બધા કરે છે પરંતુ વધુ સારી ગુણવત્તાવાળી જિંદગી જીવવા માટે કોઈક જ આયોજન કરતા હોય છે. - સરકારી કાર્યક્રમ

૭૫. જીવીત રહેવું એ જ મોટો અનુગ્રહ છે. તમે શીખતા જાઓ, અનુગ્રહની વર્ષા થતી રહેશે. - વિમલા ઠકાર

૭૬. કેટલું લાંબુ જીવવું એ કોઈ પણ માણસના હાથમાં નથી, પણ કેવું ઉમદા અને આદર્શમય જીવવું એ દરેકના હાથમાં છે. - શેનેકા

૭૭. મોટપના ભારથી પર થવાય ત્યારે જીવનની હળવાશ અનુભવાય. - ડૉ. એસ. ડી કરંગિયા

૭૮. જીવન એ અપૂરતી વિગતોમાંથી પૂરતાં તારણો કાઢવાની કળા છે. - બરબર

૭૯. જીવનમાં જરૂરિયાતો જેટલી વધારે, પરાધિનતા તેટલી



જ વધારે.

૮૦. માનવ માનવ વચ્ચેનો સંબંધ એટલે જ જીવન.

૮૧. માથું ઠંડુ રાખો, મસ્તક ગર્વથી ઊંચુ રાખો, જીભ હંમેશાં મીઠી અને સાચી રાખો.

૮૨. જીવનમાં સહેલાઈથી મળનાર વસ્તુની કદર ઓછી થાય છે.

૮૩. આંખમાંથી, વાણીમાંથી, હૃદયમાંથી અને આત્મામાંથી અમૃત વહે એવું જીવન બનાવીએ. - જે. વી. ભટ્ટ

૮૪. ઉધાર એ એવો મહેમાન છે જે એકવાર આવ્યા પછી જવાનું નામ નથી લેતો. - પ્રોફેસર

૮૫. જે માણસ પોતાની બહાર નીકળતો નથી તે નાના ટપકા જેવો છે. - સુનિમુની

૮૬. સાદગીભર્યું જીવન એ સફળતાનું સૌથી મોટું રહસ્ય છે. - ગાંધીજી

૮૭. જે થોડું છે તેને સારી રીતે વહેંચીને વધતી જતી ભીંસને થોડી હળવી કરી શકાય. - કનકતારા

૮૮. જીવન એક અનંત સમસ્યા છે કારણ કે, હજુ સુધી કોઈ એને ઉકેલી શક્યું નથી.- સુમન

૮૯. કાગડાની કાળાશ અને તેના કર્કશ અવાજ તરફ ન જોતાં તેની ચકોરતા જીવનમાં ઉતારીએ. - રહીમ

૯૦. બિલાડીના મ્યાઉંને ભૂલીને તેના જેવી લક્ષ્યવેધી તરાપને જીવનમાં અપનાવીએ. - વનરાજ મુરી

૯૧. મૂર્તિની જેમ મનુષ્યનું જીવન પણ બધી બાજુથી સુંદર હોવું જોઈએ. - સુકરાત

૯૨. મુશ્કેલીઓનો સામનો કરવો તેનું નામ જિંદગી. - રવીન્દ્રનાથ ટાગોર

૯૩. પૃથ્વીતત્ત્વનું પ્રતીક છે સામાન. ગુરુત્વાકર્ષણને આધીન એવા આપણે સૌ સામાન તરફ ખેંચાઈએ તે સ્વાભાવિક છે. કેટલાક વિરલ જીવો આવા આકર્ષણ સામે ટકી રહે છે અને ઉડ્ડયન કરી શકે છે. ઉડ્ડયન કરનારને ભાર વધારવાનું પાલવે નહીં. - ગેલીથ

૯૪. જવાબદારીનો સ્વીકાર એટલે જીવનનો સ્વીકાર.-ગાંધીજી

૯૫. એ માણસ ડાહ્યો ગણાય જેના કાન લાંબા, આંખ મોટી અને જીભ ટૂંકી હોય. - રામન

૯૬. તુલસીમાં તમામ દેવતાઓનો હંમેશાં વાસ રહે છે.-દેવેશ્રી



૯૭. ઋતુ પ્રમાણેનાં ફળ ખાવાં, તથા દરરોજ એક સફરજન ખાવું અને ડોક્ટરને દૂર રાખવા. - અજ્ઞાત

૯૮. પેટભરીને ન ખાવું, ભૂખ હોય તેના કરતાં ઓછું ખાવું. કુદરતે બત્રીસ દાંત આપ્યા છે તેથી કઠણ પદાર્થ બત્રીસ વખત ચાવીને ખાવો. - આતમજી વૈદ્ય

૯૯. આહાર જે રોગનું મૂળ અને આહાર જે રોગનું થ શયન છે. - વૈદ્ય ભારતી જોષી

૧૦૦.માણસો ઘણું ખાઈને માંદા પડે અને મરે પણ ખરા, પણ થોડુ ખાઈને માંદા પડ્યા હોય કે ભૂખા મર્યા હોય એવું મેં કદી સાંભળ્યું નથી. - નેપોલિયન

૧૦૧.જાતમહેનત એ માનવજાતિને બચાવવા માટેનું મહાન ઔષધ છે. - ટોલસ્ટોય

૧૦૨.જીભને શું ભાવે છે તેના કરતાં, પેટને શું ફાવશે તે વિચારીને જમશો તો મોટા ભાગના રોગ અને ખર્ચમાંથી બચી શકશે.

૧૦૩.તમારો ખોરાક જ તમારી દવા બની શકે છે. - હીપોકેટસ

૧૦૪.લાંબુ જીવવું હોય તો ધીમે ધીમે જીવવાની જરૂર છે. - સિસરો

૧૦૫.તમામ પ્રકારના રોગો મટાડે તેવાં તત્ત્વો ફળોમાં કુદરતે

ઉદારતાથી ભરેલાં છે. - ડૉ. એલેસ્કોપી

૧૦૬. સારા સ્વાસ્થ્ય માટે શરીરનાં બધાં અંગોનો નિયમિત ઉપયોગ થવો જરૂરી છે. - બર્નાર્ડ શો

૧૦૭. આહારને જ ઔષધ બનાવો. - ગાંધીજી

૧૦૮. પરિશ્રમ શરીરને નીરોગી અને મનને નિર્મળ રાખે છે. - સરદાર



# આ પાંચમી મહત્ત્વાકાંક્ષાની માળા માટે નીચેના ૧૦૮ મણકા ફેરવવા

૧. આખું જગત સુખી રહે તેવી ઈચ્છા દૃઢ કરવાથી આપણે પોતે સુખી થઈએ છીએ. - સ્વામી વિવેકાનંદ

૨. ઈચ્છાશક્તિનો વિકાસ કરવો એ આપણા જીવનનો ઉદ્દેશ છે. દૃઢ ઈચ્છા અને નિશ્ચય ધરાવનાર માણસને માટે આ જગતમાં સમય અને તક છે, છે ને છે જ. - ઈમર્સન

૩. જેમ રોગીનો ઉદ્દેશ નીરોગી થવાનો છે તે જ રીતે મનુષ્યનો મૂળ ઉદ્દેશ જાતનું કલ્યાણ કરી સમાજ કલ્યાણનો છે.

૪. એક પરમાત્મા પ્રાપ્તિનો ઉદ્દેશ હોવાથી કોઈપણ સાધન નાનું કે મોટું હોઈ શકે નહીં.

૫. મનુષ્યને વસ્તુ ગુલામ બનાવતી નથી, તેની ઈચ્છા ગુલામ બનાવે છે. - ઈસુખ્રિસ્ત

૬. વસ્તુઓ દ્વારા સુખની ઈચ્છા તેમના અભાવના દુઃખનું કારણ બને છે. અપ્રાપ્ય વસ્તુની ઈચ્છા અને પ્રાપ્ય વસ્તુની મમતા એ જ બંધન છે, એ જ પરંપરા છે. - રામચંદ્રન

૭. કોઈના અહિતની ભાવના કરવી એ પોતાના અહિતને નિમંત્રણ આપવા બરાબર છે. - ટેગોર

૮. માપ વિનાની ઈચ્છા અમાપ પાપ કરાવે છે. - નાનાજી

૯. મહાન પુરુષો એના ધ્યેયને વરેલા છે જ્યારે સામાન્ય માનવી ફક્ત ઈચ્છાઓને જ વરમાળા પહેરાવે છે.-દેવેશ્રી

૧૦. તૃષ્ણા ઉખાડી નાખનાર આદમી પુનઃ જન્મતો નથી.-શ્રીજી

૧૧. જો સદ્ભાગ્યને આકર્ષવાની તમારી ઈચ્છા હોય તો તમારે શંકાને તિલાંજલિ આપવી જોઈએ. - જયરાજ

૧૨. જીવનની મોટામાં મોટી સમસ્યાનું નામ છે ઈચ્છા. - જે. કૃષ્ણમૂર્તિ

૧૩. એવી કોઈ જ અભિલાષા નથી કે જેને કૃપાના પ્રેમ તથા અનુકંપા તરફથી જવાબ ના મળતો હોય. - શ્રી માતાજી

૧૪. સુખની ઈચ્છા, આશા અને ભોગ આ ત્રણેય તમામ



દુઃખોનું કારણ છે. - વિષ્ણુ મહંત

૧૫. જે પોતાના સુખ માટે વસ્તુઓની ઈચ્છા કરે છે, તેને વસ્તુઓના અભાવનું દુઃખ ભોગવવું જ પડશે.

૧૬. જેની ભીતર કોઈ પણ ઈચ્છા હોતી નથી, તેની જરૂરિયાતની પૂર્તિ પ્રકૃતિ આપોઆપ કરે છે. - વિષ્ણુ મહંત

૧૭. સફળતા વ્યક્તિની ઈચ્છામાંથી શરૂ થાય છે. - વિષ્ણુ મહંત

૧૮. જેમ વાયુ જળમાં નાવને ખેંચી જાય તેમ ઈન્દ્રિયો પુરુષની બુદ્ધિને ખેંચી જાય છે. - ભગવદ્ ગીતા

૧૯. વિષયોને ઈચ્છનારો શાંતિ પામતો નથી. - ભગવદ્ ગીતા

૨૦. જેણે સંકલ્પો છોડ્યા ન હોય તેવો કોઈ યોગી થતો નથી. - ભગવદ્ ગીતા

૨૧. સર્વ સંકલ્પો છોડનાર અનાસક્ત જ 'યોગરૂઢ' કહેવાય છે. - ભગવદ્ગીતા

૨૨. મનુષ્ય અંતકાળે જે જે પદાર્થ યાદ કરતો કરતો શરીર છોડે તે તે પદાર્થો તે પામે છે. - ભગવદ્ ગીતા

૨૩. આપણી ઈચ્છાવૃત્તિને એટલી પ્રબળ બનાવીએ કે ખરાબ પણ સારું બને અને લાગે. - વિવેકાનંદ

૨૪. જીવનમાં આગળ વધવા ઈચ્છતા હો તો ધ્યાન રાખો કે ઈચ્છાઓ આગળ વધવી ન જોઈએ. - સરોજિની

૨૫. ઈચ્છાઓ પડછાયા જેવી છે, તેને પીઠ આપશો તો તે પાછળ આવે જ. - શ્રી

૨૬. દરિદ્રતા ધન મળવાથી જતી નથી, પણ ધનની ઈચ્છા છોડવાથી જાય છે. - સલુણા સ્વામી

૨૭. પોતાના કલ્યાણની તીવ્ર ઈચ્છાથી સાધકનાં પાપ નષ્ટ થઈ જાય છે. - અસરતા

૨૮. ભગવાન સર્વ વ્યાપક છે, પણ ગ્રાહક જોઈએ. થાંભલાઓ કેટલાય છે, પ્રહલાદ જોઈએ.

૨૯. બીજી બધી વસ્તુ કરતાં ઈચ્છાશક્તિ વધુ બળવાન છે. ઈચ્છાશક્તિનું મૂળ ઈશ્વર છે. - બ્રહ્મસ્વામી

૩૦. હકારાત્મક વલણથી રણમાં પણ ઝરણું શોધી શકાય. - સરદારશ્રી

૩૧. પોતાના કલ્યાણની તીવ્ર ઈચ્છાથી સાધકનાં પાપ નષ્ટ થઈ જાય છે. - અજ્ઞાત



૩૨. આંખો એ જ વસ્તુ શોધી કાઢે છે જેની તેને ભીતરમાં ભૂખ હોય છે. - રાજેશ વ્યાસ

૩૩. કીર્તિની ઝંખના માનવીના અધઃપતનનું પહેલું પગથિયું છે. - વિદ્યાચંદ્ર

૩૪. જે મનુષ્ય કશા બદલાની આશા નથી રાખતો, જે સંપૂર્ણપણે નિઃસ્વાર્થી છે, તે સૌથી વધુ સફળ છે. - સ્વામી વિવેકાનંદ

૩૫. આ સંસારમાં જેણે તુચ્છ અને ઉદ્ધત તુષ્ણાને જીતી લીધી છે તેની સઘળી પીડા કમળપત્ર પરથી જલબિન્દુઓ સરી જાય, તેમ સરી પડે છે. - શ્રી સ્વામી શુદ્ધસત્વાનંદ

૩૬. માણસ ઈચ્છા વચ્ચે જ જન્મે છે, જીવે છે અને મૃત્યુ પામે છે - સ્વામી રામકૃષ્ણાનંદ

૩૭. જ્યાં કશી અપેક્ષા નથી, ત્યાં કશું દુઃખ નથી. ઈચ્છા, અપેક્ષા, એ જ સર્વ દુઃખોનું મૂળ છે. - સ્વામી વિવેકાનંદ

૩૮. આકાંક્ષાહીનતાને અતિ શુભ કહી છે, જેમને કોઈ આકાંક્ષા નથી તે સાચે જ ધન્ય છે. ઈચ્છારહિત જ જગતને ચલાવે છે. - સ્વામી વિવેકાનંદ

૩૯. સૂર્ય ન બની શકાય તો કંઈ નહીં, તારો બનીએ, હાઈ-વે ન બની શકાય તો કંઈ નહીં, નાનકડી કેડી બનીએ, આપણે

જ્યાં છીએ, જેવાં છીએ ત્યાં ઉત્તમ બનીએ.

૪૦. જ્યારે પરિસ્થિતિ ખરાબમાં ખરાબ હોય છે ત્યારે ક્રાંતિ માટેની ઈચ્છા સૌથી પ્રબળ હોય છે. - સર્વપલ્લી રાધાકૃષ્ણન્

૪૧. માણસની અંતિમ નિયતિ વ્યક્તિગતતા નથી પણ વૈશ્વિક છે. વ્યક્તિગત વાડ, દીવાલ અને ખેતર ઓછાં એટલો જ માણસ મોટો. - સુભાષ ભટ્ટ

૪૨. શક્તિની જોડે ઈચ્છા પણ તેટલી મહત્ત્વની છે. - ભગવદ્ગીતા

૪૩. આપણી અપેક્ષાઓ જ સ્નેહ સંબંધોને ઝાંખા પાડતી હોય છે. - સંત સાહિત્ય

૪૪. અપેક્ષાને કાંચળીની જેમ ઉતારી નાખીએ, પછી મન આપોઆપ શાંત થશે. - સુરેશ દલાલ

૪૫. મોક્ષનો એક જ અર્થ : નરી ઈચ્છામુક્તિ - સુરેશ દલાલ

૪૬. અતૃપ્ત ઈચ્છાઓનો પડછાયો એ નરક છે. સંતુષ્ટ ઈચ્છાઓનું દર્શન એ સ્વર્ગ છે. - ઉમ્મર ખૈયામ

૪૭. પોતાના સ્વાર્થ માટે બીજાનું બગાડવાની ઈચ્છા થાય ત્યારે માત્ર એક ક્ષણ રોકાઈને પોતાની જાતને સામાની જગ્યાએ



મૂકવી. અર્થ-અનર્થ થતો કદાચ અટકી જશે. - અજ્ઞાત

૪૮. સંસારમાં કોઈ જાતની સુખની ઈચ્છા રાખવી એ જ બંધન છે. - ભીક્ષુક

૪૯. મારી આસ્તિકતા અને શ્રદ્ધાનાં મૂળમાં કોઈ ડર નથી.- સરદાર

૫૦. અંધકાર ઠંડોગાર છે કારણ કે તારાઓને એકમેકમાં શ્રદ્ધા નથી. - રાનડે

૫૧. મનુષ્યજાતિનું તથા સર્વ ધર્મોનું એ સૌથી બળવાન તત્ત્વ છે, 'સર્વ પ્રથમ તમારામાં શ્રદ્ધા રાખો.' - સ્વામી વિવેકાનંદ

૫૨. શ્રદ્ધાવાન સંશય અને સંશયની શ્રદ્ધા પરસ્પરમાં વહેંચી દેવી જોઈએ.

૫૩. જો તમારી પાસે ફૂટી કોડીય ન હોય તે છતાંય તમે તમારી જાતમાં વિશ્વાસ રાખી શકો અને મજબૂત મનોબળથી જિંદગી જીવી શકો. - રઘુનાથ

૫૪. ભગવાનમાં શ્રદ્ધા જીવનનું અંગ બનાવો પણ અંધશ્રદ્ધાના ગુલામ ન બનો. - રાહુજાની

૫૫. આત્મા નિર્વિચાર છે. વિચારથી ત્યાં સુધી નથી પહોંચાતું.-

અભિતાભ

૫૬. વાસ્તવિક જીવનમાં પ્રત્યેક મહાન કાર્યનો આરંભ શ્રદ્ધા અને આત્મવિશ્વાસથી થાય છે અને એનાથી જ આગેકૂચ કે પ્રગતિનું પહેલું પગલું મંડાય છે. - સ્કેલેજ

૫૭. જે પ્રભુની કૃપામાં સાચો સાચ વિશ્વાસ મૂકે છે તેને માટે એ કૃપા અનંત વહેતી રહે છે. - રેજન બિન્ની

૫૮. જેને ધર્મમાં જ શ્રદ્ધા નથી તે વારંવાર મૃત્યુમાં અટવાયા કરે છે. - ભગવદ્ ગીતા

૫૯. ઈશ્વર તરફથી મળેલ દરેક દુઃખને પ્રસાદી ગણી તેનો સ્વીકાર કરો. દુઃખને ભૂલવાનો માર્ગ એ છે કે દુઃખ આવતાં સુખ આવવાની રાહ જોવાનું શરૂ કરો, કારણ કે કુદરતનાં ક્રમ પ્રમાણે દુઃખ પછી સુખ આવે છે. - શ્રી ઈસુ ખ્રિસ્ત

૬૦. જેને પોતાનામાં વિશ્વાસ નથી એને ભગવાનમાં ક્યારેય વિશ્વાસ ન હોઈ શકે. - સ્વામી વિવેકાનંદ

૬૧. સૌથી મોટો નાસ્તિક એ છે કે, જેને પોતાની જાત ઉપર વિશ્વાસ નથી. - સ્વામી વિવેકાનંદ

૬૨. જેને ઈશ્વરના અસ્તિત્વ વિશે શંકા હોય તેને પોતાના અસ્તિત્વ વિશે શંકા ન હોવી જોઈએ! - શ્રી ઈશુ



૬૩. વિશ્વાસની સાચી લડાઈ લડવી. - બાઈબલ

૬૪. પ્રબળ વિશ્વાસ જ મહાન કાર્યનો જન્મદાતા છે. - સ્વામી વિવેકાનંદ

૬૫. તમે કૃપાથી વિશ્વાસ દ્વારા તારણ પામેલા છો અને તે તમારાથી નથી. એ તો દેવનું દાન છે, કરણીઓથી નહીં. રખેને કોઈ અભિમાન કરે. - બાઈબલ

૬૬. આપણે જે વસ્તુ પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન કરતા હોઈએ તે વસ્તુ પ્રત્યેની આપણી મનોવૃત્તિ અને શ્રદ્ધા ઉપર તેની પ્રાપ્તિનો આધાર રહેલો છે. - ડૉ. એસ. ડી. કરંગિયા

૬૭. શ્રદ્ધા એટલે અંતરમાંથી દિવ્ય ચેતનાનું સાહજિક જ્ઞાન. - શ્રી માતાજી.

૬૮. સંસારમાં કેટલાક ધંધા વિશ્વાસ પર અને કેટલાક અવિશ્વાસ પર ચાલે છે પરંતુ અવિશ્વાસ પર ચાલતા ધંધાનું આયુષ્ય લાંબુ હોતું નથી. - અજાણ

૬૯. પહેલેથી મુશ્કેલીઓ કલ્પી લેવી એટલે તેમને થવામાં સહાય કરવી. હંમેશાં પ્રભુની કરુણામાં પૂર્ણ શ્રદ્ધાથી ઉત્તમ જ થવાનું છે એવું પહેલેથી ભાવિદર્શન કરવું, એટલે ધરતી પર અતિમનસને સક્રિય કાર્ય કરવામાં અસરકારક સહાય

કરવી. - શ્રી માતાજી

૭૦. શ્રદ્ધા અને શંકા બંને એક સ્થાનમાં રહી શકે નહીં. શંકાનો જન્મ હૃદયની અસ્થિરતાથી થાય છે, જ્યારે શ્રદ્ધાનો જન્મ અટલ આત્મવિશ્વાસ અને પ્રેમમાંથી, બૌદ્ધિક વાદ-વિવાદ નહીં, ધર્મ એટલે પરમતત્ત્વમાં જીવતું થવું. ધર્મ એટલે અનુભૂતિ. - સ્વામી વિવેકાનંદ

૭૧. જીવનની હર ક્ષણ વિશ્વાસના પાયા પર નિર્ભર છે.-રાહી

૭૨. વિશ્વાસ વિશ્વનો શ્વાસ છે. - જય મહેતા

૭૩. માનવજીવન શ્રદ્ધા અને વિવેકથી ચાલે છે. શ્રદ્ધા હોય તો બીજાના વિવેકથી લાભ ઉઠાવી શકાય. આ યોગ્યતા જ શ્રદ્ધા છે. - સ્વામી અખંડ આનંદ

૭૪. ઈશ્વર તમારી સાથે જ છે એવા ભાવ સહિત દરેક સંજોગનો સામનો કરતાં કોઈ પણ પરિસ્થિતિનો સામનો થઈ શકે. - શ્રી માતાજી

૭૫. સૌથી સારી વસ્તુઓ એવા લોકોના કિસ્સામાં જ બનતી હોય છે જેઓએ પોતાનો સંપૂર્ણ વિશ્વાસ ઈશ્વરનામાં અને માત્ર ઈશ્વરમાં જ મુકેલો હોય છે. - શ્રી માતાજી



# આ છઠ્ઠી અનામતની બળ માળા માટે નીચેના ૧૦૮ મણકા ફેરવવા

૧. આફત આવશે ત્યારે એનો સામનો કરવાની શક્તિ પણ આવશે. - લિંકન

૨. શૂરવીર હોય અને શરીરે ઘા ન ઝીલ્યો હોય તેમજ ઘા ન કર્યો તે તો કદી બને જ નહીં. - મેઘાણી

૩. કુશળ નેતૃત્વ અને કેળવાયેલી પ્રજા બન્ને મળીને સ્વરાજ્ય અને સુરાજ્યની સ્થાપના કરી શકે છે. - સ્વામી સચ્ચિદાનંદ

૪. જે કાર્ય કરવા શક્તિમાન છે તે કાર્ય કરે છે પણ જે કરી શકે તેમ નથી તે માનવી શિખામણ જ આપે છે. - બર્નાડ શો

૫. સૌથી મહાન શક્તિ તો સૌથી મહાન મુશ્કેલીઓમાંથી જન્મે છે. - શ્રી ઈશુ

૬. કસોટીની પળે જે કૌવત દાખવે તે જ સાતિવક કર્તા - પરમાનંદ

૭. ખુમારી માણસને કોઈપણ પરિસ્થિતિમાં ઉન્નત મસ્તકે રાખે છે. - મેઘાણી

૮. સત્તા અને સંપત્તિની પ્રાપ્તિ પછી વ્યક્તિની જવાબદારી વધી જાય છે. જવાબદારી વધે એટલે સ્વસ્થ રહેવું. શરીર અને મન-તન બન્નેથી સ્વસ્થ રહે તે જ પોતાની જવાબદારીઓ સારી રીતે અદા કરી શકે. - ગાંધીજી

૯. શસ્ત્ર શક્તિનું નહીં, નિર્બળતાનું સૂચક છે, બહાદુરીનું નહીં, ભય અને અશ્રદ્ધાનું ચિહ્ન છે. - જવાહરલાલ નહેરુ

૧૦. બહાદુર માણસને મોત જેટલું કારમું લાગે છે, તેના કરતાં કાયર માણસને ભય વધુ કારમો લાગે છે. - સરદારશ્રી

૧૧. જીવનમાં જો કોઈ ખરાબમાં ખરાબ દોષ હોય તો તે નિર્બળતા છે. - ગાંધીજી



૧૨. એક સાવ નાના બીજમાં હજારો જંગલોની સૃષ્ટિ હોય છે. - ઈમર્સન

૧૩. તમને ઈજા પહોંચાડનાર કાં તો નબળો છે અથવા બળવાન છે. જો તે નબળો હોય તો તેને બચાવ અને જો એ બળવાન હોય તો તારી જાતને બચાવ. - સેનેકા

૧૪. ગમે તેવી ઊંચી પદવીવાળો હોય, પણ અન્યાયનું ધન અને લોકોની હાય મેળવીને સુખી રહી શકતો નથી. કાચો પારો ખાનારની પેઠે એ બાબતો તેનો નાશ કર્યા વિના રહેતી નથી. - શેખ સાદી

૧૫. કાળામાં કાળી ભોંયમાં જ સુંદરમાં સુંદર ફૂલ ઉત્પન્ન થાય છે, અને ઊંચામાં ઊંચા તથા મજબૂતમાં મજબૂત ઝાડ, ખડકોમાંથી પણ ગગન તરફ આગળ વધે છે. - જે. જી. હોલેન્ડ

૧૬. કોઈપણ પ્રકારની આફત તમારી સામે આવી પડે ત્યારે તેને એક પડકારરૂપ સમજીને લડી લેવું જોઈએ. - બર્હર્ટ બાસ્કર

૧૭. આફત એ બહાદુરો માટે કસોટીનો પથ્થર છે - ચીની

૧૮. સબળને કદીક તો નિર્બળની સહાય જોઈએ. - મીતામેર

૧૯. નાના કામમાં ચોક્કસ બનો, તો મોટામાં સફળ થશો જ.

૨૦. અદૃશ્ય દિવ્ય શક્તિના સામર્થ્યમાં જ એક માત્ર આશા રહેલી છે. તમારી સર્વોત્તમ અભિપ્સા તમારા જીવનની વ્યવસ્થા કરે છે. - વિષ્ણુ મહંત

૨૧. ભગવાન સમર્થ હોવા છતાં પણ આપણાથી દૂર થવામાં અસમર્થ છે. - અજ્ઞાત

૨૨. શક્તિ મેળવવાનો શ્રેષ્ઠ રસ્તો સાતત્ય અને સહનશીલતાનો છે. - અજ્ઞાત

૨૩. ત્યાગની સાથે ઐશ્વર્યના, તપસ્યાની સાથે પ્રેમના સંમિલનમાંથી જે શૌર્યનો ઉદ્ભવ થાય એ શૌર્યને લીધે જ માણસ બધી જાતના પરાભવમાંથી બચી જાય છે. - રવિન્દ્રનાથ ટાગોર

૨૪. કાયદાનો અંત એટલે જુલ્મની શરૂઆત. - વિલિયમ વિટ

૨૫. કુશળ પ્રવાસી માટે રસ્તા કે ચીલા નથી, કુશળ વક્તા માટે નિંદા કે પ્રશંસા નથી, કુશળ વાસનાર આંગળા કે ઉલાળો મારતો નથી, છતાં તેણે વાસેલું ઉઘાડી શકાતું નથી, કુશળ બાંધનાર વીંટતો કે ગાંઠ મારતો નથી, છતાં તેનું બાંધેલું છોડી શકાતું નથી. - લાવ્યો ત્સુ



૨૬. કલ્યાણ વાંછા સહુમાં સુષુપ્ત, તેને જગાડે જન તે ભગીરથ.

૨૭. શક્તિ મેળવવાનો શ્રેષ્ઠ રસ્તો સાતત્ય અને સહનશીલતાનો. - અજ્ઞાત

૨૮. બહાદુરી કાર્ય દ્વારા અસરકારક રીતે વ્યક્ત થાય શબ્દો દ્વારા નહીં.

૨૯. સૌથી મોટો વીર પુરુષ સૌથી વધુ ક્ષમાવાન હોય અને ઝગડાથી દૂર રહેવા પ્રયત્નશીલ રહે છે. - થેકરે

૩૦. જેનામાં સ્વયં મરવાની શક્તિ હોય છે તે વીર છે. - ભગવાન મહાવીર

૩૧. વીર પુરુષ રોગશૈયામાં મરવા કરતાં રણક્ષેત્રમાં મરવાનું પસંદ કરે છે. - ગાંધીજી

૩૨. જેને કશું જ જોઈતું નથી તે જ શહેનશાહ છે. - રહીમ

૩૩. શરીર બળથી મેળવેલી સત્તાશરીરની જેમ ક્ષણિક રહેશે, આત્મબળથી મેળવેલી સત્તા આત્માની જેમ અમર રહેશે. - ગાંધીજી

૩૪. ધનના અભાવ કરતાં પણ શક્તિના અભાવથી જ મોટે ભાગે અસફળતા મળે છે. - હેનરી ફોર્ડ

૩૫. તે જ સાચો શૂરવીર પુરવાર થાય છે જે વિપરીત પરિસ્થિતિમાં પણ ઈમાનદારી, સાહસ અને ધીરજને કાયમ રાખીને કાર્ય કરે છે. - શ્રીરામ શાર્મા આચાર્ય

૩૬. મુસીબતોને પાર કરવાથી તાકાત આવે છે તેથી મુશ્કેલીઓથી ગભરાવાને બદલે સ્વીકારવી.

૩૭. સહયોગની શક્તિ દ્વારા અસંભવ પણ સંભવ બની શકે.

૩૮. કોઈ ને કોઈ વિધિ દ્વારા વ્યર્થને ખતમ કરી નાખે તે સમર્થ આત્મા.

૩૯. જો આગળ આવવું હોય તો પ્રેમ તથા સહયોગની સાથે શક્તિરૂપ ધારણ કરો.

૪૦. માણસની તરવાની ભૂમિકા જ્યારે બરાબર પરિપક્વ બને, ત્યાર પછી બીજાને તારવાની શક્તિ આવે. - પૂ. મોરારિબાપુ

૪૧. જ્યાં મમતા હોય ત્યાં જ ક્ષમા હોય. - ગુણવંત શાહ

૪૨. અંધકારનો વિનાશ કરવાની શક્તિ સૂર્યમાં છે. જીવનનો વિકાસ કરવાનું સામર્થ્ય શૌર્યમાં છે, પણ તેમાં વિશ્વાસ ભરવાનું સામર્થ્ય માત્ર અને માત્ર ગુરુમાં છે.

૪૩. યશનો માર્ગ સ્વર્ગના માર્ગ જેટલો કષ્ટદાયક છે.



૪૪. સિંહના નેતૃત્વ હેઠળનું ઘેટાંનું લશ્કર, ઘેટાંના નેતૃત્વ હેટળના સિંહના લશ્કરને હરાવી દે છે. - અરબી કહેવત

૪૫. વીરતા ભલાઈ કરવા કરતાં બુરાઈ ન કરવામાં રહેલી છે. - મેઘાણી

૪૬. એકપાણીનું બિંદુ જોઈ તેનું આબેહૂબ વર્ણન આપવાનું માણસમાં સામર્થ્ય નથી. પછી પૂરું વર્ણન તો કોણ કરી શકે? - મોરારીબાપુ

૪૭. શક્તિ અને સામર્થ્યની જાહેરાત કરવાની જરૂર પડતી નથી. - જયપાલ

૪૮. કિનારાના પત્થરો તોડતાં પહેલાં મોજાંઓને પણ ઐક્યની સુરાવલી બજાવવી પડે છે. - રાજાજી

૪૯. જે મનુષ્ય પોતાની સર્વશક્તિથી કોઈપણ બાબતમાં ઓતપ્રોત થઈ શકે અને જરૂર જણાય ત્યારે તેમાંથી અળગો પણ થઈ શકે, તે જ મનુષ્ય પ્રકૃતિ પાસેથી સૌથી વધુ લાભ ઉઠાવી શકે. - સ્વામી વિવેકાનંદ

૫૦. બહાદુરી કાર્ય દ્વારા વ્યક્ત થાય છે, શબ્દો દ્વારા નહીં.

૫૧. શક્તિશાળી સમાજ જ રાષ્ટોન્નતિ કરી શકે. એ ત્રિકાલાબાધિત સત્ય છે.

૫૨. જે પ્રજા પોતાનું રક્ષણ ન કરી શકે તે નામર્દ ગણાય.

૫૩. જે માનવી પોતાની નિંદા સહી લે છે તે આખા જગત પર વિજય પ્રાપ્ત કરે છે. - વેદ વ્યાસ

૫૪. સંકલ્પ વિહોણું જીવન એ જીવન નથી, માત્ર અસ્તિત્વ છે. - અજ્ઞાત

૫૫. પ્રથમ આવા પ્રયત્ન કરવાને બદલે તમારી પૂરી શક્તિથી શ્રેષ્ઠ કાર્ય કરવાનો આગ્રહ રાખો, કાર્ય દીપશે. - અજ્ઞાત

૫૬. સદ્‌ગુણો હજુ સ્થિર થયા ન હોય તો તેને દોષ માનીને નકારાય નહીં, બલ્કે તેની ખાસ કાળજી લેવી જોઈએ. ઘણા યુવાનોમાં જંગલીપણું તથા અવિચારી સાહસિકતા જોવા મળે છે. પરંતુ તે તો તેની અંદર ઉભરાતી વધારાની શક્તિ, મગરૂબી અને બહાદુરી હોય છે.- ગાંધીજી

૫૭. પ્રત્યેક માણસને પોતાનું લક્ષ્ય અને એ સાધવાની શક્તિ ઈશ્વરે આપેલી છે. - ડોંગરેજજી

૫૮. મનુષ્યની ‘પ્રતિભા’ કેવળ એક ઈન્દ્રિયની ઓશિયાળી નથી, પ્રતિભાનો સંબંધ મનુષ્યની ભીતર પડેલી સમૃદ્ધિ સાથે છે. - વિદ્યાશંકર

૫૯. આ જગતમાં બુદ્ધિશાળીઓની બુદ્ધિ માટે કશું આગમ્ય



નથી. - પંચતંત્ર

૬૦. લાગણીની લગામ બુદ્ધિને સોંપવી.

૬૧. જેઓ બીજાને જાણે તેઓ શિક્ષિત છે પરંતુ જે પોતાને ઓળખે છે તે બુદ્ધિશાળી છે. - લાઓત્જે

૬૨. લાગણી પર બુદ્ધિનું આધિપત્ય ધરાવનારા દુઃખી થાય નહીં. - ટીગવેડા

૬૩. બુદ્ધિમાન એ છે કે જે દુર્જનની મૈત્રી પણ નથી કરતો અને શત્રુતા પણ નથી કરતો.

૬૪. જગતમાં બધાને પૂરતા પ્રમાણમાં જો કોઈ વસ્તુ મળી હોય તો તે બુદ્ધિ છે, કેમ કે તે પોતાનામાં ઓછી છે એવી કોઈ ફરિયાદ કરતું નથી. - જી. નારાયણ

૬૫. કિંમતી કે નકામું એવો ભેદ ઊભો ન કરો તે પૂર્વગ્રહ કે પક્ષપાત જકડી નહીં શકે. - રાનડે

૬૬. વિવેક અને બુદ્ધિનું મિશ્રણ જ વિદ્વાનને જન્મ આપે છે.

૬૭. જેની પાસે બુદ્ધિ છે તેની પાસે બધું જ છે, પરંતુ મૂર્ખની પાસે બધું જ હોવા છતાં કશું નથી. - તિરુવલ્લુર

૬૮. જેનામાં બુદ્ધિ નથી તે વેદશાસ્ત્રોથી શો ફાયદો? આંધળા

માણસ પાસે અરીસો નકામો છે. - ચાણક્ય

૬૯. તકલીફ ઉઠાવવાની તાકાત એ જ બુદ્ધિમત્તા છે. - કાર્લાઈલ

૭૦. થોડું વાંચવું અને વધુ વિચારવું, થોડું બોલવું અને વધુ સાંભળવું એ જ બુદ્ધિમત્તા કેળવવાના ઉપાય છે.

૭૧. સુંદર સમયે ઊચિત નિર્ણય કહે તે જ બુદ્ધિ. - વિદ્યાચરણ

૭૨. સમય અને પરિસ્થિતિને અનુરૂપ પોતાની જાતને ગોઠવવી એ બુદ્ધિમત્તા છે. - નારાયણન

૭૩. લોઢાનો એક ટૂકડો વધે તો એક રૂપિયો ઉપજે પણ જો તેમાંય ઘોડાની નાળ બનાવીને વેચે તો અઢિ રૂપિયા ઉપજે, ઘડિયાળની ઝીણી ઝીણી કમાનો બનાવીને વેચે તો હજારો રૂપિયા ઉપજે. બુદ્ધિના ઉપયોગમાં તેના ઘડતરથી મૂલ્ય અંકાય છે. માણસ વિશે પણ આવું જ છે. માણસની બુદ્ધિનું મૂલ્ય જેટલું વધે એટલું જ માણસનું મૂલ્ય વધે. - સમુદ્રકુમાર

૭૪. ભગવાનથી રંગાયેલી બુદ્ધિ એ જ દ્રવ્ય છે, કાવ્ય છે.

૭૫. કાર્યનો આરંભ જ ન કરવો એ બુદ્ધિનું પહેલું લક્ષણ છે. પણ આરંભ કર્યા પછી એને પાર પાડવું એ બુદ્ધિનું બીજું લક્ષણ છે. - ડૉ. રામ



૭૬. કેવળ પોતાની બુદ્ધિનું અભિમાન જ શાસ્ત્રોની અને સંતોની વાર્તાને અંતઃકરણમાં ટકવા દેતું નથી. - અજ્ઞાત

૭૭. સમુદ્રમાંથી કોઈ રાઈ કાઢી શકે નહીં પરંતુ સંતોએ સંસારભરના ગ્રંથોમાંથી ગીતા કાઢી આપણને આપી છે.- અજ્ઞાત

૭૮. કારણો જાણો, નિરાકરણ સ્વયં મળી જશે. - અજ્ઞાત

૭૯. બુદ્ધિનાં મોટાં કામ જગતના દુઃખી માણસોએ જ અશ્રુપાત અને નિરાશાની વચ્ચે કર્યાં છે. - અજ્ઞાત

૮૦. લાગણીની લગામ બુદ્ધિને સોંપો. - સુભાષચંદ્ર બોઝ

૮૧. કેટલાક માણસો એવા હોય છે કે તેમને વ્યક્ત થવા માટે આખી સંસ્થા જોઈએ. જ્યારે કેટલાકને સહારાના રણમાં મૂકો, થોડા દિવસ પછી જઈને જોશો તો એમની આસપાસ સંસ્થા જામી ગઈ હોય છે. - રાજીવ ગાંધી

૮૨. ધન સિવાય પણ બુદ્ધિશાળી પુરુષો તો સમર્થ જ હોય છે. - રામદેવ

૮૩. હું મહાત્મા ગણાઉ તેથી મારું વચન સાચું જ એમ માની કોઈ વર્તે. મહાત્મા કોણ તે આપણે નથી જાણતાં. સાચો માર્ગ એ છે કે મહાત્માના વચનને પણ બુદ્ધિની કસોટીએ

ચડાવવું ને તેમાં કસ ન ઉતરે તો તે વચનનો ત્યાગ કરવો. - ગાંધીજી

૮૪. સંકટમાં બુદ્ધિ જ પારદર્શક બને છે. - ચાણક્ય

૮૫. સાવચેતી એ ડહાપણનું સંતાન છે. - અજ્ઞાત

૮૬. અઢાર વર્ષની ઉંમર સુધી એકત્ર કરેલા પૂર્વગ્રહોનું નામ જ સામાન્ય બુદ્ધિ છે. - ગાંધીજી

૮૭. જે પોતાના જ્ઞાનને આચરણમાં મૂકે છે તે જ બુદ્ધિમાન છે. - ગાંધીજી

૮૮. શિસ્તબદ્ધ બુદ્ધિ વિના વ્યક્તિત્વમાં નિખાર આવતો નથી.

૮૯. મન કરતાં બુદ્ધિ શ્રેષ્ઠ છે. બુદ્ધિ નિશ્ચય કરે છે. - અજ્ઞાત

૯૦. બુદ્ધિશાળીને હરિફ દેખાતો નથી અને અસર પણ કરતો નથી. - ગાંધીજી

૯૧. સંકટમાં બુદ્ધિ પથદર્શક બને છે. - ચાણક્ય

૯૨. બુદ્ધિ અને મનને કેવળ ઈશ્વરમાં જ સ્થિર કરવાથી પૂજ્યાત્મા બનાય છે. - સરદાર પટેલ

૯૩. બુદ્ધિરૂપી હાથ ઈશ્વર સમર્પિત કરવાથી તે આપમેળે પ્રકાશે છે. - પ્રભુ ઈશુ



૯૪. બુદ્ધિ અને મનને અનુભવની સીટ પર બરાબર ગોઠવી દઈએ તો ક્યારેય નિરાશા ન સાંપડે. - રાનડે

૯૫. જ્ઞાન વડે ઘેર બંધાય છે. બુદ્ધિથી તે સ્થિર થાય છે. - અબ્દુલ કલામ

૯૬. બુદ્ધિ ઈન્દ્રિયોના વિષયો પાછળ જાય તો તે વાંકી બને છે પરંતુ તે ઈશ્વર તરફ વળે એટલે તે સરળ બને છે. - પૂ. ડોંગરેજી મહારાજ

૯૭. માણસને મન વિચારવા માટે અને બુદ્ધિ નિરાંતે નિર્ણય કરવા માટે છે. - જયરાજ

૯૮. જ્યાં સુધી બુદ્ધિ છે ત્યાં સુધી બાહ્ય વિષયોનું અસ્તિત્વ છે. બુદ્ધિનો લય થતાં એમનું અસ્તિત્વ રહેતું નથી. - શ્રી શંકરાચાર્ય

૯૯. લોખંડી સ્નાયુઓ અને કુશાગ્ર બુદ્ધિનો સંયોગ થાય તો આખું જગત તમારા ચરણમાં પડે. - જમશેદજી તાતા

૧૦૦. મૌન કાર્યાન્વિત થયેલી બુદ્ધિ છે, પરંતુ ધ્યાનમાં સંવેદનશીલ બુદ્ધિ અને સમજણ આપમેળે શમી જાય. - વિમલતાઈ ઠકાર

૧૦૧. દિવ્ય ઊર્જાની સાથે જોડાઈ જનારો મનુષ્ય અમાપ

શક્તિનો સ્વામી બની જાય છે. - અજ્ઞાત

૧૦૨. આપણે એટલાં દિવ્ય છીએ કે માગી શકીએ છીએ અને એટલાં મહત્ત્વનાં છીએ કે પામી શકીએ છીએ. - વાન ડાયર

૧૦૩. દરેક મનુષ્યમાં દિવ્યતાનો અંશ છે અને એટલે જ એ જ્યારે સક્રિય થાય ત્યારે આખું બ્રહ્માંડ સક્રિય થાય છે. - લાઓત્ઝે

૧૦૪. તમે જગતની જ્યોતિ છો, જે નગર પહાડની ચોટી પર વસ્યું હોય તે છૂપું રહી શકે નહીં. - ઈસુ ખ્રિસ્ત

૧૦૫. મોક્ષનું પ્રથમ સોપાન છે બધી અનિત્ય વસ્તુઓ પ્રત્યે પરમ વૈરાગ્ય, બીજું સોપાન શ્રવણ, મનન, નિદિધ્યાસન. એના પર એકાગ્રતા સાથે મનન, સતત તૈલધારાવત્ ધ્યાન અને ત્યારબાદ શ્રેષ્ઠતમ નિર્વિકલ્પ સમાધિ સ્થિતિની પ્રાપ્તિ થાય. - શ્રી શંકરાચાર્ય

૧૦૬. જેવી રીતે તપાવેલા લોખંડના લાગ ગોળામાં અગ્નિ અંદર-બહાર વ્યાપ્ત થઈ પ્રકાશમય થાય છે, એવી રીતે બ્રહ્મજગતની અંદર-બહાર વ્યાપ્ત રહી પ્રકાશિત થાય છે. - શ્રી શંકરાચાર્ય

૧૦૭. સુખ દુઃખને સમાન સમજવાળા ધીર પુરુષ જેને એ વ્યાકુળ



કરતાં નથી, તે જ મોક્ષને લાયક બને છે. - સ્વામી શુદ્ધસત્વાનંદ

૧૦૮. શિક્ષકનું કામ બાળકમાં રહેલી દિવ્યતા પ્રગટાવી તેને વિચાર કરતાં કરવાનું છે.

## આ સાતમી રજૂઆતની માળા માટે નીચેના ૧૦૮ મણકા ફેરવવા

૧. નમ્રતા એ મહાન વ્યક્તિનું પ્રથમ લક્ષણ છે. – રસ્કિન

૨. ચંદન કરતાંય વંદન વધુ શીતળ છે.

૩. ભક્તમાં જ્ઞાન ભલે ન હોય પણ નમ્રતા હોય છે તેથી તેને માટે જ્ઞાન મેળવવું સહજ હોય છે. – રામકૃષ્ણ પરમહંસ

૪. વિવેક, વિનય અને વિનમ્રતા મહાનતાનાં લક્ષણો છે.

૫. જ્ઞાન અને સત્તાની સાથોસાથ નમ્રતા અને વિનય પણ વધવાં જોઈએ. – ચાણક્ય

૬. જો સ્વર્ગમાં જવું હોય તો નમ્ર બનવું પડે, ત્યાં દીવાલ ઊંચી છે પરંતુ દરવાજો નીચો છે. – હરિક



૭. અભિમાન અને નમ્રતા બન્નેમાં નમ્રતા મોટી છે. – પંચતંત્ર

૮. ફૂલ આવવાથી વૃક્ષ ઝૂકી જાય છે. પાણીથી ભરેલાં વાદળો ઝૂકે છે. સંપત્તિને સમયે સજ્જનો નમ્ર બની જાય છે. પરોપકારીઓનો સ્વભાવ જ એવો હોય છે. – કાલિદાસ

૯. અત્યંત મધુર સુગંધીવાળું ફૂલ લજ્જાશીલ અને નમ્ર હોય છે. – વર્ડ્ઝવર્થ

૧૦. જેમ ફળોના ભારથી વિશાળ વૃક્ષની ડાળીઓ નીચી નમે છે તેમ મહાન વ્યક્તિ તેની મહાનતાથી નમ્ર બને છે. – કોન્ફ્યુશિયસ

૧૧. પાષાણ હૃદયના માનવીને પણ પિગળાવી નાખનાર નમ્રતા જેવું બીજું કોઈ ઔષધ નથી. – મોહીદીન સુલતાન

૧૨. કઠણ મનુષ્ય નમ્ર થઈને ગુણથી બીજાની હિંસા કરે છે તેમ કઠોર દુર્જન કૃત્રિમ નમ્રતા બતાવે છે પણ હોંશિયારીથી બીજાની હિંસા જ કરે છે.

૧૩. અભિમાને ફરિસ્તાઓને શેતાન બનાવી દાધો, જ્યારે નમ્રતાએ ઈન્સાનને ફરિસ્તા બનાવી દીધો. – ઓગસ્ટાઈન

૧૪. નમ્રતાથી ઘણાં કાર્યો થઈ શકે, કઠોરતાથી ન થાય.- ગાંધીજી

૧૫. સાચી ખુશી નમ્ર ભાવે આપવામાં છે, લેવા તથા માંગવામાં નથી.

૧૬. જરૂર પૂરતું જ બોલાવમાં અગાધ સંયમ અને નમ્રતાની જરૂર પડે છે.

૧૭. વાણીનો સંયમ અને નમ્રતા અતિ આવશ્યક છે એ ન જળવાય તો અનેક વિટંબણાઓ ઊભી થાય છે.

૧૮. વાણીમાં નમ્રતા હોવી જોઈએ. નમ્રતામાં જ મધુરતા રહેલી છે. - શ્રી યોગીજી મહારાજ

૧૯. નમ્રતા એ ખરેખર તો પરાક્રમીનું ભૂષણ છે. - મહાભારત

૨૦. નમ્રતા એ અભિમાનને ઓગાળી નાખે છે. - વિષ્ણુપુરાણ

૨૧. નમ્રતાની અસર દૂર સુધી જાય છે અને તેમાં કંઈ પણ ખર્ચ થતો નથી. - સ્માઈલ્સ

૨૨. નમ્રતા પાષાણને પણ મીણ બનાવી દે છે. - પ્રેમચંદજી

૨૩. ગુરુત્તમભાવ એ અવિનય છે અને લઘુત્તમભાવ એ પરમ વિનય છે. - દાદા ભગવાન



૨૪. નમ્ર ઉત્તર ક્રોધને શાંત કરી દે છે, જ્યારે કઠોર શબ્દો રીસ ચઢાવે છે. - ઈસુ

૨૫. મહાન વ્યક્તિનું મુખ્ય લક્ષણ તેની નમ્રતા છે.

૨૬. વિનય વડે જ ઈન્દ્રિયો પર વિજય પ્રાપ્ત થઈ શકે છે.

૨૭. નમ્રતા સમસ્ત ગુણોની આધારશીલા છે.

૨૮. જે નમ્ર છે તેઓ ધન્ય છે, કારણ કે તેઓ પૃથ્વીના અધિકારી બને છે. - ઈસુ ખ્રિસ્ત

૨૯. વિનય મોક્ષનું દ્વાર છે વિનયથી સંયમ, તપ અને જ્ઞાન મળે છે. - શ્રી મહાવીર સ્વામી

૩૦. જેમ જળ વિનાં ધાન્ય ના ઉપજે તેમ વિનય વિનાની વિદ્યા ફલપ્રદ નથી થતી. - શ્રી મહાવીર સ્વામી

૩૧. નમ્રતાથી દરેક દ્વાર ખૂલી શકે છે.

૩૨. નમ્રતા એ મહાન બનવાનો નક્કર પાયો છે.

૩૩. નમ્રતા અને વિનય જેના પાયમાં ધરબાયાં નથી, એ માનવી મોટાઈનો માત્ર દંભ જ આચરતો હોય છે અને દંભના પરપોટાને ફૂટતાં બહુ વાર લાગતી નથી.

૩૪. વિજયી થયા પછી પણ વિનયી રહે છે એને કદી

કાર્યસિધ્ધિનો કેફ ચડતો નથી. - હરિભાઈ કોઠારી

૩૫. બધા જ સદ્‌ગુણો વિનમ્રતાના પાયા પર ઉભા છે. - કન્ફ્યુશિયસ

૩૬. માણસ કોઈ પદ પર પહોંચે નહીં પણ કોઈના હૃદય સુધી જઈ શકે તે જ તેની મોટાઈ છે. - ચંદ્રકાંત શેઠ

૩૭. નમ્રતા અભિમાનને ઓગાળી નાખે છે. - વિષ્ણુ પુરાણ

૩૮. જ્યારે વ્યક્તિમાં એટલી વિનમ્રતા હોય કે એ પોતાના વિચારો તથા આગ્રહોને બીજા પર લાદવાની કોશિશ ન કરે ત્યારે જ સંબંધ આનંદદાયી બને, ટકે પણ. - વિમલા ઠકાર

૩૯. જ્ઞાન તથા સત્તાની સાથે નમ્રતા અને વિનય પણ વધવાં જોઈએ. - ચાણક્ય

૪૦. દાની, જ્ઞાની, ત્યાગી અને વૈરાગી એ સૌની પાછળ નમ્રતા રહેલી છે. - ખલિલ જિબ્રાન

૪૧. વિનય વગરનું ભણતર નકામું.

૪૨. જીતની ઘડીએ આપણે વધારે નમ્ર થવું જોઈએ. - સરદાર પટેલ

૪૩. જેનામાં નમ્રતા નથી આવતી તેઓ વિદ્યાનો પૂરો



સદ્‌ઉપયોગ કરી શકતા નથી. - ગાંધીજી

૪૪. નમ્રતા સાચે જ ઈશ્વરી ટેકાવાળું ડહાપણ છે. - ઈશુ ખ્રિસ્ત

૪૫. જે આજ્ઞા પાળી જાણે તે જ હુકમ કરી શકે. - સુભાષચંદ્ર

૪૬. નમ્રતા એ જ્ઞાનનો પ્રારંભ છે. - ગાંધીજી

૪૭. નમ્રતા અને મધુર વચન જ મનુષ્યનાં આભૂષણ છે, બાકીનાં બધાં જ નામાત્રનાં ભૂષણ છે. - સંતતિરુવલ્લુર

૪૮. નમ્ર રહેશો તો લોકો સામેથી નમન કરીને મદદ કરશે. - અજ્ઞાત

૪૯. નરમ શબ્દોથી કઠણ હૃદયને પણ જીતી શકાય છે.-અજ્ઞાત

૫૦. માફી માગવી એ શ્રેષ્ઠ જીવનનો સર્વોત્તમ ગુંદર છે, જે કંઈ પણ જોડી શકે છે. - પ્રભુગુરૂ

૫૧. ભલા માણસની પહેલી ઓળખાણ તેની વિનમ્રતા છે. - જવાહરલાલ નહેરુ

૫૨. વંદન મસ્તકથી થાય છે, નમન હૃદયથી થાય છે.- અજ્ઞાત

૫૩. નમ્રતાથી કામ પતે ત્યાં ઉગ્રતા ન દેખાડવી.- અજ્ઞાત

૫૪. કોમળતા એ દિલનો ધર્મ છે, દેહનો નહીં. - પરમહંસ

૫૫. સાક્ષાત્કારથી માણસ ખરેખરો નમ્ર બને છે. - અજ્ઞાત

૫૬. લજ્જા એ સ્ત્રીઓનું એકમાત્ર આભૂષણ છે. લતા મંગેશકર

૫૭. નમ્રતા જ્ઞાનનો માપદંડ છે. - અજ્ઞાત

૫૮. નમ્રતા જ ઊંચે છે. નમ્રતાએ પૃથ્વી અને સ્વર્ગને ધારણ કર્યાં છે. - વેદ

૫૯. નમ્રતા એ જ્ઞાનનો પ્રારંભ છે. - વેદ

૬૦. ક્ષમાને યોગ્ય વ્યક્તિને સજા ન કરાય. - અજ્ઞાત

૬૧. જ્ઞાન અને સત્તા સાથે નમ્રતા અને વિનય પણ વધવાં જોઈએ. - સરોજીની

૬૨. અવિનયી રાજા કરતાં રાજા વિહિન રાજ્ય વધુ સારું છે.- ચાણક્ય

૬૩. ક્ષમા હોય તો કવચની શી જરૂર? માણસમાં ક્રોધ હોય તો પછી શત્રુઓની શી જરૂર? - નીતિશતક

૬૪. અભિમાનને કારણે દેવતા દાનવ બને છે જ્યારે નમ્રતાને કારણે માણસ દેવતા બને છે. - ઓગસ્ટાઈન

૬૫. મિત્ર કરતાં દુશ્મનને ક્ષમા આપવી સરળ છે.

૬૬. વિનાશ પૂર્વે વ્યક્તિ અભિમાની બની જાય છે પરંતુ સન્માન વ્યક્તિને નમ્રતા પ્રદાન કરે છે. - બાઈબલ



૬૭. નમ્રતા આવતાં અભિમાન આપોઆપ ઓગળવા લાગે છે. - વિષ્ણુ પુરાણ

૬૮. મનુષ્યનું કર્તવ્ય વેર લેવા કે બાંધવાનું નથી, પરંતુ તેનું કર્તવ્ય તો ક્ષમા આપવાનું છે. - ગાંધીજી

૬૯. નમ્રતા બધા જ ગુણો માટેની ઈમારતની પાયાની ઈંટ છે. - કન્ફ્યુશિયસ

૭૦. નમ્ર માણસ પોતાના વિશે ક્યારેય બોલતો નથી. - લી બુયટે

૭૧. બધાં જ ગુણો અને શક્તિઓનો અધિકાર પ્રાપ્ત કરવા આજ્ઞાકારી બનો. - વિવેકાનંદ

૭૨. નમ્રતાને પોતાની ઢાલ બનાવી લેવાય તો કાયમ સુરક્ષિત રહેવાય.

૭૩. નમ્ર બનનારને લોકો નમે છે અને સહયોગ આપે છે. - રાહી

૭૪. નમ્રતાનો ગુણ ધારણ કરશો તો બધાં નમન કરે.- અજ્ઞાત

૭૫. નમ્રતાથી જ બીજાનો સ્નેહ અને સહયોગ પ્રાપ્ત કરી શકાય છે. - અજ્ઞાત

૭૬. સાચા મહાન માનવીની પ્રથમ કસોટી તેની વિનમ્રતા. - જહોન ટસ્ફિન

૭૭. કાયર મનુષ્યની નમ્રતા બહાદુર માણસના અવિનય જેટલી જ ખતરનાક છે.

૭૮. મનુષ્યમાત્ર બુદ્ધિ નથી, શરીર નથી, માત્ર હૃદય કે આત્મા નથી, ત્રમેયના એક સરખા વિકાસમાં મનુષ્યત્વ સધાય છે. - ગાંધીજી

૭૯. માણસનું સાચું રૂપ નમ્રતા છે. નમ્રતા વિનાનો માણસ પાણી વિનાની નદી જેવો છે. - પર્લબર્ક

૮૦. જેનો સ્વભાવ કોમળ એ જ ઉત્તમ અને જેનો સ્વભાવ કઠોર ને કટુ તે અધમ માણસ છે.

૮૧. જીભ કોમળ હોવાથી બાળકમાં વહેલી અને પહેલેથી આવે છે અને માણસમાં તે છેલ્લે સુધી રહે છે. દાંત કઠોર હોવાથી મોડા આવે છે અને વહેલા જાય છે. - આતમજી

૮૨. નમ્રતાનો વેશ ધારણ કરતો અહંકાર વિદૂષક જેવો હાસ્યાસ્પદ લાગે. - અજ્ઞાત

૮૩. તમારો હક દ્રઢતાથી પરંતુ વિનયપૂર્વક માગતાં શીખો.

૮૪. કીર્તિ વીરતાપૂર્ણ કાર્યોની સુવાસ છે. - અજ્ઞાત



૮૫. જરૂર પડ્યે કોમલ અને કઠોર થજો પરંતુ નઠોર કદાપિ ન થશો. - ગાંધીજી

૮૬. ડાબી ભીંત સમારવા જમણી ભીંત ન તોડાય. - અબ્રાહમ લિંકન

૮૭. ઊંચી ભેખડ પરથી કૂદી પડવાની સ્વતંત્રતા મળી છે, પરંતુ એ સ્વતંત્રતા ન ભોગવવી, એનું નામ વિવેક. - ગુણવંતશાહ

૮૮. ધનદૌલત કરવામાં મુશ્કેલી નથી પણ તેનો વિવેકપૂર્વક ઉપયોગ કરવો મુશ્કેલ છે. - સ્વામી વિવેકાનંદ

૮૯. વિલાસી વાતાવરણનો રાવણ સ્વર્ગમૃગ ભલે સર્જ્યા કરે, આપણે માથું ઠેકાણે રાખવાની જરૂર છે. - વિજયરત્ન સુંદરસૂરિજી

૯૦. દરેક વ્યક્તિ જો પોતાના વ્યક્તિગત ખર્ચમાં થોડોક વિવેક રાખે તો દુનિયાની અડધી ગરીબી અદશ્ય થઈ જાય અને એટલી જ ગમગીની ખુશાલીમાં ફેરવાઈ જાય. - ધૂમકેતુ

૯૧. સૌથી વધારે ખતરનાક છે તાકાત : પૈસાની, સત્તાની, સમૃદ્ધિની, સંઘબળ કે બહુમતીની, દરેક વખતે તાકાતનો ઉપયોગ કરવામાં વિવેક રાખવો. - આશારામ

૯૨. વિવેક વિનાની જિંદગી મહાસમુદ્રની લહેરોમાં નાની હોડીની જેમ ડૂબી જાય છે. - બેકન

૯૩. માણસનો લોભ આકાશથી પણ ઊંચે જાય છે. પાતાળથી પછી નીચે જાય છે, એટલા માટે એને મર્યાદા હોવી જ જોઈએ. - શ્રીજી સ્વામી

૯૪. કેટલાંક પુસ્તકો રાખવાનાં હોય છે, કેટલાંક ગળી જવાનાં હોય છે અને કેટલાંક ચાવીને પચાવવાનાં હોય છે. - ફ્રાંસીસ બેકન

૯૫. વિવેકબુદ્ધિ અને સ્પષ્ટ વાણી આ બે બાબતોમાં માણસ પશુ કરતાં ચઢિયાતો છે.

૯૬. વિવેકભ્રષ્ટની દુર્ગતિ અવશ્ય થાય છે. - ભર્તૃહરિ

૯૭. જેવી રીતે સોનાથી જડેલું રત્ન સુશોભિત લાગે છે તેમ મનુષ્ય વિવેક પ્રાપ્ત કરીને સુંદરતાને પ્રાપ્ત કરે છે.

૯૮. માનવીમાં લક્ષ્મી અને વિવેક બન્ને ભાગ્યે જ સાથે જોવા મળે. - લિવિ

૯૯. વિવેકથી વિવેક જન્મે છે અને તેનો વિનિયોગ અવિરત ચાલ્યા કરે તો પૃથ્વી પર સ્વર્ગ ઊતર્યા વિના ન રહે. - ગેટ



૧૦૦. સજ્જન અમીરી વખતે પણ ગરીબ જેટલો નમ્ર રહે અને ગરીબી વખતે અમીર જેટલો ઉદાર હોય છે. - શ્રીરામશર્મા આચાર્ય

૧૦૧. કોઈપણ બાબતની મર્યાદા ન ઓળંગો, કોઈપણ વસ્તુનો અતિરેક વધારે ખરાબ છે. - અજ્ઞાત

૧૦૨. સૌનું ભલે સાંભળો પણ જે સાંભળ્યું હોય તેને વિવેકપૂર્વક સમજી જે સાચું હોય તે સ્વીકારતાં સૌને આવડવું જોઈએ.

૧૦૩. પ્રજા ઘેલી થાય પણ રાજાથી ઘેલા ન થવાય, રાજા ઘેલા થાય તો પૃથ્વી રસાતાળ જાય. - ગાંધીજી

૧૦૪. આજે વાંચવાનું બધા જાણે છે પણ શું વાંચવું જોઈએ તે કોઈ જાણતું નથી. - અજ્ઞાત

૧૦૫. વિવેક એ તો બુદ્ધિની પૂર્ણતા છે, જીવનમાં બધાં જ કર્તવ્યોમાં તે આપણો પથદર્શક છે. - બ્રુચે

૧૦૬. જ્યાં વિવેકનો દીપક અસ્ત થાય ત્યાં વિનિપાતનો પાયો આપોઆપ નંખાઈ જાય છે.

૧૦૭. વિવેક એ દશમો નિધિ છે. - શ્રી યોગીજી મહારાજ

૧૦૮. વિવેકની સૌથી મોટી ઓળખ સતત પ્રસન્નતા છે. - ચાણક્ય

# આ આઠમી નિર્ભયતાની માળા માટે નીચેના ૧૦૮ મણકા ફેરવો

૧. દૃઢ ઈચ્છા અને હિંમત કરી શકનારને માટે કોઈ પણ કાર્ય અશક્ય નથ. ''માર્ગને કાં તો હું શોધી કાઢીશ અને કાં તો તે તેને બનાવી લઈશ.'' દૃઢ ઈચ્છા હશે તો માર્ગ અવશ્ય જડવાનો.

૨. અપરિચિત પ્રદેશમાં મારેલી એક છલાંક એટલે સાહસ.

૩. સરોવરને જો નદીમાં રૂપાંતર થવું હોય તો તેણે દિવાલ તોડવાની હિંમત કરવી જ પડે. - વિજયરત્ન સુંદરસૂરિજી

૪. નદીનો જે સાગર થયું હોય તો એણે વહેતા રહીને પોતાની જાતને વિલિન કરી દેવાની હિંમત કેળવવી જ પડે. - વિજયરત્ન સુંદરસૂરિજી



૫. જે વધસ્થાનમાંથી તમે છૂટી શકતા ન હો તે સ્થળે હસતા ચેહરે ઊભા રહેવું એમાં જ ખરી બહાદુરી છે. - એફ. ડબલ્યુ. રોબર્ટસન

૬. મદદ ! ખરે જ જરૂરિયાત હોય તેવા લોકોને મદદ કરો ત્યારે પણ તે તમારા પર હૂમલો કરે એવું પણ બની શકે, છતાંય મદદ કરતા જ રહો.

૭. ઉચ્ચતમ વિચારો અપનાવનાર મહાન મનુષ્યને પણ સંકુચિત વિચારસરણી ધરાવનારાઓ તોડી પાડી શકે, તેમ છતાંય ઉચ્ચ વિચારો રાખજો.

૮. આવી પરિસ્થિતિમાં હિંમત રાખો, મુશ્કેલી આવે ત્યારે હઠી ન જાઓ, સામનો કરો. આપણા બધામાં ખૂબ જ શક્તિઓ છે, 'એ' ચોક્કસ વહારે આવશે.

૯. મુસીબતોથી કશું ગુમાવવાનું નથી, તેનો મુકાબલો કદી ન કરશો.

૧૦. જે માણસને કશું ગુમાવવાનું નથી, તેનો મુકાબલો કદી ન કરશો.

૧૧. સાચું કહેવામાં જેટલી હિંમત જોઈએ, તેના કરતાં સાચું સ્વીકારવામાં વધુ હિંમત જોઈએ.

૧૨. હિંમત એટલે કોઈ પણ જાતના પરિણામની પરવા કર્યા વિના કાર્ય સિદ્ધિ માટે સતત પ્રયત્ન કરવો. - અર્બટન હેસ્ટન

૧૩. ઈશ્વર ગરીબને ગરીબ રાખીને એ તપાસે છે કે તેમાં હિંમત છે કે નહીં. - વિનોબા ભાવે

૧૪. અત્યારે જરૂર છે, પ્રબળ કર્મયોગની અને સાથોસાથ હૈયામાં અખૂટ હિંમત અને અદમ્ય બળની.

૧૫. ડરતાપૂર્વક લોકો સમક્ષ સત્યને રજૂ કરવું એ જ સાચી વીરતા અને બહાદુરી છે, શારીરિક બળનું પ્રદર્શન એ વીરતા નથી.

૧૬. જેઓ હિંમત રાખીને બહાદુરીથી દુઃખો ખર્ચી લે તેઓ જ સફળતા મેળવી શકે છે.

૧૭. બીજા પર આધાર રાખીને ન બેસો, તમારી હિંમત અને શક્તિથી વિકાસ કરી શકશો. - લાલા લજપતરાય

૧૮. પરિપક્વતા એટલે સંવેદનશીલતા અને હિંમત વચ્ચેનું સંતુલન.

૧૯. હિંમતવાન શ્રદ્ધાવાન હોય છે.

૨૦. હિંમત અંતરમાંથી ઊભી થતી વસ્તુ છે, સંખ્યામાંથી નહીં.



- ડ્રાયડન

૨૧. પૈસા ખાતર સંબંધો બગાડશો નહીં, પરંતુ કોઈ તમને અન્યાય કરતું હોય તો હિંમતથી અને શરમાયા વગર રજૂઆત કરવી.

૨૨. હિંમત એટલે કોઈપણ જાતના પરિણામની પરવા કર્યા વિના કાર્ય સિદ્ધિ માટે સતત પ્રયત્ન કરવો. - અર્બટન હેસ્ટન

૨૩. ક્યારેક એવું લાગે છે કે સંસારી બનવામાં સાધુ બનવા કરતાં વધારે હિંમતવાની જરૂર પડે છે.

૨૪. હિંમત એવું નામ છે કે માણસ ઊભો થઈને પોતાની વાત સંભળાવી દે. હિંમત એવું નામ કે માણસ બેસીને બીજાની વાત સાંભળે. - ગેટે

૨૬. સાચી હિંમત ગમે તે જોખમ સાથે ધસી જવામાં નહી પરંતુ વ્યાજબી કારણને વળગી રહેવામાં છે. - ગાંધીજી

૨૭. જે માણસ કરતો નથી તે જ ખરો વીર છે. - ઈમર્સન

૨૮. હિંમતવાન એને ગણવો જે સાચી વાત બધાની વચ્ચે સ્પષ્ટ કહી દે અને પોતાની ભૂલ હોય તો માફી પણ પામે અને બીજાની વાત દલીલ વગર શાંતિથી સાંભળો.

૨૯. શાંતિ અને સાહસથી મુશ્કેલીઓનો સામો કરવો જોઈએ.

૩૦. અત્યારે જરૂર છે, પ્રબળ કર્મયોગની અને સાથોસાથ હૈયામાં અખૂટ હિંમત અને અદમ્ય બળની. - સ્વામી વિવેકાનંદ.

૩૧. સોનેરી નિયમ તો એ છે કે આપણને ખરું લાગે તે નીડર બનીને કરીએ. - ગાંધીજી

૩૨. નિર્ભય વ્યક્તિઓ ઝડપથી સફળતા મેળવે છે. - શેક્સપિયર

૩૩. જે વ્યક્તિ દુર્ભાગ્યના દુર્ગમ માર્ગ પર હિંમત રાખીને આગળ વધે તે બીજા અનેકને માટે માર્ગ પર આશા અને પ્રેરણાનાં પુષ્પો વિખેરતી ચાલે છે. - હેલન કેલર

૩૪. હિંમતવાન શ્રદ્ધાવાન હોય છે.

૩૫. તમારો ભય તમારી પાસે રાખો પણ તમારી હિંમત જરૂર બીજાને આપો.

૩૬. સંકટના સમયે હિંમત રાખવી એ અડધી લડાઈ જીતવા બરાબર છે.

૩૭. નિષ્ફળતાના ભયથી જે ડરતો નથી તે જરૂર પોતાના કાર્યમાં સફળતા મેળવે છે.



૩૮. હાથે કરીને કારણ વગર જોખમ ઊભું ન કરીએ, પરંતુ જો જોખમ આવી જ પડે ત્યારે મર્દાનગીથી તેન સામનો કરવો તે જ તેની વીરતા છે.

૩૯. ડરપોક અને નિર્બળ માણસો જ પાપ કરે છે અને અસત્ય બોલે છે. બહાદુર માણસો હંમેશાં નિતિમાન હોય છે. - સ્વામી વિવેકાનંદ

૪૦. આધ્યાત્મિક ક્ષેત્રમાં નિર્ભય જ પ્રવેશી શકે - પં. સુખલાલજી

૪૧. હિંમત અને પ્રેમ આ બે જ અનિવાર્ય સદ્‌ગુણો છે. બીજા બધા સદ્‌ગુણો આચ્છાદિત થઈ ગયા હશે. નિંદ્રાવશ થયા હશે, તો પણ જો આ બે સદ્‌ગુણો જાગ્રત હશે તો આત્માને બચાવશે.

૪૨. પ્રભુએ તને પોતાનો બનાવ્યો છે, તે માણસોની પ્રશંસા પ્રાપ્ત કરવા નહીં, પણ નિર્ભયતાપૂર્વક પ્રભુની આજ્ઞા પ્રમાણે કાર્ય કરવા માટે. - શ્રી અરવિંદ

૪૩. હારને જીતમાં પલટાવવાની કળા તેનું નામ હિંમત.

૪૪. જગતને જો કોઈ એક જ ધર્મનું શિક્ષણ આપવું હોય તો તે છે નિર્ભયતા. - સ્વામી વિવેકાનંદ

૪૫. સાચા સાહસમાં અધિરતા કે ઉતાવળ હોતી નથી. - શ્રી માતાજી

૪૬. નિરુત્સાહથી ભાગ્યનું પણ પતન થાય છે. - ચાણક્ય

૪૭. પ્રત્યેક કાર્યમાં સાહસને મિત્ર બનાવી લેવાય તો સફળતા જરૂર મળે.

૪૮. નાજુક પરિસ્થિતિમાં ગભરાવાને બદલે તેમાંથી બોધ લઈ પોતાને પરિપક્વ બનાવવાથી ઉન્નતિનો માર્ગ મોકળો બને છે.

૪૯. ઈશ્વરની અનેકગણી મદદ મેળવવાપાત્ર બનવા હિમ્મતનાં કદમ આગળ વધારો.

૫૦. હિમ્મતનું એક ડગલું સફળતાનું કિરણ બતાવે છે.

૫૧. માણસ અભય હોય તો બાકીના ગુણોનો વિકાસ થઈ શકે છે.

૫૨. નિર્ભયતાની ભૂમિ પર જ બીજા કોઈ પણ ગુણનો પાક ઉતારી શકાય. - મીરા ભટ્ટ

૫૩. જ્યાં અભય હોય ત્યાં જ અહિંસા હોઈ હિંમતનું એક કદમ હજારો માઈલનું અંતર કાપી શકે છે. - ગુણવંત શાહ



૫૪. હિમ્મતનું પ્રથમ પગલું ભરો, ઈશ્વરની સંપૂર્ણ મદદ મળશે જ. - ઈશુ

૫૫. જ્યાં હિમ્મત અને સાહસની શક્તિ છે ત્યાં મુશ્કેલીઓ આપોઆપ સમાપ્ત થઈ શકે છે. - રાજાજી

૫૬. મુશ્કેલીઓથી ડરવાની જરૂર નથી કારણ કે મુશ્કેલીઓ જ આત્માને બળવાન બનાવે છે. - રઘુનાથ

૫૭. મુશ્કેલીઓ આવે ત્યારે મહાન માણસ અટકી જવાને બદલે સતત આગળ વધે છે. - અબ્દુલ કલામ

૫૮. માણસે હંમેશાં સાહસને, વીરતાને અને હિંમતને સ્થાન આપીને તેનું મહત્ત્વ સમજવું જોઈએ. - અજ્ઞાત

૫૯. રૂબરૂમાં વખાણ કરવાં અને પાછળથી નિંદા કરવી અને ખરેખર ના-મર્દાઈ છે, હિંમતનું કામ નથી. - અજ્ઞાત

૬૦. મનુષ્યે પોતાના કાર્યના સ્વામી બનવું જોઈએ. કાર્યને પોતાના સ્વામી બનવા દેવું જોઈએ નહીં, પોતે કઈ બાજુએ ઢળવું તેનો નિર્ણય તત્કાળ કરવાની તેનામાં હિંમત હોવી જોઈએ. - શ્રીજી

૬૧. સાવધાનીપૂર્વક વિચાર કર યા નિશ્ચયપૂર્વક કાર્ય કર, માનપૂર્વક તાબે થા યા દૃઢતાપૂર્વક સામે થા. - ડોલ્ટન

૬૨. જગતને જો કોઈ ધર્મનું શિક્ષણ આપવું હોય તો એ છે અભયના ધર્મનું શિક્ષણ. - સુભાષચંદ્ર

૬૩. બહાદુર માણસો હંમેશા નીડર અને નીતિમાન હોય છે. - સ્વામી વિવેકાનંદ

૬૪. હિમ્મત, ધીરજ અને સાહસ ધરાવતો માણસ ક્યારેય નિષ્ફળ જતો નથી.

૬૫. હિંમત અંતરમાંથી ઉદ્‌ભવતી શક્તિ છે.

૬૬. હિંમત એટલે જે પરિચિત છે તેના વળગણમાંથી છૂટવાની શક્તિ. - ગાંધીજી

૬૭. હિંમતને ક્યારેય હથિયારની જરૂર નથી પડતી. - ટોમસ કુલર

૬૮. સાહસ કર્યા વિના જીવનમાં સિદ્ધિ પ્રાપ્ત કરી શકાતી નથી.

૬૯. ઈશ્વરનું સ્મરણ સર્વ રોગોની દવા છે.

૭૦. દુઃખ આવવાથી પ્રસન્ન થવું એ બહુ ઊંચી સાધના છે.

૭૧. પ્રાર્થના છેલ્લો નહીં, પહેલો વિકલ્પ હોવો જોઈએ.

૭૨. જીવન હરપળ પ્રાર્થનામય બને તો જ તેનો મર્મ ઉપસે, તે જીવનની ઘટમાળનો એક હિસ્સો જ બનવો જોઈએ. - અજ્ઞાત



૭૩. દેહને અને ઘરને મંદિર બનાવો, પ્રાર્થના આપોઆપ થશે જ. - પૂ. પપ્પાજી

૭૪. પ્રાર્થના એ આદર્શો સિદ્ધ કરવાની મથામણ છે. - કાકાસાહેબ કાલેલકર

૭૫. ફૂલોમાં વસેલી ફોરમ એ પ્રાર્થના છે, પ્રાર્થના થતી નથી એ હોય છે. - સુરેશ દલાલ

૭૬. ઈશ્વરાભિમુખ થવાની ઈચ્છા એટલે પ્રાર્થના. - ફિલિપ્સ બ્રુક

૭૭. પ્રાર્થના એ કોઈ યાંત્રિક પ્રવૃત્તિ નથી, પરંતુ તેની ઊર્જાને મુક્ત કરવાનો અને તેને વિકસાવવાનો એક માર્ગ હોય છે. - અજ્ઞાત

૭૮. પ્રાર્થના કરવાથી ઈશ્વર બદલાતો નથી, પ્રાર્થના કરનાર બદલાય છે. - કિર્કગાર્ડ

૭૯. પોતાના દુર્ગુણોનું ચિંતન અને ઈશ્વરના ઉપકારોનું સ્મરણ જ સાચી પ્રાર્થના છે. - હિતોપદેશ

૮૦. પ્રાર્થના એટલે વગર પોસ્ટમેને પ્રભુને પહોંચતો સંદેશાનો પત્ર.

૮૧. પ્રાર્થના યાચના નથી, આત્માની ઝંખના છે.

૮૨. ઈશ્વરને યાદ કરતાં આંખમાં આંસુડા દોડી આવે તો માનજો કે પ્રાર્થના પહોંચી ગઈ. - પૂ. મોરારિબાપુ

૮૩. બધે જ બોલી શકાય એનું નામ પ્રાર્થના.

૮૪. તમારું હૃદય તારાઓના જેવું નિર્મળ કરવા માટે ઈશ્વરની પ્રાર્થના કરો. નિયમિત અને અંતઃકરણપૂર્વકના જપ અને ધ્યાનને પરિણામે તમને માલુમ પડશે કે ઈશ્વર તમારી જોડે વાત કરે છે. - શ્રી મા શારદાદેવી

૮૫. પ્રાર્થનામાં શબ્દ નહીં હોય તો ચાલશે, હૃદય વિના નહીં ચાલે.

૮૬. પ્રાર્થના સુંવાળી જિંદગી માટે નહીં પરંતુ ધૈર્યવાન બનાવાની કરજો.

૮૭. પ્રાર્થના એ ઈશ્વરની હૂંફ મેળવવાનું અમોઘ શસ્ત્ર છે.

૮૮. કશી ગરજને કારણે કરેલી માંગણી નહીં પણ સહજ ભાવે ભગવાન સમક્ષ રજૂ થાય તે પ્રાર્થના છે. - પુરુષોત્તમ ગણેશ માવલંકર

૮૯. પ્રાર્થનાથી માણસની સૂક્ષ્મ શક્તિઓ સહેલાઈથી જાગ્રત કરી શકાય છે.

૯૦. પ્રાર્થના એ માનવ જાતની છેલ્લી મૂડી છે, બાકી કશું ન



રહ્યું હોય તો એ પ્રાર્થના આપણને ધીરજ અને નવી આશા આપી શકે. - કાકા સાહેબ કાલેલકર

૯૧. જેને પ્રાર્થનાની ટેવ પડી હશે તે બધી મુશ્કેલીઓ સરળતાથી પાર કરી જશે અને જીવનમાં કસોટીની પળોમાં શાંત રહેશે.

૯૨. માણસ ઈશ્વરની પૂજા કરે અને માણસનો તિરસ્કાર કરે અને બનવા જેવું નથી. - ગાંધીજી

૯૩. પ્રાર્થના અને સ્તુતિ ઈશ્વર તરફના વિકાસ માર્ગમાં પ્રાથમિક સાધનો છે.

૯૪. પ્રાર્થનાની ખૂબી એ છે કે તે બધાં પ્રલોભનો પર વિજય અપાવે છે. - બર્નાડ શો

૯૫. હું કોઈ પણ કામ પ્રાર્થના વગર કરતો નથી. - ગાંધીજી

૯૬. પરમને પાડવામાં આવેલો કોઈપણ સાદ નિષ્ફળ જતો નથી.

૯૭. “હે પ્રભો! હું કોઈના હૃદયને ડંખું નહીં અને કોઈનોય ડંખ હૃદયમાં રાખું નહીં એટલો વિવેક મને હંમેશાં આપ, એટલી જ મારી પ્રાર્થના.”- ઋષિપર્વની પ્રાર્થના

૯૮. શબ્દો નહીં પણ જરૂરિયાતોની લાગણી એ જ સાચી પ્રાર્થના છે.

૯૯. પ્રભુ તો વિશ્વવ્યાપી છે અને એને પ્રાર્થના કરવામાં આવે તો તેઓ કૃપા કરે જ છે.

૧૦૦.તમારી પ્રાર્થના ફળે છે કે નહીં તેની રાહ જોવા માટે તમારામાં ધીરજ હોવી જોઈએ.

૧૦૧.પ્રાર્થના અને સ્તુતિની ઈશ્વર તરફના વિકાસમાર્ગનાં પ્રાથમિક સાધનો છે. - શ્રી સ્વામી વિવેકાનંદ

૧૦૨.પ્રાર્થના ધર્મનો સ્તંભ અને સ્વર્ગની ચાવી છે.

૧૦૩.હંમેશાં પ્રાર્થનાથી આનંદી અને હસમુખા બનવાથી મનુષ્ય ઈશ્વરની વધુ સમીપ પહોંચે છે. - સ્વામી વિવેકાનંદ

૧૦૪.જ્ઞાન અને પ્રકાશ માટે પ્રાર્થના કરો, બાકીની બીજી બધી પ્રાર્થના સ્વાર્થ સાથે સંકળાયેલી છે.

૧૦૫.સ્વાર્થ વિનાની પ્રાર્થનામાં બળ હોય છે, જો તે ખરેખર હૃદયથી થતી હોય તો. - ગુલાબદાસ બ્રોકર

૧૦૬.મનને સ્થિર કરવાનું સાધન મંદિર, દરેકને ત્યાં ઘર મંદિર હોવું જ જોઈએ. - પ્રમુખસ્વામી મહારાજ



૧૦૭.જ્યારે ગરીબ લોકો તારી પાસે હોય, ત્યારે તેમને મદદ કર, પણ અધ્યયન કરીને એવો પ્રયત્ન કર કે કોઈ માણસ ગરીબ ન રહે અને તારે તેને મદદ કરવાની જરૂર ન પડે. - શ્રી અરવિંદ

૧૦૮.પહેલાં ઘરમંદિરો થશે પછી હૃદયમંદિરો થતાં વાર નહીં લાગે. - પ્રમુખસ્વામી મહારાજ

# આ નવમી ઉત્સાહની માળા માટે નીચેના ૧૦૮ મણકા ફેરવવા

૧. આનંદ આત્માની એક સહજ અવસ્થા છે, જ્યાં પ્રતિષ્ઠિત થયા પછી શારીરિક, માનસિક, વૈયક્તિક સઘળો વ્યવહાર કરવા છતાં પણ અધિષ્ઠાન છૂટતું નથી. - વિવેકાનંદજી

૨ આનંદની અવસ્થા એક એવી અવસ્થા છે જેના અધિષ્ઠાનમાં પ્રતિષ્ઠિત થયા પછી જે પ્રાપ્ત પરિસ્થિતિ છે, જીવન જે કંઈ આપની સામે લાવે છે, જે પરિસ્થિતિઓને લાવે છે એમાં સ્વીકારવાની ભાવના નહીં, ત્યાગની ભાવના નહીં, જે સામે આવ્યું છે એની સાથે જીવ્યે જવાય છે. - વિવેકાનંદજી

૩. આનંદના અધિષ્ઠાનમાં પ્રતિષ્ઠિત થતાં, કાલે શું થશે એવી



ચિંતા જ નષ્ટ થઈ જાય છે એ એની મજા છે.

૪. આનંદ એ નિરપેક્ષ છે, સાપેક્ષ અવસ્થા નથી. તન પર, ઈન્દ્રિયો પર, બાહ્ય પરિસ્થિતિ પર, અનુકૂળતા, પ્રતિકૂળતા કોઈ પણ ઉપર આધારિત નથી એ સહજ અવસ્થા છે.

૫. જીવનનું પ્રયોજન સુખ નથી, જીવનનું પ્રયોજન જ્ઞાન નથી, જીવનનું પ્રયોજન કર્મ કે ભક્તિ પણ નથી, ખરેખર તો જીવનનું પ્રયોજન આનંદ છે.

૬. તમારા જીવનના સૌથી આનંદદાયક અનુભવો અને સુખીમાં સુખી દિવસોનું આગ્રહપૂર્વક સ્મરણ કરો.

૭. લાખો વાચકોની અપેક્ષા જે ન રાખતા હોય, તેવા લેખકે એક લીટી પણ લખવી ન જોઈએ. - જહોન ગેટે

૮. આનંદ, દુઃખ, આંસુ, ચિંતા, હતાશા, તનાવ એ તો લાગણીઓનું મેઘધનુષ્ય છે.

૯. જે માણસે પોતાનો ઉત્સાહ ગુમાવી દીધો છે તે દુનિયામાં ખરાબમાં ખરાબ દેવાળિયો છે.

૧૦. પોતે કરેલાં કાર્યોની બીજા નોંધ લેતા નથી તે વેદના થયેલાં કાર્યોનો આનંદનો નાશ કરે છે. નોંધ તો લેવાતી જ હોય,

રાહ જોવી પડે. - અજ્ઞાત

૧૧. આનંદનું સુખ મેળવવા માટે દુઃખનું વિષ પણ જીરવવું પડે છે.

૧૨. આનંદ તો જીવનની પ્રત્યેક પળમાં છુપાયેલો બેઠો છે. તેને ઓળખવાની કે કેળવવાની આવડત વધારો.

૧૩. અતિશય વેદના હસે છે, અતિશય આનંદ આક્રંદ કરે છે. - વિલિયમ બ્લેક

૧૪. મનુષ્ય બીજાઓને આનંદ આપી શકે ત્યારે જ એના જીવનનો હેતુ સધાય છે. - શ્રી મા શારદાદેવી

૧૫. હું બીમાર હોઉં તોય આનંદ, સૂતો હોઉં તોય આનંદ, બોલતો હોઉં તોય આનંદ અને મૌનમાં હોઉં તોય આનંદ. - રણછોડદાસજી મહારાજ

૧૬. અંદરનો આનંદ મળવા લાગે તો સમજવું કે અંદર પરમાત્મા પધાર્યા છે. - પૂ. ડોંગરેજી મહારાજ

૧૭. બુદ્ધિ કરતાં આનંદ શ્રેષ્ઠ છે, આનંદ એ જ બ્રહ્મ છે.

૧૮. સંપત્તિ નહીં સંતોષ, તિરસ્કાર નહીં સ્નેહ, ઈર્ષા નહીં સ્પર્ધા, નિવૃત્તિ નહીં પ્રવૃત્તિ માણસને આનંદને માર્ગે લઈ જાય છે.



૧૯. આનંદનો કોઈ પર્યાય નથી, આનંદ એટલે આનંદ જ. સૃષ્ટિની પ્રકૃતિ તરફ જ્યાં જ્યાં નજર નાખો ત્યાં કેવળ આનંદ છે. - અણજાણ

૨૦. માણસ પોતે જ પોતાના આનંદનો સર્જક છે. આ આનંદ એ બીજું કંઈ નથી પણ એક ઉચ્ચ આદર્શ અને સંવાદિતાપૂર્વક જીવાયેલી જિંદગીની સુગંધ છે. - વિલિયમ જ્યોર્જ

૨૧. એવી રીતે આનંદમાં અને ખુશ રહો કે આપના સંપર્કમાં આવનાર પણ આનંદ પામે, ખુશીનો અનુભવ કરે.

૨૨. આનંદના ખજાનાથી સંપન્ન તેમજ આનંદના ખોરાકથી તંદુરસ્ત બની શકાય છે.

૨૩. આનંદ એ જીવનનો શ્વાસ છે. દેહ ભલે પડે પણ ખુશી કાયમ રહેવી જોઈએ.

૨૪. જે હંમેશાં ખુશહાલ રહે છે તે જ બધાને અને પોતાને પ્રિય હોય છે.

૨૫. ખુશીરૂપી ખજાનાથી ભરપૂર બનવાથી બીજા ખજાના આપમેળે મળી જાય.

૨૬. ખુશીના ખોરાકથી આત્માને હંમેશાં તંદુરસ્ત રાખી શકાય.

૨૭. દરેક પરિસ્થિતિમાં સહનશીલ બનાય તો આનંદનો અનુભવ થાય. - મહંત

૨૮. આનંદ એ ઉપભોગ માટે નહીં વહેંચવા માટે છે.

૨૯. પ્રગતિ માટે વેદના બિલકુલ આવશ્યક નથી જ નથી. મોટામાં મોટી પ્રગતિ એકધારી આનંદપૂર્ણ સમતા દ્વારા જ સાધી શકાય છે. જેઓ સાચા દિલના, સીધા અને સળ છે તેઓને માટે ખરાબમાંથીય સારામાં સારું જ નીપજે છે. - શ્રી દેવદત્ત

૩૦. માણસ ત્યારે સાચો આઝાદ થયો ગણાય જ્યારે તેનો આત્મા સ્વતંત્રતાનો આનંદ ભોગવી શકતો હોય. - રાજીવ

૩૧. દીવાની સમીપે બેઠા હોઈએ અને સાથે પુસ્તક હોય એના જેવો આનંદ દુનિયામાં એકેય નથી. - રાહી

૩૨. જે ફક્ત બહારની વાહ વાહથી જીવે છે તે પોતાનો બધો આનંદ બીજાની મુઠ્ઠીમાં રાખે છે. - ઓલિવર ગોલ્ડસ્મિથ

૩૩. જ્યાં ચાહવાની ભૂમિકા હોય છે ત્યાં શાંતિ, પ્રસન્નતા, સ્વસ્થતા કે સમાધાન જે પણ હોય છે એ ચિરકાલીન તો હોય છે, સાથોસાથ આનંદદાયક પણ હોય છે. - વિજયરત્નજી



૩૪. આનંદ એ અત્તર સમાન છે. જેટલી વધુ જગ્યાએ છાંટીએ એટલી વધુ સુગંધ પ્રસરે.- વિજયરત્ન સુંદરસૂરિજી

૩૫. તમે બધા આનંદ કરો અને આનંદથી જીવો કારણ કે તમારાં નામ સ્વર્ગમાં લખાય છે.

૩૬. દર્દ ત્રણ તબક્કામાં પાઠ આપે છે. પ્રથમ તો સહનશક્તિ, પછી આત્માની સરળતા અને અંતે ઉત્કટ આનંદ. - શ્રી માતાજી

૩૭. પ્રકૃતિ સુંદર હોવાથી સુખી છે. સૌંદર્ય પ્રકૃતિનું આનંદયુક્ત અર્પણ છે. - શ્રી માતાજી

૩૮. કામનાને સંતોષવા કરતાં તેનો પરાભવ કરવામાં વધારે આનંદ છે. - આતમજી

૩૯. તમે મિશનનો કોઈ ભાર ન રાખો, તમે જે કાંઈ કરી રહ્યા છો તે પ્રવૃત્તિ પોતે જ એક સિદ્ધિ છે. તે પ્રવૃત્તિને આનંદમય બનાવો અને હૃદયને હેમખેમ રાખો. - લ્યુથર

૪૦. સાચી ખુશી આપવામાં છે, લેવા તથા માંગવામાં નહીં.

૪૧. સૂર્યાસ્તનના રૂડા રંગો ચંદ્રોદયનો શાંત પ્રકાશ જોઈને મને જ્યારે આનંદ થાય છે ત્યારે વિશ્વવિધાતાની પૂજામાં મારું હૈયું ઉભરાય છે. - અજ્ઞાત

૪૨. સૂર્યાસ્તના રૂડા રંગો ચંદ્રોદયનો શાંત પ્રકાશ જોઈને મને જ્યારે આનંદ થાય છે ત્યારે વિશ્વવિધાતાની પૂજામાં મારું હૈયું ઉભરાય છે.

૪૨. જીવનમાં એકમાત્ર આનંદ છે આરંભ કરવાનો.

૪૩. માનવજાતિની ખાસિયત એ છે કે તેની પાસે જે છે તેનો આનંદ માણવાને બદલે પોતાની પાસે શું નથી તે તેના વિચારમાં દુઃખી થાય છે. પરિણામે પ્રાપ્ત વસ્તુઓનો આનંદ માણી શકતો નથી.

૪૪. જેવી રીતે સદ્‌વિચારો કે સંસ્કારો ખરીદી શકાતા નથી, તેવી રીતે સુખ પણ ખરીદી શકાતું નથી. આખી દુનિયાની સંપત્તિ મળી જાય તો પણ સાચો આનંદ ખરીદી શકાતો નથી.

૪૫. અન્યની કમનસીબીમાં તમારો આનંદ શોધશો નહીં, ક્યાંક તમે પણ એના ભોગમાં બનો.

૪૬. કાર્ય કરવાથી હંમેશા આનંદ મળે તેવું ન પણ થાય, પરંતુ કાર્ય ન કરવાથી તો આનંદ નહીં જ મળે. - ઈઝરાયેલી કહેવત

૪૭. આનંદ એક ફૂલ છે જે કરમાઈ જાય પરંતુ સ્મૃતિ એ શાશ્વત સુગંધ છે. - જે. વી. ટીચર



૪૮. કોઈપણ મોટા બનાવો બનશે કે ખુશીના મોટા પ્રસંગો આવશે ત્યારે વધુ ખુશખુશાલ થઈશું તેમ કરવાથી આજનો આનંદ બરબાદ થશે.

૪૯. હરીફને કે પાડોશીને થતી તકલીફથી પોતે દુઃખ અનુભવે અને તેના સુખથી સુખ અનુભવે તેને જ નિજાનંદ પ્રાપ્ત થાય છે. - ટાગોર

૫૦. વસ્તુ કે સંપત્તિમાંથી મળતો આનંદ કે સુખ ક્ષણિક હોય છે. તે કેવળ પોતાના ભોગવટાનો ન બનતાં બીજાના ભોગવટા માટે ઉપલબ્ધ કરાવી આપવાની ખેવના અને ઈચ્છાથી પોતાને મળતો આનંદ અંતરમાં લીલોછમ અને તરવરતો હોય છે. - અજ્ઞાત

૫૧. આનંદ આપણે જે મેળવીએ તો તેનો થાક લાગે છે, પરંતુ જો તે બીજાને આપીએ તો તેનો થાક નથી લાગતો. - આરિફશા

૫૨. લેનારના સુખ કરતાં આપનારનો આનંદ અનેકગણો હોય છે.

૫૩. જે સારું વિચારે છે અને સારું કરે છે તેને દરેક પળે સ્વર્ગનો આનંદ મળે છે. - અજ્ઞાત

૫૪. આનંદ જ જીવનનું અમૃત છે. ચાખી જુઓ. - અજ્ઞાત

૫૫. સૌંદર્યનો આદર્શ સાદગી અને શાંતિ છે. - અજ્ઞાત

૫૬. દુનિયાની પ્રત્યેક ચીજમાં અને દરેક ક્ષણમાં આનંદ છુપાયેલો છે. તેને શોધતાં અને ભોગવતાં આવડવો જોઈએ. - ટાગોર

૫૭. માનવી આનંદની પળોમાં આસ્તિક હોય છે.

૫૮. આનંદની પળોમાં માનવીનું મન ખીલેલા પુષ્પ જેવું હોય છે. - અજ્ઞાત

૫૯. જાએ અજાણ્યે મનુષ્ય શોધતો હોય છે આનંદને, પણ આનંદની શોધમાં રસ્તામાં સુખ મળ્યું. એમાં ફસાઈ ગયો અને દુઃખ જોયું તો એનાથી ભાગી ગયો, એટલે આનંદ સુધી પહોંચી નથી શકતો. - અજ્ઞાત

૬૦. કોઈક વખત કોઈના આનંદ માટે હારવું પણ પડે તો તે જીત કરતાં વિશેષ છે. - ટાગોર

૬૧. આનંદથી ભરેલો માણસ ઉપદેશ આપ્યા વગર જ ઉપદેશ આપી દેતો હોય છે. - મધર ટેરેસા

૬૨. વિપુલ સાધનો વચ્ચે ઓછાં સાધનોથી સંતોષપૂર્વક જીવનાર, જીવનનો અનેરો આનંદ માણે છે.



૬૩. આનંદી મનુષ્યને અજીર્ણ કદી પણ સતાવતું નથી. - એક ડોક્ટર

૬૪. સામેની વ્યક્તિમાં રહેલાં સારાં પાસાંઓની જ નોંધ લેનાર પ્રફુલ્લિત રહે છે.

૬૫. આપણી પાસે કેટલું છે તે નહીં પણ એમાંથી આપણે કેટલું આનંદપૂર્વક ભોગવી શકીએ છીએ તે મહત્તવનું છે. - સી. એચ. સ્પર્જિયન

૬૬. ખુશી પ્રાપ્ત કરવામાં જેટલો શ્રમ લાગે છે. તેટલો બીજાને ખુશી આપવામાં લાગતો નથી.

૬૭. આનંદ એક અમૃત છે પણ તેને મેળવવા માટે મંથન કરવું જોઈએ. તેને દુઃખના વલોણામાંથી જ પામી શકાય છે. - પરાશર

૬૮. ખુશીની આપણે જેટલી લ્હાણી કરીશું તેટલી તે આપણી પાસે વધારે આવશે. - વિક્ટર હ્યુગો

૬૯. આકાશના તારાઓ નિહાળીને નિઃસાસો નાખવા કરતાં તમારા જ પગ પાસે ખીલેલાં ફૂલોને જોઈને આનંદ અનુભવો.

૭૦. આ દુનિયામાં તમારું મનુષ્ય તરીકેનું હોવું એ સૌથી મોટી

ખુશીની વાત છે.

૭૧. આનંદી હૃદય ચહેરાને પણ આનંદી બનાવે છે.

૭૨. આનંદ એ દૈવી ઔષધ છે, કે જેમાં સ્નાન કરવું જોઈએ. - ચાણક્ય

૭૩. કારણ વગરની ખુશી કાયમ ટકી રહે છે. તે સફળ થાય અને નિરંતર આનંદ આપે. - થોરો

૭૪. માણસ પાસે એટલો બધો પૈસો થવો ન જોઈએ કે પછીની પેઢીના યુવાનો કમાવાનો આનંદ માણી ન શકે. - ટાગોર

૭૫. પ્રવાસનો જે આનંદ મુસાફરોને આવે છે. તે ડ્રાઈવર કે કંડકટરને નથી આવતો.

૭૬. જ્યારે એકાંતમાં પ્રભુસ્મરણ કરીએ ત્યારે અદ્‌ભુત અને અલૌકિક આનંદ તેમજ ચિર શાંતિનો અનુભવ થાય છે. બધું જ સુંદર અને ગમતું લાગે છે. બીજા તરફના વૈમનસ્યો અને કટુતા આપમેળે નાશ પામે છે.

૭૭. પોતાની પ્રગતિનો આનંદ પોતાને તો મળવો જ જોઈએ અને તે તે ભોગવી સુખી થવો જોઈએ. આનંદિત અને પ્રફુલ્લિત થતાં તે શાશ્વત આનંદ બનેછે. - ટાગોર

૭૮. પ્રાપ્તિ પહેલાં કષ્ટો જેટલાં વધુ, પ્રાપ્તિનો આનંદ એટલો જ



વધુ અનુભવાય.

૭૯. આંગણે આવેલી વ્યક્તિને હસતે મોઢે આવકારો, જે આવકાર તમારામાં નિખાર લાવશે. - અજ્ઞાત

૮૦. શ્રીકૃષ્ણ એ પરમાત્માનું આનંદ-સ્વરૂપ છે. - શ્રી અરવિંદ

૮૧. કૃષ્ણ આનંદમય છે અને ઉત્ક્રાન્તિને અતિમનસ ચેતના દ્વારા આધાર આપે છે. - શ્રી અરવિંદ

૮૨. આનંદના આ સરોવરમાં આનંદના તરંગો છે. દરેક લહેરમાં આનંદ જ આનંદ છે.

૮૩. ઈશ્વર દ્વારા આપણું ભાવિ નિર્મિત છે,એમ અનુભવવું એમાં પરમાનંદ રહેલો છે. શ્રી અરવિંદ

૮૪. કેટલાક લોકો જ્યાં જાય છે ત્યાં આનંદ ફેલાવી દે છે. જ્યારે કેટલાક લોકો જ્યાંથી જાય છે ત્યાં આનંદ ફેલાવતા જાય છે. - નવનીત

૮૫. માનવી પોતે જ પોતાના આનંદનો નિર્માતા છે.

૮૬. આનંદીને હરક્ષણ જીવન આનંદી જ લાગે.

૮૭. અલૌકિક નશામાં રહેવાથી તન અને મન કુદરતી રીતે નાચતું રહે છે. - શ્રીજી

૮૮. હંમેશાં ઉમંગ-ઉલ્લાસમાં રહેવાથી આળસ આપમેળે ખતમ થઈ જાય છે. - શ્રીજી

૮૯. પોતાને તથા બીજાને પ્રિય તેઓ જ લાગે જેઓ પોતે હંમેશાં ખુશહાલ રહેતાં હોય. - શ્રીજી

૯૦. જેની પાસે ઉમંગ-ઉત્સાહની પાંખો છે તેને સફળતા સહજ રીતે પ્રાપ્ત થાય છે.

૯૧. ખુશીના છાયા વડે ઠંડકનો અનુભવ કરી શકીએ તો અચૂક નિર્મળ રહી શકાય.

૯૨. ઉદાસીનતાને ભગાડવા ખુશીઓનો ખજાનો સાથે રાખો અને તે વહેવડાવતા રહો. - ટાગોર

૯૩. ઉમંગ અને ઉત્સાહ વિનાં કોઈ પણ મહાન કાર્ય થઈ શકે નહીં. - ટાગોર

૯૪. આનંદ આપતું સુખ એ છે કે જે ઘટના કે પ્રસંગ બન્યા પછી પણ ઉત્સાહભેર વાગોળી શકાય અને સતત વાગોળવાનું ગમે.

૯૫. સાચા દિલથી દાતા, વિધાતા અને વરદાતા બનીને જાતને અને બીજાને રાજી રાખનારા હંમેશા આનંદમય જીવી શકે.



૯૬. આપણે આનંદ આપતી ચીજો ખરીદી શકીએ છીએ, આનંદ નહીં.

૯૭. જ્યારે કોઈ અંગત વ્યક્તિ પાસે અનુભૂતિઓ વ્યક્ત કરવામાં ન આવે ત્યારે આનંદ અધૂરો રહે છે.

૯૮. સ્ફૂર્તિ કેવળ શરીરની નહીં, મનની પણ સંપત્તિ છે. - ગુણવંત શાહ

૯૯. સ્ફૂર્તિવાન માણસ દેશની શાન છે, ઢીલો માણસ દેશનો બોજો છે. - ગુણવંત શાહ

૧૦૦. તમે જ્યારે પોતાના ભોગે પણ કોઈ વ્યક્તિને ખુશ રાખી શકો અને ખુદ જોઈ શકો એનું નામ આનંદ. - સમરસેટ - મોમ

૧૦૧. લુખ્ખા રોટલાનોય આનંદી દેખાવ મિજબાની બનાવી દે છે.

૧૦૨. જે આનંદ આપણે મેળવીએ છીએ એનો ભાર લાગે છે. પણ જે આપીએ છીએ તેનો કદી નહીં. - જે. પતીસેન

૧૦૩. આનંદ માણસને મધુર બનાવે છે જ્યારે પ્રયત્નો મજબૂત બનાવે છે. - અજ્ઞાત

૧૦૪. તમે જ્યારે પોતાના ભોગે પણ કોઈ વ્યક્તિને ખુશ રાખી

શકો, એને ખુશ જોઈ શકો એનું નામ જ આનંદ. - સમરશેર

૧૦૫. આનંદ અને કર્મ - કૌશલ્યથી કલાક નાનાં લાગે છે. - સોફોક્લીઝ

૧૦૬. બ્રહ્મ અનંત આનંદનો ભંડાર છે, એક માત્ર બ્રહ્મ જ પરમ સત્ય છે, ફલતઃ જે સત્યના જ્ઞાતા છે તેઓ તેનું બ્રહ્મ લે છે. - શ્રી શંકરાચાર્ય

૧૦૭. જ્ઞાનની તૃષ્ણાના નશામાં જ આનંદ છે. - શ્રી બુદ્ધ ભગવાન

૧૦૮. આનંદની ક્ષણોમાં વિચાર શમી જાય છે. - સ્વામી રામકૃષ્ણાનંદ



# આ દસમી આવડતની માળા ફેરવવા નીચેના ૧૦૮ મણકા ફેરવવા

૧. સંસારીઓ માટે ચતુરાઈ ગુણ છે જ્યારે સાધુઓ માટે દોષ છે. - શેખ સાદી

૨. પથ્થર પર પથ્થર બેસાડવાથી દિવાલ બનશે, ઢગલો કરવાથી નહીં. - મહંત

૩. સારા નરસાનો ગુણ વસ્તુમાં નહીં વ્યક્તિમા રહેલો છે.

૪. જગતને જિંદગીભર સમજ્યા, ચાલો હવે આપણે જાતને સમજીએ. - અજ્ઞાત

૫. બુદ્ધિના તીક્ષ્ણ માણસો ઘણા મળશે, પરંતુ હૈયાના સરળ વિરલા જ હોય છે. - રામકૃષ્ણ પરમહંસ

૬. લગ્ન કરવાં અઘરાં નથી, તે ટકાવવાં અઘરાં છે. સંસાર ઉભો કરવો તે અઘરું નથી, પણ તેને શાંતિથી ચલાવવો તે અઘરું છે. - શ્રી બી. ડી. સોની

૭. માણસ પોતાના ગુમાવેલા સ્વભાવને લીધે જ અજંપો અનુભવે છે.

૮. સભાન નહીં હો તો ગઈકાલની ભૂલ અને આવતી કાલનો ભય આપણી આજને બગાડે જ.

૯. દરેક મનુષ્ય એક સમજની આસપાસ જીવે છે. દિમાગ મજબૂત રાખજે, કાળું કૂણું.

૧૦. જેનાથી આ જગત વ્યાપ્ત છે તેને તું નાશ રહિત જાણ. એ અવિનાશીનો વિનાશ કરવા કોઈ સમર્થ નથી. - સ્વામી શુદ્ધસત્વાનંદ

૧૧. જાગ્રત વ્યક્તિને દુઃસ્વપ્નનો ડર નથી, સાપ લાગતી દોરીના મૂળ રૂપને જેણે જાણી લીધું છે તે ધ્રુજતો બંધ થાય છે. - શ્રી બુદ્ધ ભગવાન

૧૨. સત્કર્મ કરવું એ માણસનો સ્વભાવ થવો જોઈએ. જો આમ બને તો તે શ્વાસોશ્વાસ બની જાયઅને અહંકારનો અહેસાસ પણ ન રહે. - ભગવદ્‌ગીતા



૧૩. તમે વર્ગવિગ્રહને ઉત્તેજન આપી બંધુત્વને ખોલી શકો નહીં. - અબ્રાહમ લિંકન

૧૪. સુખ દુઃખ, પાપ પુણ્યમાં સરખી ભાગીદારી તે જ સહચર્ય.

૧૫. સમજ બહુ થોડી નકામી.

૧૬. ગેરસમજ કાઢવા કરતાં સમજણને સમજવાની જરૂર છે. - દાદા ભગવાન

૧૭. સમજણથી મોક્ષ અને અસમજણથી બંધન આવે. - દાદા ભગવાન

૧૮. જે જાતને જાણે છે તે અન્યાયને સમજાવવા ક્યારેય ન જાય તેમ જ તેનો ઉત્કર્ષ છે. - ધમ્મપદ

૧૯. કેવળ સમજ ખૂટતી નથી, સમજવા સાથે સૂઝ જરૂરી છે.

૨૦. જીવનમાં ભય પામવા જેવું કાંઈ જ નથી, બધું સમજવા જેવું છે.

૨૧. જે વિશ્વમાં સુધારણા લાવવા માગે છે તેણે પ્રથમ તો પોતાની જાતને સમજવી જોઈએ કેમ કે તે પોતે જ વિશ્વ છે. - જે. કૃષ્ણમૂર્તિ

૨૨. સવાલ એ નથી કે પથરાનો પહેલો ઘા કોણ કરે? સવાલ એ છે કે એ પથરો ઉઠાવીને પહેલું ચણતર કોણ શરૂ કરનાર

છે. - સ્લોઅન વિલ્સન

૨૩. આપણી વાસ્તવિક નિર્બળતા એ છે કે બીજાને સુધારવાનો આપણે વધુ પ્રયત્ન કરીએ છીએ અને પોતાને સુધારવાનો ઓછો. - ધૂમકેતુ

૨૪. જે જેનો સ્વભાવ હોય તેને ફેરવી શકાતો નથી. કુતરાને રાજા બનાવવામાં આવે તો પણ તે જોડા ખાવાનું બંધ કરતો નથી. - સુભાષિત

૨૫. હું કોણ છું? અને શા માટે આ દુનિયામાં આવ્યો છું એ જાણ્યા વગર આ દુનિયા છોડસો નહીં.

૨૬. જોયા વિના જલપાન ન કરો અને વાંચ્યા વિના કશાય પર સહી ન કરો. - સ્પેનિશ કહેવત

૨૭. સરળ સ્વભાવનો માણસ પરાક્રમનું દુઃખ સાંભળીને પોતે ઉપકાર કરવાને સમર્થ ન હોવાથી મનોમન દુઃખી થાય છે.

૨૮. આગ નથી જ લાગવાની પણ અગ્નિશામક રાખવામાં કોઈ નુકશાન નથી. - દિનેશ પંચાલ

૨૯. જ્યારે તમને સંપત્તિ મળે છે ત્યારે તમને તેની રક્ષા કરવાની જરૂર લાગે છે. જ્યારે જ્યારે જ્ઞાન મળે છે ત્યારે તેમાં કોઈ સહભાગીની જરૂર લાગે છે, પરંતુ જ્યારે તમને શાણપણ મળે છે ત્યારે તમને કશી જ જરૂર જણાતી નથી.



૩૦. જેનો સ્વભાવ શુદ્ધ બની જાય છે તે અધોગતિમાં જઈ શકતો નથી.

૩૧. વિચારવું સરળ છે, અભિનય કરવો અઘરો છે. પણ કોઈના વિચારને અમલમાં મૂકવા એ સૌથી કઠિન બાબત છે. વિશ્વને બદલે ઈચ્છનારે પોતાની જાતને પ્રથમ બદલવી. - માતાજી

૩૨. સાચો આચાર્ય તે છે જે શાસ્ત્રોના અર્થોને એકઠા કરે, આચરે અને આચરણમાં સ્થાપે.

૩૩. મન, વચન, કાયા અવિચારે વાપરવાં નહીં.

૩૪. આચરણ વગરનું જ્ઞાન કદરૂપાં ઘરેણાં જેવું ભારરૂપ છે. - હિતોપદેશ

૩૫. અપ્રિય વ્યક્તિના પ્રિય આચરણથી સાવધ રહેવું. - ચાણક્ય

૩૬. વિચારક્રાંતિ આચારક્રાંતિમાં પરિણામે તો તે ફળદાયી ઘટના બને.

૩૭. શબ્દ અને આચરણ એકરૂપ બને તો જ શબ્દ બ્રહ્માસ્ત્ર બને.

૩૮. જે પોતાનાં મન અને બુદ્ધિનો ઉપયોગ કરે છે તે મનુષ્ય છે.

૩૯. પ્રયત્ન કરવાવાળા વધુ શ્રેષ્ઠ છે, તેમાંથી જ્ઞાન પ્રાપ્ત કરનારા વધુ પ્રશસ્ય છે અને તે જ્ઞાનને વ્યવહારમાં મૂકનાર શ્રેષ્ઠત્તમ છે. - મનુસ્મૃતિ

૪૦. યોગ્ય આચરણથી યોગી બનાય.

૪૧. જે સંકલ્પ કરે છે અને પછી એનું આચરણ કરે છે તે વ્યક્તિ માટે કશુ અસંભવ નથી.

૪૨. પ્રભાવક અને સાર્થક ઉપદેશ તે છે જે વાણીથી નહીં, પોતાના આચરણથી રજૂ કરે છે. - શ્રીરામ શર્મા આચાર્ય

૪૩. કોઈનીય કોપી કરવા છતાં ઈશ્વરની કોપી કરવામાં આવે તો શ્રેષ્ઠ આત્મા બની જવાય.

૪૪. અનુસરણ માત્ર એક ઈશ્વરનું કરો, બાકી બધાના ગુણ ગ્રહણ કરો.

૪૫. વિરક્તિ એ 'રંગમાં' નહીં પણ અંતઃકરણથી થતા આચરણમાં છે.

૪૬. જે લોકો આજ્ઞાંકિત બનતાં શીખ્યા નથી, તેમને જ્યારે હૂકમ ફરમાવવાનો અધિકાર આપવામાં આવે છે ત્યારે



સંસ્કૃતિ જોખમમાં મૂકાઈ જાય છે. - ફુલ્ટોન જે. શીન

૪૭. આચાર એ પ્રચારનું ઉત્તમ માધ્યમ છે.

૪૮. સુંદર શરીર કરતાં સુંદર આચરણ ઘણું સારું.

૪૯. સત્યને જાણ્યા પછી આચરણમાં મૂકીએ તો જ જાણ્યું સાર્થક બને છે.

૫૦. જે પોતાની જાતને ઉપદેશ આપી શકે છે તે જ ઉન્નતિ કરી શકે છે.

૫૧. અપ્રિય વ્યક્તિના પ્રિય આચરણથી સાવધ રહેવું જોઈએ. - ચાણક્ય

૫૨. આચરણ વગરનું જ્ઞાન કદરૂપાં ઘરેણાં જેવું ભારરૂપ છે. - હિતોપદેશ

૫૩. મેં અભિવ્યક્તિમાં કેદ કરેલા પ્રત્યેક વિચારને મોટાં આચરણો વડે મારે મુક્ત કરવું જોઈએ. - ખલિલ જિબ્રાન

૫૪. તમારા હાથ કોઈને મારવા અથવા કોઈના હક્કનું છીનવી લેવા કદી ન વપરાય તેનું ધ્યાન રાખવું.

૫૫. જેવું હશે તેવું ચાલશે, ફાવશે, ભાવશે, ગમશે, તેવા માણસો દુઃખી થાય નહીં. - સરદાર પટેલ

૫૬. મગજ અને હાથપગ વચ્ચે અંતર ન જોઈએ. - સરદાર પટેલ

૫૭. બોલે તેમ વર્તે એ વંદનને યોગ્ય છે. - સંત તુકારામ

૫૮. માનવીએ પ્રતિદિન પોતાના આચરણનું અવલોકન કરતા રહેવું જોઈએ કે શું તે પશુઓના જેવું છે કે મહાપુરુષ જેવું.

૫૯. નવો રાજા સિંહણને બેસે ત્યારે, જ જૂના રાજાની ખરી કિંમત થાય છે.

૬૦. જેનું આચરણ સુંદર હોય તે તેનામાં રહેલી માણસાઈને લીધે છે. - શ્રીજી

૬૧. નિર્બોઝપણાનો અનુભવ કરવો હોય તો બાળક અને માલિકપણાનું સંતુલન રાખો. - હેમલ

૬૨. જ્ઞાન અનુભવથી આવે છે. અર્જુને ગીતા અનુભવી હતી.

૬૩. અનુભવમાંથી ઘણું શીખાય પણ અનુભવ કરવામાં જ જિંગી ન વિતાવાય.

૬૪. અનુભવ એ માનવ જાતની એક અનન્ય શાળા છે, માણસ બીજી કોઈ શાળામાં એટલું શીખી શકતો નથી.

૬૫. સાધારણતામાં મહાનતાનો અનુભવ કરવો એ જ મહાન આત્મા બનવા જેવું છે.



૬૬. અનુભવ તે છે, જેનું દિલ મજબૂત છે.

૬૭. અનુભવોની પ્રાપ્ત કરી લેવાય તો ક્યારેય પણ દગો નહીં ખવાય

૬૮. પાષાણને તોડવા સુરંગ જયારે અવિશ્વાસને તોડવા અનુભવની જરૂર હોય છે.

૬૯. જેનાં મૂળિયાં કઠણ ભોંય તોડીને ઊંડે ઊતર્યાં હોય ને ફેલાયાં હોય એવું મજબૂત વૃક્ષ વાવાઝોડાનો પણ સામનો કરી શકે છે.

૭૦. જગત તર્ક અને ટેકાથી નહીં તે સ્નેહ અને સમાધાનથી ચાલે છે.

૭૧. અનુભવ એટલે માણસે પોતાની ભૂલોને આપેલું નામ.

૭૨. બીનઅનુભવી વ્યક્તિનો ઉત્સાહ સારા કામને બદલે નુકશાન વધારે કરે છે. - અંગ્રેજી કહેવત

૭૩. અનુભવ માણસને જે શીખવે તે કોઈ શાખા ન શીખવી શકે. - રાજીવ

૭૪. આપણે પોતે જ ન અનુભવી શકીએ તો, તે બીજાને માથે શા માટે મારવી જોઈએ! - કેમ્પ

૭૫. વિદ્યાર્થીનું જીવન શિક્ષકોના અનુભવ ઉપર નહીં પરંતુ

તેમના પોતાના અનુભવ ઉપર ઘડવું જોઈએ.

૭૬. ઠોકર ખાધા વિના માનવીની ઊંઘ ઉડતી નથી.

૭૭. ભૂલથી અનુભવ થાય અને અનુભવથી સફળતા મળે.

૭૮. બધું ઉછીનું હોઈ શકે પણ અનુભવ તો પોતાનો જ હોય.

૭૯. બુદ્ધિ વડે મુશ્કેલીઓને ઓળખવા છતાં જ્યાં સુધી આપણને તેમનો પ્રત્યક્ષ અનુભવ થતો નથી ત્યાં સુધી આપણે તેમને સાચી રીતે સમજી શકતા નથી. - સ્વામી વિવેકાનંદ

૮૦. કોઈપણ નિર્ણય કરવા ત્રણ બાબતો જરૂર છે, અનુભવ, જ્ઞાન અને નિર્ણયને અભિવ્યક્ત કરવાની ક્ષમતા. - સોક્રેટિસ

૮૧. જીવનની ઈમારતને એક જ બારણું છે અને તે છે અનુભવ.

૮૨. અનુભવને ઊંડાણથી અનુભવીએ તો તેની અનુભૂતિ થાય છે.

૮૩. હાનિઓ અને સંકટો એ અત્યંત કઠિન છે, પણ તેમાંથી જે બોધ મળે છે, તે ક્યાંયથી પણ મળતો નથી. - અજ્ઞાત

૮૪. જિંદગી અનુભવોની સાંકળ છે, તેને સમજવા માટે અનુભવો જીરવવા પડે છે. - હેલન કેલર



૮૫. સરળ અને સીધા સંજોગોમાં વ્યક્તિત્વ નથી ઘડાતું, વ્યક્તિત્વ ઘડાય છે અનુભવોથી, કસોટીઓની પીડાથી, તેમાંથી પસાર થતાં થતાં જ આત્મા મજબૂત બને છે, દૃષ્ટિ સાફ થાય છે, મહત્ત્વાકાંક્ષા જાગૃત થાય છે અને સફળતા પ્રાપ્ત થાય છે. - હેલન કેલર

૮૬. વર્ષોના રઝળપાટ પછી માણસને સમજાય છે કે જીવનમાં ઠોકરોથી મોટો કોઈ ગુરુ નથી.

૮૭. માણસ જીવનમાં, કુટુંબમાં ચોમેરથી પીટાતો રહે છે. - દિનેશ પંચાલ

૮૮. માનવસ્વભાવને એક મોટી વેદના અનુભવવી પડે છે, તે કોઈ નવા વિચારની વેદના.

૮૯. સચ્ચિદાનંદનો અનુભવ થયે સમાધિ થાય. ત્યારે કર્મ ત્યાગ થઈ જાય... મધમાખી ફૂલ પર બેસે નહીં ત્યાં સુધી જ ગણગણ્યા કરે.

૯૦. સમજના છોડવા નીચે ગેરસમજનું નિંદામણ પણ ઊગતું રહે છે.

૯૧. કિચ્ચડવાળા રસ્તા પર પણ ચાલી શકાય તેટલી કેડી શોધી શકાય કે બનાવી શકાય. - અજ્ઞાત

૯૨. ઉતરતી કક્ષાનું કામ ચલાવી લેવું એ પણ ગુનો છે. - અજ્ઞાત

૯૩. સાવ જૂઠાં માણસને પણ કોઈ પોતાને જૂઠું કહીને છેતરી જાય તે નથી ગમતું. - ગુણવંત શાહ

૯૪. દગાબાજ માણસને પણ પોતાની સાથે કોઈ દગો કરે ત્યારે દુઃખ થાય છે. - ગુણવંત શાહ

૯૫. જૂઠું બોલવું પડે તેવી મજબૂરી વિનાનો સમાજ રચાય તો જૂઠું બોલવાનું આપોઆપ ટળે. - ગુણવંત શાહ

૯૬. ઉનાળાની ઝાકળભીની સવાર વેડફી મારવાનો અધિકાર આળસુને પણ નથી.

૯૭. ગેરસમજથી ડરી ડરીને પગલાં ભરનારો પણ આખરે ગેરસમજથી બચી શકતો નથી.

૯૮. હૈયું બાળવા કરતાં હાથ બાળવા સારા. - નરસિંહ મહેતા

૯૯. સૌંદર્ય પામતાં પહેલાં સુંદર બનવું પડે. - કલાપી

૧૦૦. ઈમાનદારીની સાથે સમજદારી જીવનને સફળ બનાવે છે.

૧૦૧. કોઈ તમને અંદર-અંદર લડાવી ન શકે તેટલી સમજણ રાખો. - સરદાર વલ્લભભાઈ પટેલ



૧૦૨. સલાહ કરતાં સહાય મહત્ત્વની છે.

૧૦૩. કર્મની રજકણોને, કુસંસ્કારોની અડચણને અને અસહ્ય આગ્રહના વળગણને દૂર કરવાની તાકાત સમ્યક્ સમજણમાં રહેલી છે. - વિજયરત્ન સુંદરસૂરિજી

૧૦૪. તમે તમારું મૂલ્ય સમજો અને વિશ્વાસ કરો કે તમે સંસારના મહત્ત્વપૂર્ણ વ્યક્તિ છો. - શ્રીરામશર્મા આચાર્ય

૧૦૫. અંદરનું વિભાજન મટે તો સમજણ એની મેળે પ્રગટે. - વિમલા ઠકાર

૧૦૬. વિરોધીની વાત પણ વાગોળવી કેમ કે એમાં ઘણું બધું જાણવા-માણવા સમજવા જેવું હોઈ શકે છે.

૧૦૭. સફળ વ્યક્તિ થવાના પ્રયત્ન છોડી દે, બની જા ગરિમાયુક્ત માનવ. - માર્ક ટ્વેઈન

૧૦૮. એકલા સભ્ય પોશાકથી થોડું સભ્ય થવાય છે! - ગાંધીજી

## આ અગિયારમી ચારિત્ર્યની માળા માટે નીચેના ૧૦૮ મણકા ફેરવવા

૧. સંસ્કારથી વસ્તું શુદ્ધ થાય છે અને તેમાં દિવ્યશક્તિ આવે છે. - ડોંગરેજી મહારાજ

૨. શુભનો માર્ગ ઘણો કઠિન તથા આકરા ચઢાણવાળો છે. હજારો ઠોકરો ખાઈને પણ ચારિત્ર્યને દૃઢ કરવાનું છે. - સ્વામી વિવેકાનંદ

૩. ચારિત્ર્ય એવી વસ્તુ છે, જે સ્થૂળ દર્પણમાં દેખાતી નથી.

૪. બહાર ગમે તેટલી ટાપટીપ કરી, પણ સંસ્કારોનો વિકાસ ન થયો તો તે મડદું ફૂલ્યા જેવું છે. - પ્રમુખ સ્વામી મહારાજ



૫. ચારિત્ર્યના ઘડતરમાં દુઃખ અને સુખ, શુભ અને અશુભ બંને સરખો ભાગ ભજવે છે. કેટલીકવાર તો સુખ કરતાં દુઃખ વધારે મહત્ત્વની ભૂમિકા ભજવે છે. - સ્વામી વિવેકાનંદ

૬. એ જ વ્યક્તિ મહાન છે જેનું ચારિત્ર્ય સદૈવ અને બધી પરિસ્થિતિમાં મહાન અને સમરસ રહે છે. - પ્રમુખસ્વામી મહારાજ

૭. ગીતા-ભાગવતનું વાંચન હશે, મંદિર હશે, પવિત્રતા હશે તો સંસ્કાર જળવાશે. આપણા ગ્રંથો, દેવતાઓ, માન્યતાઓ એ બધું જુદું જુદું છે, પણ ઈશ્વર સૌને એક છે. - પ્રમુખસ્વામી મહારાજ

૮. માત્ર ચારિત્ર્ય જ મુશ્કેલીઓની વજ્ર જેવી દીવાલો તોડીને તેમાંથી માર્ગ કાઢે છે. - સ્વામી વિવેકાનંદ

૯. કેવળ ભોગ પાછળ પડીશું તો આપણે આપણી સંસ્કૃતિની વિરુદ્ધ જઈશું અને માર ખાઈશું . - વિનોબા ભાવે

૧૦. દુનિયા ચારિત્ર્ય માગે છે. જેમનું જીવન એક નિઃસ્વાર્થ જ્વલંત પ્રેમ રૂપ છે. તેવા પુરુષોની જરૂર છે. એવા પ્રેમનો પ્રત્યેક શબ્દ વજ્ર જેવી અસર કરશે. - સ્વામી વિવેકાનંદ

૧૧. એક યુગથી સંસ્કૃતિ બીજા યુગનું ખાતર છે. - સાયરન કોનોલી

૧૨. સખત પરિશ્રમ કરો, પવિત્ર અને શુદ્ધ બનો એટલે ઉત્સાહ આવશે જ. - સ્વામી વિવેકાનંદ

૧૩. રાષ્ટ્રનું સુખ તેની પ્રજાના ચારિત્ર્ય પર આધારતિ છે, નહીં કે સરકારના સ્વરૂપ પર. - થોમસ સી. હલિબર્ટન

૧૪. આત્મારૂપી જહાજનું લંગર જ્ઞાન અને ચારિત્ર્ય છે.

૧૫. આપણું જીવન સારું અને પવિત્ર હોય તો જ દુનિયા સારી અને પવિત્ર થઈ શકે. - સ્વામી વિવેકાનંદ

૧૬. હજારો ઠોકર ખાધા પછી ચારિત્ર્યનું ઘડતર થાય છે. ચરિત્રવિહિન વ્યક્તિ ક્યારેય કોઈ કાર્ય કરી શકતી નથી. - ચાણક્ય

૧૭. ચારિત્ર્ય એ એક એવો હીરો છે કે જે દરેક પ્રકારના પથ્થરને ઘસી શકે છે. - બર્ટલ

૧૮. ચારિત્ર્ય જીવનમાં શાસન કરનારું તત્ત્વ છે અને તેનો પ્રતિભાવ પણ ઉચ્ચ છે. - ફ્રેડરિક સેન્ડર્સ

૧૯. પોતાના સંસ્કારોને સરળ બનાવી દેવાથી બધાં કાર્યો સરળ બની જશે.



૨૦. પોતે પકડાય નહીં જાય તેની જેને ખાતરી હોવા છતાં પણ તે કામ કરે તેના પરથી માણસનું ચારિત્ર્ય પરખાય છે.

૨૧. નબળા સંસ્કારને કારણે જ મોહ-માયા અને વિકારો ચોરની જેમ પ્રવેશ પામે છે.

૨૨. સંપત્તિવાન બનવા કરતાં સંસ્કારી બનતાં સુખ વધે છે.

૨૩. ખાધા પહેલાં તુલસીના છોડને પાણી પાવું, ગાય ને કુતરા માટે કાંઈક અલગ રાખવું એ ભારતીય સંસ્કૃતિનો વિચાર છે. - વિનોબા ભાવે

૨૪. પરિવારને સંપત્તિ કરતાં સંસ્કારની વધારે જરૂર છે. સંસ્કાર આવતાં સંપત્તિ આપમેળે આવે. સંપત્તિ આવતાં સંસ્કાર આવશે જ તેની કોઈ ખાતરી નથી. - અજ્ઞાત

૨૫. જે સમાજમાંથી સ્ત્રીઓનું ચારિત્ર્ય ગયું છે, તે સમાજ છિન્નભિન્ન થઈ જાય છે. - જે. ડી. એન્વિન

૨૬. ચારિત્ર્ય એ મોટામાં મોટી કેળવણી છે.

૨૭. ચારિત્ર્યશુદ્ધિ જ સમગ્ર જ્ઞાન પ્રાપ્તિનું ધ્યેય હોવું જોઈએ.

૨૮. જેમ અંધની આગળ લાખો દીપક પેટાવવા નિરર્થક છે, તેમ ચારિત્ર્યશૂન્ય વ્યક્તિનું વિપુલ શાસ્ત્રાધ્યયન પણ વ્યર્થ જ છે. - શ્રી મહાવીર સ્વામી

૨૯. એક સાથે કામ કરવા માટે ચારિત્ર્યનું બળ જરૂરી છે. - સ્વામી રંગનાથનંદ

૩૦. શીલની ઉદાત્તતા હોય તો જ સાહિત્યમાં ઉદાત્તતા આવે. ચારિત્ર્ય દ્વારા પ્રબળ વ્યક્તિત્વનો વિકાસ થાય છે. ચારિત્ર્ય વિના આત્મજ્ઞાન અસંભવ છે. મનુષ્ય મરણ પામે છે પણ એનું ચારિત્ર્ય જીવંત રહે છે.

૩૧. ધન હીન હીન નથી, પણ ચારિત્ર્યહીન હીન છે.

૩૨. કુસંસ્કારો સ્વયં આવે છે, સુસંસ્કારો આપવા પડે છે. - હરિભાઈ કોઠારી

૩૩. ગાળ સૌને સ્વયં આવડી જાય છે જ્યારે ગીત, સંગીત ને નૃત્યમાં સર્વત્ર રિયાઝનું મહત્ત્વ છે. - હરિભાઈ કોઠારી

૩૪. વિકૃતિના વમળમાં ફસાઈ જનારાઓ સંસ્કૃતિનું કમા કરી શકતા નથી. સાંસ્કૃતિક કાર્ય કરવાની ઈચ્છા રાખનારે પહેલાં પોતે સંસ્કૃત બનવું પડે છે.

૩૫. ચારિત્ર્યનો પાયો સત્કર્મ છે અને સત્કર્મનો પાયો સત્ય છે. જ્ઞાનનું અંતિમ લક્ષ્ય ચારિત્ર્ય નિર્માણનું હોવું જોઈએ. ચારિત્ર્યની કેળવણી મોટામાં મોટી કેળવણી છે. - ગાંધીજી

૩૬. ધૈર્યવાનનું ભૂષણ વિદ્યા છે. રાજાનું ભૂષણ મંત્રી છે, સ્ત્રીનું



ભૂષણ પતિ છે. જ્યારે શીલ સર્વનું ભૂષણ છે. - સુભાષિત

૩૭. વિશ્વમાં જે વસ્તુ ઉત્તમ કહેવાય છે અને વિચારાય છે. તે જાણવી તેનું નામ સંસ્કાર. - મેથ્યુ આર્નોલ્ડ

૩૮. શીલ અને સંયમ એ ચારિત્ર્યનાં બે ફેફસાં છે.

૩૯. ચારિત્ર્યના ઘડતરમાં સુખ અને દુઃખ તથા શુભ અને અશુભ બન્ને સરખા ભાગ ભજવે છે.

૪૦. માત્ર ચારિત્ર્ય જ મુશ્કેલીઓની વજ્ર જેવી દીવાલો તોડીને તેમાંથી માર્ગ કાઢે છે.

૪૧. ચારિત્ર્ય નિર્માણ માટે જીવન જ શાળા છે.

૪૨. ભારતીય શિષ્ટાચાર બીજાઓ પ્રત્યે ખૂબ જ શિષ્ટ, ઉદાર અને સભ્યતાથી ભરપૂર છે. - શ્રીરામશર્મા

૪૩. ચારિત્ર્ય પાછું મેળવવા કરતાં તેનું રક્ષણ કરવું વધારે સારું છે.

૪૪. પરસેવાની કમાણીને પરસ્પર વહેંચીને જે ખાય તે સાચો પ્રામાણિક. - ગુરુ નાનક

૪૫. પ્રામાણિક કમાણી દ્વારા પ્રાપ્ત થયેલા રોટલાનો કોળિયો મીઠો લાગે છે. - ગુણવંત શાહ

૪૬. એકવાર પ્રામાણિકતા જાળવીને રળેલા રોટલાના સ્વાદનો પરચો મળે પછી હરામનાં ગુલાબજાંબુ કડવા લાગે છે. - ગુણવંત શાહ

૪૭. સર્વ પ્રાપ્તિઓનો આધાર પ્રામાણિક અને પવિત્ર જીવન છે.

૪૮. જે વ્યક્તિ દરેક કાર્યમાં પ્રામાણિક હોય તેને ક્યારેય ડરનો અનુભવ થતો નથી.

૪૯. તમે પ્રામાણિક રહેશો તો સુખ અને શાંતિ તમારામાં જ છે. - પ્રમુખસ્વામી મહારાજ

૫૦. તમે તમારી તન, મનની શક્તિનો અંદાજ કાઢીને કામો હાથ પર લો. તમારી જાત પર વિશ્વાસ મૂકો, પ્રમાણિક રહો, કોઈની ટીકા કે ડરની પરવા કરશો નહીં.

૫૧. જ્યારે તમને બધું જ તમારી વિરુદ્ધ જતું લાગે ત્યારે પણ પ્રામાણિકતાના રાહ છોડશો નહીં, સંભવ છે કે તમારી પ્રામાણિકતાની એ અંતિમ કસોટી પણ હોય.

૫૨. આપણી ધારણા બદલાઈ શકે, નિષ્ઠા અટલ રહે છે.

૫૩. પ્રામાણિકતાથી જાત-મહેનતનું કમાઈ સ્વમાનથી જીવશો તો જીવન ધન્ય બની જશે.



૫૪. જે નિષ્ઠાવાન હોય તેને ઘેર બેઠાં ગંગા થાય. - શ્રી મા શારદાદેવી

૫૫. નિષ્ઠાપૂર્વક કામ કરો, નામ તમારી પાછળ દોડતું આવશે. - સાઈરસ

૫૬. પરસેવાની કમાણીને એક બીજા વચ્ચે વહેંચીને જે ખાય છે તે જ સાચા પ્રામાણિક છે. - ગુરુ નાનક

૫૭. પ્રામાણિક માણસ ઈશ્વરનું ઉત્તમ સર્જન છે. - પોપ

૫૮. પ્રામાણિક પરિશ્રમમાં આનંદ હોય છે.

૫૯. ઉદ્યમી અને પ્રામાણિક માણસ પોતાના ધંધામાં આબરૂ સાથે ફતેહ મેળવે છે.

૬૦. પ્રામાણિક એ સ્વીકારવાની ઘટના છે. - ગાંધીજી

૬૧. નાસ્તિક તો પ્રામાણિક છે, પરંતુ જે મનુષ્ય પોતાને ધર્મમાં શ્રદ્ધા હોવાનું કહે છે છતાં તેની અનુભૂતિ કરવાનો પ્રયત્ન કરતો નથી તે પ્રમાણિક નથી. - સ્વામી વિવેકાનંદ

૬૨. પ્રામણિક પણે જીવવામાં જરાયે ચિંતા કરવી પડતી નથી, કારણ કે એમાં કોઈ હરિફાઈ હોતી નથી.

૬૩. કોઈ પણ જુવાન માણસના ઈતિહાસમાં કાળમાં કાળી

અને ખરાબમાં ખરાબ વાત એ છે કે જ્યારે તે પ્રામાણિક પણે કામકાજ કર્યા વગર પૈસા કેમ કમાવા એનો વિચાર કરવા બેઠો હોય તે. - હોટેસ ઝીલ

૬૪. સંકટ એ સિદ્ધાંતની કસોટી છે. તેના વિના માણસને એ ખબર ભાગ્યે જ પડે છે કે પોતે પ્રામાણિક છે કે નહીં. - હેની ફિલ્ડિંગ

૬૫. પ્રામાણિકતા એ સરલતા નથી. સરલતાની સરખામણીમાં પ્રમાણિકતા એક સાધારણ ગુણ છે. કેટલાક લોકો પ્રમાણિક હોય છે. સરલ નહીં. - હકસેલ

૬૬. સચ્ચાઈનો મજલો ચણાય છે. પવિત્રતાના પાયા પર અને પ્રામાણિકતાના પથ્થરથી. - અજ્ઞાત

૬૭. અંગત નિષ્ઠા એટલે જ જાહેર કલ્યાણ

૬૮. તમે તમારા ધ્યેય તરફ નીખાલસ, પ્રામાણિક અને વફાદાર રહી વર્તો.

૬૯. પ્રામાણિક માણસ પ્રભુનું ઉત્તમ સર્જન છે.

૭૦. આપણી જાતને પ્રામાણિક બનાવીએ એટલે જગતમાંથી એક બદમાશ ઓછો થયો એટલલી તો ખાતરી થશે જ.

૭૧. જિંદગીના પુસ્તકના પ્રથમ પ્રકરણનું નામહોવું જોઈએ



પ્રામાણિકતા.

૭૨. તમે પ્રામાણિકપણે વર્તશો, નિખાલસતાથી વાત કરશો તો તમે વિવાદમાં સપડાવવાના અને તમારી ટીકાઓ પણ થવી, તેમ છતાં પ્રામાણિકતા છોડશો નહીં, નિખાલસ રહેજો. - હાર્વર્ડ યુનિ.

૭૩. નાગરિકોની પ્રામાણિકતા એ રાષ્ટ્રીય ચારિત્ર્ય છે. - ગાંધીજી

૭૪. ચારિત્ર્ય એ જીવનની આરસી છે. - ગુણવંત શાહ

૭૫. સુંદર ચારિત્ર્ય સુંદર દેહ કરતાં વધુ સારું છે, શિલ્પો અને ચિત્રો કરતાં એ ઉચ્ચતમ આનંદ આપે છે. - એમર્સન

૭૬. ચારિત્ર્યનો પાયો સત્કર્મ છે, જ્યારે સત્કર્મનો પાયો સત્ય છે. - ગાંધીજી

૭૭. પ્રતિભા તો ચારિત્ર્યની દાસી માત્ર છે. - દયાનંદ સરસ્વતી

૭૮. માનવીનું ચારિત્ર્ય એ એ એક કાંટાળી વાડ છે, રંગરોગાનથી તે મજબૂત ન બને. - વિવેકાનંદ

૭૯. ખીલેલા ફૂલ પર મધમાખી જાતે જ આવે તેમ ચારિત્ર્યશીલ પાસે વિશ્વાસ જાતે મુગ્ધ થઈને આવે. - રામકૃષ્ણ પરમહંસ

૮૦. સ્વાશ્રય અને સંયમ એ ચારિત્ર્યનાં બે ફેફસાં છે.-

લોકમાન્ય તિલક

૮૧. ચારિત્ર્ય મનુષ્યની એવી મૂડી છે કે જે ખાલી ખાલી ઘરમાં પણ ચળકે છે.

૮૨. પોતાનો જન્મજાત સ્વભાવ તથા પૂર્વગ્રહ ભૂલીને શિક્ષણની સાધના કરવી એનું નામ સંસ્કૃતિ.

૮૩. વહેંચીને ખાવું એ સંસ્કૃતિ, એકલા ખાવું તે પ્રકૃતિ, બીજાનું ખાઈ જવું એ વિકૃતિ.

૮૪. રૂપાળી એટલી બધી જ વસ્તુઓ પવિત્ર હોતી નથી.

૮૫. દુનિયાના તમામ 'સારા માણસોએ પોતાના પક્ષને મજબૂત બનાવવાના કામમાં લાગી જવું જોઈએ.' આ પક્ષનું નામ છે 'સંસ્કૃતિ'. - વિલડૂંરા

૮૬. ચારિત્ર્યનિર્માણ આખરે તો સંકલ્પશક્તિ સાથે સંબંધિત છે, એથી તેના પર વધુ ભાર મૂકવો જોઈએ. સંકલ્પશક્તિ તો જ્યાં પસંદગીની સ્વતંત્રતા હોય ત્યાં જ વિકસી શકે છે.

૮૭. ચારિત્ર્યનિર્માણના શિક્ષણની પ્રક્રિયામાં શિક્ષકનું પોતાનું ચારિત્ર્ય ખૂબ અગત્યનો ભાગ ભજવે છે.

૮૮. ભારતીય સંસ્કૃતિના મૂળમાં રહેલાં વેદ, પુરાણ, ઉપનિષદ



વગેરે ધર્મગ્રંથની જ્ઞાનગંગાથી સમાજના લાલન-પાલન સાથે ગુરુ-શિષ્યની પરંપરા પાંગરતી આવી છે.

૮૯. નિર્વિકારીને રોગ થઈ જ નથી શકતો. - ગાંધીજી

૯૦. પવિત્ર વિચારનું સદા મનન કરવું જોઈએ અને હલકા સંસ્કારોને દૂર કરવા મથવું જોઈએ. - સ્વામી વિવેકાનંદ

૯૧. ક્યારેક એક માનવી ગેરહાજર હોય ત્યારે આખી દુનિયા વસ્તી વિહોણી ભાસે છે.-શ્રી હરિ

૯૨. ખરેખર તો બાળકોને પૈસા કરતાં વારસામાં સંસ્કારો મળવા જોઈએ, જેથી તેઓ સમયને આનંદી શકે. - અજ્ઞાત

૯૩. વિશ્વમાં સત્‌નો રસ્તો ખરબચડો અને મુશ્કેલ ચઢાણવાળો છે. આટલા બધા ફતેહમંદ નીવડે છે એ નવાઈની વાત છે, મોટી સંખ્યા પડી જાય છે તેમાં કોઈ અચરજ નથી. હજારો ઠોકરો ખાધા પછી ચારિત્ર્ય ઘડાય છે.

૯૪. આપણી પ્રથમ અને મહત્ત્વની જરૂરિયાત છે ચારિત્ર્ય ઘડતર.

૯૫. માણસ વૈભવથી સંસ્કારી નથી ગણાતો, ધર્મયુક્ત જીવન બનાવે એ સંસ્કારી. - પૂ. પ્રમુખસ્વામી મહારાજ

૯૬. ચારિત્ર્ય કોઈ રેડીમેડ ચીજવસ્તુ નથી, આપણા દૈનિક વર્તનથી તે નિર્માણ પામે છે. - જવાહર

૯૭. ચારિત્ર્ય વગરનું શિક્ષણ ભક્ષણ કરે. એ નહીં હોય તો લોકોનો વિનાશ છે. ચારિત્ર્યવાળું શિક્ષણ જ સૌની રક્ષા કરે છે. - પૂ. પ્રમુખસ્વામી મહારાજ

૯૮. ચારિત્ર્ય માનવીની અંદર હોય છે, યશ તેની બહાર.

૯૯. વેલાને વાડનો આધાર મળે તો વધી જાય, તેમ બાળકોને સંસ્કાર આપીએ તો વધી જાય. - પ્રમુખસ્વામી મહારાજ

૧૦૦. ચારિત્ર્યહીન માણસોની આ દુનિયામાં કોઈ કિંમત નથી. ચારિત્ર્ય હોય ત્યાં ભગવાન હોય, ચારિત્ર્ય એ પાયો છે. - પ્રમુખસ્વામી મહારાજ

૧૦૧. ચારિત્ર્યની સુવાસ જગતની તમામ સુગંધોમાં શ્રેષ્ઠ છે.

૧૦૨. માણસનું ચારિત્ર્ય બદલતું હોય તો તેના વિચાર બદલો.

૧૦૩. સંસ્કાર હશે તે ભલે સામાન્ય હશે, ઝૂંપડામાં રહેતો હશે, તોય વંદનીય છે. - પ્રમુખસ્વામી મહારાજ

૧૦૪. શ્રેષ્ઠતાનું નામ સંપત્તિ નહીં, સંસ્કાર છે.



# આ બારમી રીતભાતની માળા માટે નીચેના ૧૦૮ મણકા ફેરવવા

૧. આ સાંસારિક સંબંધો ક્ષણિક છે. આજે તે બધા સંબંધો જીવનનું સર્વસ્વ હોય એમ લાગે છે અને આવતી કાલે એ બધાં ખલાસ થઈ જાય છે. સાચા સંબંધો તો ઈશ્વર સાથે છે. - શ્રી મા શારદાદેવી

૨. સૌના ભલામાં મારું પણ ભલું છે એવી ભાવના ઘુંટાય ત્યારે સ્વાર્થ સમાજ વિરોધી નથી હોતો.

૩. જે માણસ પોતાનાં બાંધવોના કલ્યાણ માટે જેટલા પ્રમાણમાં કામ કરતો રહે છે, તેટલા પ્રમાણમાં જ એ મહાન બને છે. - ગાંધીજી

૪. એકલા રૂપિયાથી માણસો મળી શકતા નથી, રૂપિયા હાથમાં રહી જાય છે અને માણસો ચાલ્યા જાય છે.

૫. શિસ્ત અને સંયમના નિયમોનો અનાદર એટલે આત્મહત્યા. - ગાંધીજી

૬. શિસ્ત વગર કોઈ કાર્ય શક્ય નથી. શિસ્ત વગર કોઈ જીવન શક્ય નથી અને સૌથી વધારે તો શિસ્ત વગર કોઈ સાધના શક્ય નથી.

૭. શિસ્ત સ્થાપવા ભયને બદલે પ્રેમનો પ્રયોગ કરો.

૮. શિસ્તમાં એ શક્તિ છે જે દુષ્ટવૃત્તિઓને રોકીને અવ્યવસ્થાને સ્થાને વ્યવસ્થા તથા કુશળતા લાવે છે અને દુરુપયોગના સ્થાને સદુપયોગ કરે છે.

૯. મજાની વાત એ છે કે સૂર્ય રાજા નથી પાળતા સૂર્ય કટોકટી ન હોય તોય અનુશાસન પાળે છે. આવા સૂર્યના વાર રવિવારે માણસ રજા પાડે છે. એ પણ એક વિચિત્રતા !

૧૦. ભૂતકાળનાં સકંજામાં મનની મુક્તિ મેળવવા સ્વૈચ્છિક શિક્ષાનો સ્વીકાર કરવો.

૧૧. શિક્ષણ અને સમાજ પરસ્પર પૂરક છે.

૧૨. કોઈ પણ અભાવની સ્થિતિમાં ખોટું કહે તે હજુ સમજાય પરંતુ પૂરતું મળવા છતાં લોભ માટે બીજાનું અહિત કરવા પ્રેરાય ત્યારે સામાજિક સ્તરને નીચી કક્ષાએ લઈ જાય છે. - ડૉ. એસ. ડી. કરંગિયા



૧૩. વ્યક્તિગત રીતે આપણે સારા જ છીએ પરંતુ બે માણસો સાથે મળીને કામ કરવાની તાકાત આપણામાં છે જ નહીં - સ્વામી રંગનાથાનંદ

૧૪. સમાજને જે માણસ શક્તિ પ્રમાણે ઉપયોગી થાય તે સાચું ધન છે.

૧૫. લોકશાહી એટલે પોતાની જાતને શિસ્તમાં રાખવાની કક્ષા.

૧૬. શિસ્ત વગરનો વિદ્યાર્થી કોઈ દિવસ વિકાસ કરી શકે નહીં અને વિકાસ વિનાનો વિદ્યાર્થી દેશની આઝાદી ટકાવી શકે નહીં. - ભાઈકાકા

૧૭. શિસ્તબદ્ધ કામ કરવું એ સંતોષનો પર્યાય બને છે. - અજ્ઞાત

૧૮. શિસ્તના આગ્રહી માણસને મોડા પડવાની કે કામ બાકી રહી જવાની ફરિયાદ રહેતી નથી. - ડૉ. એસ. ડી. કરંગિયા

૧૯. શિસ્તની ટેવવાળા માણસને નકારાત્મક સાંભળવાનો વારો આવતો નથી. - અજ્ઞાત

૨૦. શિસ્ત એ આનંદની પરિભાષા બનતાં સુખનો અહેસાસ થયા વગર રહેતો નથી. - અજ્ઞાત

૨૧. સ્નેહ ન થાય તો સારું પણ સ્નેહ થયા પછી તે તૂટી જાય તે સારું નથી. આંખો મળ્યા પછી નાશ પામે તે ખૂબ ખેદ કરે છે, પણ જે જન્મથી અંધ છે તે કંઈ ખેદ કરતા નથી.

૨૨. વાત્સલ્ય એ મૂલ્ય સુધીનો વિષય નથી, પણ બિનશરતે અમીવર્ષાનો વિષય છે. - ડૉ. ચંદ્રકાંત મહેતા

૨૩. પહેલાં માણસ ટેવ (વ્યસન)ને પાડે છે પછી એ વ્યસન માણસને પાડે છે.

૨૪. એક વ્યસન સેવતાં બધાં વળગે.

૨૫. માન્યતાનો આધાર ટેવ કે આદત પર હોય છે.

૨૬. આજની ટેવ કાલે વ્યક્તિત્ત્વનો હિસ્સો બની જવાની છે, તેથી તેના પર કાબુ હોવો જરૂરી છે. જે ટેવ આપણને વૃદ્ધાવસ્થામાં પણ આપણી અંદર જોઈતી હોય, તેનો પાયો આજથી નાખો.

૨૭. રોજ એક જ રસ્તેથી જવાની ટેવ હોય તો પગ અજાણતાં પણ એ જ રસ્તે વળે છે. - બાર્બરા હેન્સન

૨૮. સારી ટેવો કેળવાય ત્યારે આત્મશક્તિ આપોઆપ વધે



છે. - બાર્બરા હેન્સન

૨૯. જે લોકોને પરિસ્થિતિને વશ થઈ જવાની ટેવ હોય છે તેઓ સમસ્યાઓ સામે જલ્દી ઝૂકી જાય છે. - બાર્બરા હેન્સન

૩૦. આપણે પહેલાં આદતોનું નિર્માણ કરીએ છીએ અને પછી આદતો આપણું નિર્માણ કરે છે. - ડ્રાયડન

૩૧. કારણ વિના જેને મુખ ખોલવાની ટેવ હોય છે તે વિનાકારણે કલેશ વહોરતા હોય છે.

૩૨. વધારે પડતા કાર્યોનો બોજો નહીં પણ અનિયમિતતા માણસને મારી નાખે છે.

૩૩. નિયમિતતા અને ચોકસાઈ એ બે સાદાં-સીધાં મા-બાપનું સંતાન છે - સફળતા - સ્વેટ માર્ડન

૩૪. સમસ્ત વિશ્વને ચાહવું એ કાંઈ મોટી વાત નથી. મોટી વાત તો પાડોશીને ચાહવાની છે.

૩૫. યુવાન, સંપત્તિ અને બુદ્ધિની ગરમી હૃદયની લાગણીના પુષ્પને સુકવી નાખે છે.

૩૬. આપણા વિરોધીઓ આપણી ટીક કરવા માટે સમય કાઢે એ આપણને મળેલું મોટું પ્રમાણપત્ર ગણાય. દુર્ગુણ દૂર કરે તે ટેવ. - પૂ. મોરારિબાપુ

૩૭. વ્યસન બેધારી તલવાર છે, એક તરફ આરોગ્ય અને લક્ષ્મીને કાપે છે જ્યારે બીજી તરફ મનોબળને કાપે છે. - સ્વામી સચ્ચિદાનંદ

૩૮. પરસ્ત્રી સહવાસ, જુગાર, મદ્ય, શિકાર, કઠોર વચનો, કઠોર દંડ તથા ચોરી આ સાત ખરાબ ટેવવાળાં વ્યસનો છે. - શ્રી મહાવીર સ્વામી

૩૯. સુટેવો મનુષ્યનો શણગાર અને સંસ્કૃતિનું માપ છે.

૪૦. આબરું અને પૈસો બંને હંમેશાં એક જ થેલીમાંથી મળી શકતાં નથી. - જોન હર્બટ

૪૧. વ્યસનો આવે છે ઘોડાપુરના વેગે પણ જાય છે કીડી વેગે.

૪૨. જેની લત લાગવાથી ધર્મ અને અધર્મનું, સુખ અને દુઃખનું, લાભ કે ગેરલાભનું ભાન ન રહે તે દારૂની ટેવ ડાહ્યો માણસ શાને પાડે? - આચાર્ય વાગ્ભટ્ટ

૪૩. કોઈ પણ આદત બારીમાંથી બહાર ફેકી શકાતી નથી. પટાવીને ફોસલાવીને દાદરના એક એક પગથિયાને ઊતરીએ તેમ ઊતારી ફેંકી દેવી પડે. - માર્ક ટવેન

૪૪. જીવનમાં બધાં સુખો કેવળ સારી ટેવોથી જ મળે છે. - અજ્ઞાત



૪૫. સુખી અને આનંદી રહેવું એ મનુષ્યના રોજંદા જીવનની દાતણ કરવા, મ્હોં ધોવા કે ચા પીવા જેવી જ એક સામાન્ય ટેવ છે. જે ટેવ તમે પણ પાડી શકો છો. - ડૉ. મેક્સવેલ

૪૬. પરિવર્તન એ જ વાસ્તવિકતા છે. શાશ્વત મૂલ્યો સિવાય બધું બદલાતું રહે છે. - ગુણવંત શાહ

૪૭. પરિવર્તન સમાજનો નિયમ છે.

૪૮. પરિવર્તન આણવું એટલે વિકસવું, બદલાવું એટલે સંબંધાવું.

૪૯. પરિવર્તન શક્તિ દ્વારા વ્યર્થ સંકલ્પોના પ્રવાહ વેગને ખતમ કરવાથી સમર્થ બની શકાય.

૫૦. વિશ્વ પરિવર્તક તેને કહેવાય જે નકારાત્મકને હકારાત્મકમાં પરિવર્તન કરે.

૫૧. સ્વપરિવર્તન કરવું એટલે ભગવાનના મદદગાર બનવું. ભગવાન પોતાના મદદગારને વરદાન પાત્ર બનાવે છે.

૫૨. પરિવર્તન માટે ઈચ્છા, લક્ષ્ય, જ્ઞાન, ક્ષમતા અને પુરુષાર્થ આ પાંચનું હોવું જરૂરી છે.

૫૩. વિશ્વમાં પરિવર્તન માટે પહેલાં સ્વપરિવર્તન જરૂરી છે, સ્વપરિવર્તન માટે અનુભવ શક્તિ ધારણ કરવી પડે.

૫૪. ભૌતિક પરિવર્તન સુખ સાહ્યબીના અનેક સાધનો આપ્યા છે, પરંતુ મનુષ્યના ચારિત્ર્યનું પતન થઈ ગયું છે. આથી હવે મહાપરિવર્તન આવશ્યક છે.

૫૫. મહાપરિવર્તન માટે મનુષ્ય સ્વશક્તિમાન નથી તેથી સર્વપ્રથમ તો તેણે પોતાને આધ્યાત્મિક શક્તિથી સંપન્ન બનાવવો પડશે.

૫૬. જે પોતાની શક્તિશાળી વૃત્તિઓથી વાયુમંડળને પરિવર્તન કરી દે તે વિશ્વ પરિવર્તક કહેવાય.

૫૭. જેટલી ઝડપથી જીવન બદલાય છે, તેટલી ઝડપથી પરિવર્તન આણતા શીખો તો સુખી થશો. - ડોન મિગ્યુઅબરૂઈઝ

૫૮. બધાં શાસ્ત્રોનો પાયો આચાર છે. આચારમાંથી ધર્મની ઉત્પત્તિ છે, જ્યારે ધર્મનો સ્વામી પરમેશ્વર છે.

૬૦. સાચું શ્રવણ તે છે કે જે ચિંતનમાં પરિણમે. સાચું ચિંતન તે છે કે જે આચરણમાં પરિણમે.

૬૧. આ દુનિયામાં તમારો કોઈ મિત્ર કે શત્રુ નથી. તમારે પોતાનો વ્યવહાર જ મિત્ર કે શત્રુ બનાવવા માટે જવાબદાર છે. - હિતોપદેશ



૬૨. ફેરફાર કે પરિવર્તન સિવાય કોઈ પણ મનુષ્ય કે જાતિ પ્રગતિ કરી શકતી નથી. ખાબોચિયામાં એકઠું કરેલું પાણી ગંદકી મારી જઈને નકામું બની જાય છે, જ્યારે વહેતું પાણી સ્વચ્છ અને પીવા યોગ્ય રહે છે.

૬૩. કટાઈ જવું તેના કરતાં બહેતર કે ઘસાઈ જવું.

૬૪. દેવું કરતાં પહેલાં પોતાની શક્તિ વિચારવી, જો દેવું થઈ ગયું હોય તો કરકસર કરી, દુઃખ વેઠીને દેવામાંથી છૂટી જવું.

૬૫. વિચારવું સો વાર, ઉચ્ચારવું કોઈક વાર અને લખવું એકવાર.

૬૬. ખરાબ વિચારો જ આપણી સુખ શાંતિ તેમજ વિજયના શત્રુ છે.

૬૭. પગ મુકતાં પાપ છે, જોતાં ઝેર છે, અને માથે મરણ રહ્યું જ છે એવી પરિસ્થિતિ વિચારી આજના દિવસમાં પ્રવેશ કર.

૬૮. પરિવર્તનશીલ જગતમાં બધું જ બદલાય છે, માત્ર પરિવર્તનના નિયમ બદલાતો નથી.

૬૯. કલેશ અને કંકાસ જીવનની મજા નથી, એ તો ઊભી કરેલી સજા છે.

૭૦. વિકાર આગ જેવો છે. તે મનુષ્યને ઘાસની જેમ બાળે છે.

૭૧. વ્યાખ્યાનમાં બેસનારાં ઘણા પણ હૈયામાં વ્યાખ્યાન બેસાડનારા કોઈક જ વીરલા હોય છે.

૭૨. પોતાના ગુજરાન માટે કામ કરતા એક દરેક માણસ સાથે સન્માનથી વર્તજો- ભલે એ કામ ચાહે તેવું નજીવું હોય. - જેક્સન બ્રાઉન

૭૩. તમારા સ્થાનને શોભે એવું તમારું વર્તન રાખજો, તે જ તમારા હોદ્દાને શોભાવશે અને પ્રગટ કરશે.

૭૪. દંભ કે કપટથી વર્તનાર અને બોલનાર વર્તાઈ જ જાય, પરંતુ કેટલાક માણસો તો કળાવા દેતા નથીએ જુદી વાત છે. - અજ્ઞાત

૭૫. વિદ્યાર્થીઓ તમારા સંતાનનાં દર્શન કરો, તેમની સાથેનું તમારું વર્તન આપોઆપ બદલાઈ જશે. - અજ્ઞાત

૭૬. સાચું બોલવું, પ્રેમપૂર્ણ વ્યવહાર કરવો, સત્યનિષ્ઠ જીવવું, પ્રમાણિક વર્તન કરવું એમ કરવાથી આનંદ આવે, મજા આવે એ જ આ બધાનો મોટો બદલો છે. - ભુવનેશ ઓઝા



૭૭. સ્વભાવનું પરિવર્તન થાય એ મોટો ચમત્કાર. - શ્રી યોગીજી મહારાજ

૭૮. રામરાજ્યમાં લશ્કરી ખર્ચ ઓછામાં ઓછું હોવું જોઈએ.

૭૯. અનુકરણથી બચવું એ દેખાય છે એટલું સહેલું નથી, વર્તન-પરિવર્તન પર તેની અસર વર્તાયા વગર ન રહે.

૮૦. આપના વડીલો પ્રત્યેનું આપનું વર્તન આપને આપનાં સંતાનો દ્વારા વ્યાજ સહિત પ્રાપ્ત થાય.

૮૧. આપણે વાત જ્ઞાની પુરુષોની જેમ કરીએ છીએ પણ વર્તીએ છીએ ગાંડાની જેમ. - ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્

૮૨. દુનિયામાં જે પરિવર્તન તમારે જોઈતું હોય તે પરિવર્તન તમારે જાતે બનાવવાનું છે. - ગાંધીજી

૮૩. કલ્પનાનો ઉપયોગ આંતર-વિકાસ માટે કરો, મનના વ્યર્થ ઉત્તેજનમાં નહીં. - શ્રીમદ્ ઉપેન્દ્રાચાર્યજી

૮૪. ઘરની બહાર ખાતરનો ઢગલો કરી રાખો તો તમારા ફરતે દુર્ગંધ પ્રસરી રહેશે, પણ એ જ ખાતરને નાખીને બાગ બનાવશો તો સુગંધ પ્રસરશે.

૮૫. વ્યક્તિ પોતાની પાયાની જરૂરિયાતોને અવગણીને જ્યારે બીજાની ખુશીને ખાતર જીવવા માંડે છે ત્યારે વ્યક્તિનું

'મન' દુરસ્ત જોખમમાં મૂકાય છે. -બાર્બરા હેન્સન

૮૬. પૈસાદાર હોવાનો દેખાવ કરવામાં જ કેટલાક લોકો ગરીબ રહી જાય છે.

૮૭. ઢોંગી બનવા કરતાં સ્પષ્ટ વક્તા તરીકે નાસ્તિક બનવું વધુ સારું છે. - સ્વામી વિવેકાનંદ

૮૮. આપણે સત્યનો એકરાર કરીએ : આપણે જે નથી તેવા આપણને લોકો માને એ માટેની કોશિશમાં આપણીજિંદગીની નવદશાંશ શક્તિ ખર્ચાય છે. - સ્વામી વિવેકાનંદ

૮૯. દુનિયામાં હું એક જ વસ્તુને ધિક્કારું છું અને તે છે દંભ. - સ્વામી વિવેકાનંદ

૯૦. નષ્ટ કરવા જેવું જીવનમાં કશું જ નથી, પણ પરિવર્તન કરવા જેવું, ઉદાત્ત કરવા જેવું, ઉન્નતિ કરવા જેવું જીવનમાં પુષ્કળ છે. - આચાર્ય રજનીશ

૯૧. તમને ન ગમતા માનવી સાથે પણ સૌજન્યતાથી વર્તો, શી ખબર તેની સાથે જ કામ કરવાના દિવસો આવી જાય.

૯૨. પરિવર્તનની ઝડપ વિજ્ઞાને વધારી દીધી છે, તેથી પહેલાં બે પેઢીઓ વચ્ચે રહેતું તેના કરતાં ઘણું અંતર હવે રહે છે.



આમ જૂની અને નવી પેઢી વચ્ચેનો સંઘર્ષનો ભોગ વધારે બાળકો બન્યાં છે.

૯૩. સંજોગોને અનુસરનારું વર્તન રાખશો તો કોઈપણ પ્રસંગે દુઃખી થશો નહીં.

૯૪. સમસ્ત માનવ જાતમાં પરિવર્તનનો વિચાર સૌ કરે છે પણ પોતાની જાતમાં પરિવર્તન લાવવાનો પ્રયત્ન કોઈ કરતું નથી.

૯૫. મેળવજો નીતિથી, વાપરજો પ્રીતિથી, ભોગવજો રીતિથી તો બચી જશો દુર્ગતિથી.

૯૬. જે મૂઢ બુદ્ધિવાળો ઈંદ્રિયોને રોકે છે પણ તેના ભોગોનું મનથી ચિંતન કરતો રહે છે, તે દંભી છે. - શ્રીકૃષ્ણ

૯૭. દંભી થવા કરતાં આખાબોલા નાસ્તિક થવું એ બહેતર છે. - સ્વામી વિવેકાનંદ

૯૮. જે આપણે 'નથી' તે 'છીએ' એમ દેખાડવાનો દેખાવ કરવો તે દુઃખી થવાનો માર્ગ છે.

૯૯. પાપી કદાચ દંભી ન હોય એમ બને, પરંતુ દંભ કરનાર પાપી હોવાનો જ.

૧૦૦. જે મનુષ્ય નાની બાબતોમાં રસ નથી લઈ શકતો, તે મહાન

બાબતમાં રસ લેતો હોય ત્યારે તે ઢોંગ કરતાં હોય છે. - રસ્કિન

૧૦૧. ભારતની મૂળભૂત સંસ્કૃતિ પદાર્થપરાયણ નહીં જીવનપરાયણ હતી, ઉપભોગપરાયણ નહીં આત્મપરાયણ હતી.

૧૦૨. વિચાર વાવો - આદતનું ફળ મેળવો. આદત વાવો - ચારિત્ર્યનું ફળ મેળવો. - વિલિયમ જેમ્સ

૧૦૩. જ્ઞાનનું અંતિમ લક્ષણ ચારિત્ર્ય નિર્માણનું હોવું જોઈએ. - ગાંધીજી

૧૦૪. સંસ્કાર અને સંપત્તિમાં સંસ્કાર કોઈને છેતરીને કે કપટથી લઈ શકાય નહીં, તે છડે ચોક ગૌરવથી મેળવી શકાય છે. તે આનંદ સાથે સુખની અનુભૂતિ કરાવે છે જ્યારે સંપત્તિ કપટથી કે છેતરીને લઈ તો શકાય પણ તે આત્મસંતોષ આપતી નથી. - અજ્ઞાત

૧૦૫. સંસ્કાર પાછળ સંપત્તિ આવે પરંતુ સંપત્તિ પાછળ સંસ્કાર ન પણ આવે. સંસ્કાર અંતકાળે કે ત્યાર પછી પણ સ્મૃતિમાં જીવંત રહે છે જ્યારે સંપત્તિ તો છોડીને જ જવું પડે છે.



૧૦૬. માતૃભાષા કેવળ માતૃભાષા નથી, એક હૂંફ છે, સ્નેહ છે, સંસ્કાર છે. - અજ્ઞાત

૧૦૭. સંસ્કાર વગરની સંપત્તિ આવતાં સાચી ભૂખ અને સાચી ઊંઘ ચાલી જાય છે. - અજ્ઞાત

૧૦૮. પ્રયત્નપૂર્વક ચારિત્ર્યની રક્ષા કરો. ધન તો આવે અને જાય છે. ધનથી ક્ષીણ થયેલો કાંઈ ક્ષીણ નથી થયો. પરંતુ ચારિત્ર્યની બાબતમાં ક્ષીણ થયેલો માણસ ખુવાર થઈ જ ચૂક્યો જાણવો. - અજ્ઞાત

## આ તેરમી કાર્યક્ષમતાની માળા માટે નીચેના ૧૦૮ મણકા ફેરવો

૧. સુધરેલા માણસોને કંઈ ને કંઈ વડગાળ હોય છે એને વીતી ગયેલા સમયનું ભૂત અને ભવિષ્યની ડાકણ છોડતાં નથી. એ વર્તમાનથી વેગળો ને વેગળો જ રહે છે. - ગાંધીજી

૨. અડધી દુનિયાનો ખ્યાલ એવો છે કે બીજા પાસેથી સેવા લેવામાં સુખ છે પરંતુ ખરેખર સુખ તો બીજાની સેવા કરવામાં જ છે. - રામકૃષ્ણ પરમહંસ

૩. જિંદગીમાં કોઈ પરિણામ ન આવે : એ મંગળ કે અમંગળ પ્રસંગ ન આવે એ શું ઓછું ભયંકર પરિણામ છે?

૪. મોટી મુશ્કેલી એ છે કે જીવન જીવવાને બદલે હું જીવનનું



પૃથક્કરણ કરતો રહું છું. - ગૌર

૫. જીવનની કિંમત જીવન જીવવાની રીતિમાં છે. - રાજા રામ મોહનરાય

૬. જીવનશુદ્ધિ વિના જીવનસિદ્ધિ સાંપડતી નથી. - અજ્ઞાત

૭. ન ધારેલું બધું જ થાય અને ધારેલું કોંઈ જ ન થાય તેનું નામ સંસાર. - નરસિંહ મહેતા

૮. વ્યક્તિપૂજા અને વંશપૂજાનો ત્યાગ કરી ગુણપુજા કરવી, ગુણો વિનાની વ્યક્તિઅને ગુણોવિનાનો વંશ પૂજવાથી પ્રજાનું પતન થાય છે. - સ્વામી સચ્ચિદાનંદ

૯. આપણે રોજબરોજના જીવનમાં વામણાં મનુષ્યોનો અભિનય કરતાં રહીને મહાન હૃદય ધરાવતા માનવ બની ન શકીએ. - અજ્ઞાત

૧૦. બાયલાઓ મૃત્યુ પહેલાં કેટલીકવાર મૃત્યુ પામે છે. - સુભાષચંદ્ર

૧૧. જીવનના ત્રણ પાયા જ્ઞાન, ભક્તિ અને કર્મ. એ ત્રણેયનું મહત્વ સરખું છે. - શ્રીજી

૧૨. જે ઉપદેશ લેવાનું પસંદ નથી કરતા તે સહાયતા મેળવવા પણ હક્કદાર નથી. - ફ્રેંકલિન

૧૩. મોટી મોટી વાતો કર્યે જો મોટા થઈ જવાતું હોય તો આપણું આ જગત ક્યારનું મહાપુરુષોનું મંગલધામ બની ગયું હોત. - શ્રીજી

૧૪. માણસ જન્મે ત્યારે તેનું લગ્ન પણ નક્કી થઈ જાય છે, મરણ સાથે પણ આમ કહેનારાનો સંકેત મરણની સુંદરતા તરફ હશે કે લગ્નની ભયાનકતા તરફ? - મોરારીબાપુ

૧૫. પતિ-પત્ની, મા-બાપ, ભાઈ-ભાઈ, ભાઈ-બહેન, બહેન-બહેન, દીકરી આ બધા સંબંધો લેણા-દેણાની ઋણાનુબંધની વાત છે એને લઈને ઊભા થતાં સુખ-દુઃખ તો ભોગવ્યે જ છૂટકો. - દેવધર ભટ્ટ

૧૬. માણસે પોતાની સમગ્ર અને દરેક જાતની પ્રત્યેક ક્ષણ સંપૂર્ણ છલોછલ જીવવી એટલે જીવન. - રાહુલ

૧૭. જીવનની સુંદરતાને ભોગવતાં સતત ઊંચે ચઢો, મહાનતા આપોઆપ તમારા તહેનાતમાં આવી જશે. - અજ્ઞાત

૧૮. મારું જીવન અંજલી થજો, સંતની કાંટાળી કેડી પર પુષ્પ બની પથરાજો, ઝેર જગતના જીરવી અમૃત ઉરનાં થાજો? - કરશનદાસ માણેક

૧૯. જીવન એક યાત્રા છે, પંથ મળે તો જલ્દી પૂર્ણ થઈ જાય છે, પંથ ન મળ્યો તો છેવટ સુધી ભટકતા રહેવું પડે.



૨૦. જીંદગીનું પહેલું કપડું તે ઝભલું અને છેલ્લું કફન બન્નેમાં ખીસું હોતું નથી. વચ્ચગાળામાં ખીસ્સા અને તેના માટે આટલો કકળાટ? - ઘનશ્યામ ઓઝા

૨૧. કેટલીક ઘટનાઓ જીવનમાં એવી પણ બને છે કે જે ક્ષણે એ બનતી હોય તે જાણે પોતાનો પૂર્ણ અર્થ ઉજાગર ન પણ કરતી હોય, છતાં હૃદય પર અમીર છાપ છોડી જતી હોય.

૨૨. જરા જ જુદી રીતે જીવવાથી ભીડ, ઘોંઘાંટ, અને માથા કુટેવથી આબાદ રીતે બચી જવાય છે. - વિનોબા ભાવે

૨૩. મારુ કામ મધમાખીનું છે, ચટકાભરી પ્રસાદીને જાગૃત કરવી, દંભને ઉઘાડો પાડવો, અજ્ઞાની હોય પણ જ્ઞાની હોવાનો દાવો કરે તેની ઊલટ તપાસ કરી તેના અજ્ઞાનનું ભાન કરાવવું. ન્યાય, નીતિ અને સદાચારને નેવે મૂકી, પૈસો, કીર્તિ કે સત્તા પાછળ પડ્યા હોય તેમને કહેવું કે તમે સાચી વસ્તુ અને આભાનું જતન કરવાનું છોડી, ખોટી વસ્તુ પાછળ પડ્યા છો. મારું આ જીવનકાર્ય છે, ઈશ્વરે સોંપેલું છે. - સોક્રેટિસ

૨૪. એક તસુ જેવડું નાક સાચવવું માનવી માટે ભારે છે. - જાપાની કહેવત

૨૫. જીવનમાં પોતાની સમજણ મુજબ નક્કી કરેલા આદર્શોને

પૂરા કરવા, તેમાં દિન-રાત ખૂંપી જઈને કોઈપણ પ્રકારની બાંધછોડ ન કરવી એ આગવી પ્રતિભાનો પૂરાવો છે. - પરમાણંદ ગાધી

૨૬. જીવન એ તો કેળવીને માણવા જેવું છે.

૨૭. જીવન હિંસાનો ત્યાગ, પારકાનું ધન હરવું નહીં, સાચું બોલવું, યથા સમયે શક્તિ મુજબ દાન કરવું, પરસ્ત્રીઓ વિશે થતી વાતો વખતે મૌન રહેવું, તૃષ્ણાનું મૂળ છેદી નાખવું, ગુરૂઓ પ્રતિ વિનય આચરવા, સર્વ પ્રાણીઓ પ્રતિ દયા રાખવી, સર્વ શસ્ત્રોમાં આ પવિત્ર વિધિનો ઉપદેશ છે. - નરસિંહ મહેતા

૨૮. મારી-તમારી બેદરકારી અને મનની નબળાઈને કારણે જ સમાજની આ હાલત થઈ છે, જેનો ભોગ બીજા કોઈ નહીં, મારા - તમારાં સંતાનો જ બની રહ્યાં છે.

૨૯. લોકોનાં જીવન ચૂથી ચૂથી નવું મેળવવાની આશા રાખ્યા કરવી એ વ્યર્થ છે. - કૂલ જ્યોતિષ

૩૦. જીવન એ ફરજ છે. હિંમતપૂર્વક તેનું પાલન કરો. જીવન એક બોજો છે તેને ઉઠાવી લો. જીવન એક ખજાનો છે, તેમાં સહયોગી બની રહો. - જે. પી. વાસ્વાની



૩૧. જીવન બહુ જ અમુલ્ય છે, તેને ગમે તેમ વેડફશો નહીં.

૩૨. લોકો પાસે જાઓ, તેમની સાથે રહો, તેમની પાસે શીખો, તેઓ શું જાણે છે, ત્યાંથી શરૂ કરો, તેમની પાસે જે છે તેના પર ચણતર કરો. - અજ્ઞાત

૩૩. સામાન્ય માણસ માટે જીવન જીવવું અને છતાં દુનિયામાં વિમુક્ત રહેવું તે ઘણું મુશ્કેલ છે, માટે જ તેણે પ્રયત્ન કરવો જોઈએ અને સિદ્ધિ પ્રાપ્ત કરવી જોઈએ. - શ્રી અરવિંદ

૩૪. પાણીમાં ડૂબકી મારે તો પાણીનો ભાર ન લાગે પણ માથે ઘડો ઉપાડીએ તો ભાર લાગે. માટે વ્યવહારની ચિંતા ભગવાનને માથે નાખી દેવી. - શ્રી યોગીજી મહારાજ

૩૫. પશ્ચાતાપ વિહોણો ભૂલ સ્વીકાર, શ્રદ્ધા વિહોણો મિત્ર અને આસ્થા વિહોણી પ્રાર્થના એ ત્રણેય નકામાં. - ઈટાલિયન કહેવત

૩૬. પરાધિન મનુષ્યનું જીવન અને મૃત્યુ એમાં કંઈ ફેર નથી. - અરીપ્ત

૩૭. જિંદગી એક એવી હોસ્પિટલ છે જેમાં દરેક દર્દી પોતાનો ખાટલો બદલવા તલપાપડ રહે છે. - મોદી

૩૮. બીજાઓની મુક્તિ, બીજાઓનું જીવન-સાર્થક્ય એ પણ

આપણી પોતાની મુક્તિ જેટલો જ આપણો પોતાનો ચિંતાનો વિષય છે. એ આપણો દૈવી સ્વાર્થ છે. એમ ન હોય તો બીજાઓ સાથેની આપણી એકાત્મતાનો કંઈ અર્થ નથી. - શ્રી અરવિંદ

૩૯. જીવનમાં જે વર્ષો મળ્યાં તેમાં શું ઉમેર્યું એ નક્કી કરવામાં જ આપણે ગોથું ખાઈ જઈએ છીએ. કોઈ કીર્તિ ઉમેરતાં રહે છે, કોઈ ધન ઉમેરતા રહે છે, કોઈ જ્ઞાન ઉમેરતા રહે છે, કોઈ વર્ષો સિવાય કંઈ ઉમેરતા નથી, બહુ ઓછા માણસો વર્ષોમાં જીવન ઉમેરે છે. - ગુણવંત શાહ

૪૦. કોરા કાગળ જેવા અસ્તિત્વમય થવાનું સહેલું નથી, કારણ કે જીવનમાં કોરા રહેવાનું સહેલું નથી. - ગુણવંત શાહ

૪૧. સફળતાના રસ્તા પર હંમેશા જોવા મળતું એક સાઈન બોર્ડ "કામ ચાલું છે." - મહંત

૪૨. ઘણાં માણસોને મહત્તાનું કારણ તે મની પ્રચંડ મુશ્કેલીઓ હોય છે. - ઈમર્સન

૪૩. સુવર્ણ કસોટી અગ્નિમાં થાય છે અને માણસની કસોટી સંકટના સમયે થાય છે. - સિરાય

૪૪. મનુષ્યને આંતરિક અને બાહ્ય વિઘ્નો જેમ અધિક સહન



કરવાં પડે તેમ તેનું જીવન અધિક મહત્ત્વનું અને વિશેષ પ્રોત્સાહક બને છે. - હોરોશ બુશનેલ

૪૫. હાલની જિંદગીનાં કાર્યો, વિચારો અને ઈચ્છાઓ તેની ભવિષ્યની જિંદગીનો નિર્ણય કરે છે. - જે.વી.સી.

૪૭. નાની વસ્તુઓ પણ કામ આવે, ઘાસની દોરીથી જ હાથી બાંધી શકાય. - રત્નપુરી

૪૮. જીવનમાં કશો જ સંઘર્ષ ન હોવો એ કંઈ મનુષ્યજીવન નથી. - દેવદત

૪૯. કેળવણીને પરિણામે અનેક જાતની આવડત માણસ ખૂબ કેળવે પણ જોખમ વગર જીવવાની આવડત હરગીઝ ન કેળવે, કેમ કે જોખમ એ જ જીવનનું રહસ્ય છે અને જોખમ સામે લડવું એમાં જ જીવનની વીરતા રહેલી છે. - કાકા કાલેલકર

૫૦. મુશ્કેલીનો સામનો કરવો તેનું નામ જીંદગી. - સરદાર પટેલ

૫૧. જીવનને વર્ષોથી નહીં કર્મોથી મપાય. - રજનીશજી

૫૨. જીવનમાં જે પરિસ્થિતિ આવે છે તે કદી કાયમ રહેતી નથી. - નારાયણ દત્ત

૫૩. તનાવમુક્ત જીવન માટે કોઈ જાદુઈ ફોર્મ્યુલા નથી પરંતુ તનાવને ન્યુનતમ કરવા માટેની સરળ પદ્ધતિઓ જરૂર છે. - આતમજી વૈદ્ય

૫૪. આરંભમાં જે સચેત હોય છે, તે જ અંતે જીવે છે. - શ્રી મા શારદાદેવી

૫૫. જેમ દિવાળીએ વિત્તનો હિસાબ કરીએ છીએ તેમ વર્ષગાંઠે જીવનનો હિસાબ કાઢવો જોઈએ. - શ્રીજી

૫૬. જિંદગી એ આપણો ઈશ્વર સાથેનો નક્કી કરેલો એક કરાર છે, ને પૂરો થતાં જીવનનું કામ બંધ થાય તે સ્વાભાવિક ઘટના સ્વીકારીએ. - અજ્ઞાત

૫૭. આત્મવિશ્વાસ, આત્મજ્ઞાન અને સંયમ આ ત્રણ વસ્તુઓ જ જીવનને પરમશક્તિ સંપન્ન બનાવે છે.

૫૮. વ્યક્તિગત આગ્રહો છોડી સમૂહમાં સ્વસ્થપણે જીવતાં થઈએ એટલે જીવવાનો આનંદ પ્રાપ્ત થાય.

૫૯. માણસ આસમાનમાં ઉડતાં શીખ્યો, પાણી પર તરતાં શીખ્યો પણ ધરતી પર શાંતિથી કેમ જીવવું એ હજુ શીખ્યો નથી.

૬૦. કોઈપણ રીતે જીવતા રહેવું એ જ મહત્ત્વનું જીવન નથી. - શરદબાબુ



૬૧. પહેલું સુખ તે જાતે નર્યા, છેલ્લું સુખ તે શાંત જીવે મર્યા. જીવનમાં નીરસતા આવવા ન દો, નીરસ જીવન ભાર બની જાય છે. - રણછોડદાસજી મહારાજ

૬૨. અનંત દુઃખો વચ્ચે પણ જીવન સૌંદર્ય ભરપૂર હોય છે.

૬૩. જીવનમાં ત્રણ પગથિયાં છે : તણાવું, તારવું અને તરવું. - પૂજ્ય મોરારિબાપુ

૬૪. શરીરની ઉંમરનો વિચાર કર્યા વગર સતત પ્રવૃત્તિ કરનાર અને જીવનને પૂર્ણ બનાવવા માટે સતત પ્રયાસ કરનારને માટે હંમેશા યુવાની જ હોય છે. - શ્રી માતાજી

૬૫. માણસે શેની સાથે જીવવું એ એક અલગ વાત છે અને શેના માટે જીવવું એ એક અલગ છે. - વિજયરત્ન સુંદરસૂરિજી

૬૬. ખોરાક વિના ન જીવી શકાય એનો અર્થ એવો નથી ખોરાક માટે જ જીવવું. - વિજયરત્ન સુંદરસૂરિજી

૬૭. આ પૃથ્વી પર શ્વાસ લેતાં માનવીઓની સંખ્યા અબજોની છે, પણ આંગળીને વેઢે ગણી શકાય એવા વીરલાઓ જ જીવનનો વેપાર ભરપૂર નફાથી કરે છે. - ડૉ. ચંદ્રકાંત મહેતા

૬૮. ખરા બનો પરંતુ ખારા નહીં. ધીર બને પરંતુ ધીરા નહીં.

૬૯. મોટાભાગે માણસો પોતાના જીવન વિશે જાગ્રુત હોતા નથી. જાણ વગર જ કાર્ય કરતા રહે છે અને એમ જ એમનું જીવન પૂરું થઈ જતું હોય છે. - શ્રી માતાજી

૭૦. ઉઠો અને આળસને ખંખેરી નાખો. જિંદગીની પળોને આ રીતે બરબાદ ન કરો. કબરમાં ઊંઘવા માટે પછી ઘણો સમય મળી રહેશે. - બેન્ઝામિન ફ્રેંકલીન

૭૧. જિંદગી એ કુદરત તરફથી મળેલી લોન છે, એને ઉપયોગ સારો કરો અને વ્યાજ સાથે પાછી વાળો. - ડો. ગોનેજ

૭૨. કુદરતે સર્જેલ સજીવ સૃષ્ટિમાં સૌથી બુદ્ધિશાળી ગણાતા માનવને વિકસવામાં તમામ સજીવો કરતાં લાંબા સમય સુધી સાચા સથવારાની જરૂર પડે છે. - અજ્ઞાત

૭૩. સારી અને સાચી બાબતોથી જીવનનો સતત અજવાળતા રહેવું એટલે મૂલ્ય. - અજ્ઞાત

૭૪. ખમીર અને ખુમારી, જોમ અને જુસ્સા વગરનું જીવન, જીવન જ નથી. - ઝવેરચંદ મેઘાણી

૭૫. ઘડતર, ભણતર અને જડતર વિના જીવનની ઈમારતનું ચણતર અધૂરું. - રાજા રામ



૭૬. જ્યાં સુધી રોજિંદી ઘટમાળમાં વ્યસ્ત છીએ. જીવનના મૂળભૂત પ્રશ્નો તરફ જવાનું બનતું નથી. - બાર્બરા હેન્સન

૭૭. જ્યાં સુધી જીવો છો ત્યાં સુધી કઈ રીતે જીવવું એ શીખતા રહો. - જીવણ

૭૮. જે અનુભવતા હોઈએ તે કહેતા અને જે કહેતા હોઈએ તે અનુભવતાં શીખીએ, જિંદગીને સંવાદપૂર્ણ બનાવીએ.

૭૯. જિંદગી મૃત્યુ વડે ખતમ થતી નથી, જિંદગી એ હજારો ક્ષણોમાં ને દિવસોમાં થઈ વહી જાય છે, જે બેદરકારીમાં બરબાદ થાય છે. - સ્ટીફન વિન્સેન્ટ બેનેટ

૮૦. આપણે કેવું અને શાના માટે જીવીએ છીએ જેવા વિચારોથી સ્વની મુલાકાતની આવી ક્ષણો દિવસભર ચાલતી ધમાલની વચ્ચે પણ જો શોધીએ તો જરૂર મળી જાય છે. - બાર્બરા હેન્સન

૮૧. આપણી પસંદગીઓ અને વર્તૂણૂંકો આપણા વ્યક્તિત્વને આકાર આપે છે અને ભીતરના સામાર્થ્યનું ઘડતર કરે છે, જે જિંદગીના અનેક ચઢાવ-ઉતાર દરમ્યાન ટકી રહે છે, "આપણી પાસે શું છે." એને બદલે , "આપણે શું છીએ" ના પર ધ્યાન કેન્દ્રિત કરવાથી આપણા જીવનને અર્થ સાંપડે છે. - બાર્બરા હેન્સન

૮૨. જીવનની યાત્રામાં એક એવો મુકામ અવશ્ય આવે છે જ્યારે બાહ્ય વિશ્વ, અન્ય વ્યક્તિઓ અને પોતાની જાત, બધાને માટે યોગ્ય પરિપ્રેક્ષ્ય આપણને મળી જાય છે. - ડેગ હેમાર્કસ્કજોલ્ડ

૮૩. પ્રત્યેક્ષ ક્ષણમાં જીવવું. - અજ્ઞાત

૮૪. દરેકે પોતાના જીવનને પોતાના હાથમાં લઈ આંતરિક સમૃદ્ધિ વધારવાની કોશિશ કરવી જોઈએ. - બાર્બરા હેન્સન

૮૫. માણસ સાથે માણસ થઈને જીવવું એ જ સાચી માણસાઈ છે.

૮૬. જીવનમાં ઘણા અકસ્માતો બને છે, તેમાંથી મોટા ભાગના આપણા નિયંત્રણમાં નથી હોતા. - બાર્બરા હેન્સન

૮૭. પોતાની જિંદગીની જવાબદારી પોતે ઉઠાવવાથી આંતરિક શક્તિ વધે છે. મનોબળ, ધૈર્ય અને વિશ્વસનીયતા વધે છે. - બાર્બરા હેન્સન

૮૮. મુશ્કેલીઓની પરંપરાના દરેક વળાંકે જે પોતાનું જીવન સાચવી લે છે તે જ સાચું જીવન.

૮૯. પ્રીતિવચન જેવું બીજું વશીકરણ નથી, કળા કૌશલ જેવું



બીજું ધન નથી. અહિંસા જેવો બીજો કોઈ ધર્મ નથી. - મહાભારત

૯૦. મનુષ્યને મળેલો અવતાર એ ઈશ્વરીય જીવન અણમોલ છે, તેને મુશ્કેલીમાં મૂકવાની જરૂર નથી.

૯૧. સાદું અને સાચું જીવનરૂપી પુષ્પ અને મન, જીવનબાગને હંમેશા સુવાસિત રાખો.

૯૨. વીતી ગયેલી વાતો ભૂલી જવી, તેમાંથી બોધપાઠ લઈ આગળના જીવન માટે સાવધાન રહેવું.

૯૩. પોતાના વિકાસમાં વધારે ધ્યાન અને સમય આપવો જેથી બીજાની નિંદા કરવાનો સમય ન રહે.

૯૪. મનુષ્યની કરુણતા તો જુઓ : તો રડતો જન્મે છે, ફરીયાદો કરતો જીવે છે અને નિરાશ થઈને મરે છે.

૯૫. પ્રવાસમાં મૃત્યુ સાથે રહે તો તે પ્રસાદ, ઘરમાં ઈશ્વર સાથે વસે તો તે મંદિર કહેવાય અને જો પથ્થરમાં પરમાત્માની યાદ સમાય તો તેને શાલિગ્રામ કહેવાય. - જીવણ

૯૬. માતા-પિતાએ અને  શિક્ષકોએ બાળકોની નાની ઉંમરથી જ પ્રલોભન, શિક્ષા કે લાલચમ નહીં ગોરવ વધે તે પ્રકારે પણ નહીં પરંતુ આત્મગૌરવ આપી શકે તે કામો કરવાનું

અને તે પ્રકારે જીવનશૈલી અપનાવવા શીખ આપવા વાતાવરણ ઊભું કરવું જોઈએ. - બાર્બરા હેન્સન

૯૭. જીવન જેવું સામે આવે તેવું જીવતાં શીખો.- અજ્ઞાત

૯૮. એ જ તો જિંદગીનો એક મોટો કોયડો, ઝાડવાં દેખાય છે ત્યાં છાંયડો હોતો નથી. - રાજન

૯૯. ડાહ્યા માણસના કાન લાંબા, આંખો મોટી અને જીભ ટૂંકી હોય છે. - રશિયન કહેવત

૧૦૦.જીવનયાત્રામાં પુરુષ દિશા નક્કી કરે છે, અને સ્ત્રી એને શક્તિ આપે છે. બન્નેનું જીવન પરસ્પરની આધીનતામાં છે. - સ્વામી સચ્ચિદાનંદજી

૧૦૧.જીવન આપણને દરેક સ્તરે શીખવે છે. જે લોકો આ પૃથ્વી પર વસે છે તેઓ શિક્ષક અને વિદ્યાર્થી બન્ને છે, જેઓ પરસ્પર એકબીજા પાસેથી સતત શીખતા રહે છે.

૧૦૨.જીવનમાં આવતી ભારેમાં ભારે મુશ્કેલી કોઈક રસ્તો અવશ્ય સાથે લાવે છે. - વંદના બાજપેઈ

૧૦૩.માત્ર પરમ સંપત્તિમાં જ સાચી પ્રગતિ થઈ શકે, પૃથ્વી ઉપરનું જીવન એ પ્રગતિ માટેનું ક્ષેત્ર છે, પ્રત્યેક નવું પ્રભાત એક નવી પ્રગતિની શક્યતા લઈને આવે છે. પ્રગતિને



કોઈ અંત નથી. ક્યારેય નહીં આવે. પ્રત્યેક પતનને એક નવી પ્રગતિ માટેના ઉચ્ચાલનમાં ફેરવી શકાય છે. - શ્રીમાતાજી

૧૦૪.જીવનમાં જરૂર છે કેવળ પ્રેમ, સહૃદયતા, અને ધીરજની. - સ્વામી વિવેકાનંદ

૧૦૫.જીવન સાધના આખરે તો લય સાધના છે. - ગુણવંત શાહ

૧૦૬.લાંબા સુખી આયુષ્ય માટે શું શું ના કરવું તે જાણવું જરૂરી છે. ટૂંકા આયુષ્ય માટે નહિ. - રઘુનાથ પંડિત

૧૦૭.માણસ સાથે માણસ થઈને જીવવું એ જ સાચી માણસાઈ છે. - અજ્ઞાત

૧૦૮.જ્યાં સુધી જીવો છો ત્યાં સુધી કઈ રીતે જીવવું એ શીખતા રહો. - અજ્ઞાત

✯ ✻ ✯